પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૦૨-૨૦૨૫- ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૫૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

અમેરિકા પહોંચેલા વડાપ્રધાન મોદીનું ઉષ્માભેર સ્વાગત

મોદીએ સીઆઈએના વડા તુલસી ગેબાર્ડ સાથે વાતચીત કરી , મોદી-ટ્રમ્પે સાથેના દ્વિપક્ષીય મંત્રણા પર ભારતની નજર



વોશિંગ્ટન, તા. ૧૩

ભારત અને અમેરિકા વચ્ચેના આગામી સમયના સંબંધો માટે મહત્વના અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરીફ વોરમાંથી ભારતને બચાવવાના પ્રયાસો વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની બહું ઝડપથી નિશ્ચિત થયેલી અમેરિકા યાત્રાનો પ્રારંભ થયો છે.

વોશિંગ્ટનના ભારે હિમવર્ષા સાથે આકરા ઠંડા પવનના વાતાવરણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું ખાસ વિમાન પેરીસથી વોશિંગ્ટન પહોંચતા અહી અમેરિકાના વડા- ભારતીય રાજદૂત તથા અહી વસતા ભારતીયોએ શ્રી મોદીનું ગર્મજોશીથી ઉષ્માસભર સ્વાગત કર્યુ હતું.

શ્રી મોદી ખાસ હેલીકોપ્ટરથી વ્હાઈટ હાઉસ પહોંચ્યા અને તેઓને અહીના બ્લેર હાઉસમાં ઉતારો અપાયો છે. અમેરિકામાં સતા સંભાળ્યા બાદ તેમને મળનારા શ્રી મોદી ચોથા રાષ્ટ્રવડા બની ગયા છે.

બે દિવસની અમેરિકા મુલાકાતમાં પ્રથમ તબકકામાં મોદીએ આજે અમેરિકાના નવા યુએસ ઈન્ટેલીજન્સ ડિરેકટર- ગુપ્તચર વડા- તુલસી ગેબાર્ડ સાથે મુલાકાત કરી હતી. શ્રી મોદીએ તુલસી ગેબાર્ડને તેમની નિયુક્તિ પર અભિનંદન આપ્યા હતા.

શ્રી મોદીનો અમેરિકાનો આ ૪૮ કલાકનો પ્રવાસ અત્યંત વ્યસ્ત છે અને ખાસ કરીને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ડીનર- વન-ટુ-વન બેઠક અને પ્રતિનિધિમંડળ સાથેની બેઠકોમાં અમેરિકાની નવી ટેરીફ નીતિ કેન્દ્ર સ્થાને રહેશે. આ ઉપરાંત ‘કવાડ’ બેઠક જે આ વર્ષના અંતે ભારતમાં યોજાનાર છે.

તેમાં ટ્રમ્પને આમંત્રણ અને ભારત-અમેરિકા વચ્ચેના સંરક્ષણ કરાર- ખાસ કરીને આધુનિક- સીકસ જનરેશન લડાયક વિમાનના ભારતમાં નિર્માણ તથા તેઓ એન્જીન સહિતની સપ્લાયમાં અમેરિકી સરકારે જે રીતે શેડયુલ થંભાવ્યુ છે તે ચર્ચા થશે. શ્રી મોદી ઉપરાંત વોશિંગ્ટનમાં અહીના વ્યાપાર-ઉદ્યોગ અને ટેક- કંપનીઓના વડાઓ પણ મળશે.

જો કે મોદીએ ફ્રાન્સ સાથે જે એઆઈ ભાગીદારી પ્લેટફોર્મ તૈયાર કર્યુ છે તે અમેરિકાએ ફગાવી દીધુ છે તે મુદે પણ ટ્રમ્પ હવે ભારત પર દબાણ વધારશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર મોદીનું પ્રતિનિધિમંડળ કુલ ૬ બેઠકોમાં હાજરી આપશે. મોદીની છેલ્લી મુલાકાત ગુરુવારે સાંજે ૪ વાગ્યે (ભારતીય સમય મુજબ શુક્રવારે સવારે ૨:૩૦ વાગ્યે) થશે. આ પછી મોદી અમેરિકી રાષ્ટ્રપતિ સાથે રાત્રિભોજન કરશે.

મોદી અને ટ્રમ્પ વ્હાઈટ હાઉસ ખાતે મીડિયા સાથે પણ વાતચીત કરી શકે છે. મોદીની અમેરિકા મુલાકાત એવા સમયે થઈ રહી છે જયારે શહેરમાં બરફવર્ષા અને કરા

અનુસંધાન પાના ૭ પર

કુંભ સ્નાન બાદ કેટલાક શ્રદ્ધાળુઓ વાયરલ ઈન્ફેકશનનો શિકાર બન્યા

મહાકુંભ મેળાની ભીડમાં સંક્રમણથી બચવા માસ્ક પહેરવું હિતાવહ

નવી દિલ્હી, તા. ૧૩

નવી દિલ્હી : કુંભસ્નાન બાદ કેટલાક લોકોને વાયરલ અને બેકટરીયલ ઈન્ફેકશન થઈ રહ્યું છે. અનેક દર્દીઓ કુંભ સ્નાન બાદ એટલા તો બીમાર પડી ગયા છે કે તેમને સારવાર માટે આઈસીયુ અને વેન્ટીલેટરમાં રાખવામાં આવ્યા છે.

જોકે આ સંખ્યા સીમિત છે તેમ છતાં ડોકટરોનું કહેવું છે કે જે લોકો બીમાર છે તેમણે કુંભમાં ન જવું જોઈએ. સામાન્ય લોકોએ પણ ભીડમાં સંક્રમણના ખતરાથી બચવા માટે માસ્ક પહેરવું જ જોઈએ.

લંગ્સ એકસપર્ટ ડો. સંદીપ નય્યરે જણાવ્યું છે કે, ૬૫ વર્ષની એક મહિલા કુંભ સ્નાન બાદ સારવાર માટે આવી હતી તેને ન્યુમોનિયા થઈ ગયો હતો અને આઈસીયુમાં રાખવા પડયા હતા. ડો. અક્ષય બુધ્ધરાજાએ જણાવ્યું હતું કે કુંભ સ્નાન બાદ અનેક દર્દીઓ ઈન્ફેકશનના શિકાર બની ગયા છે જેમાં બે વિદેશી દર્દીઓ છે.

મહાકુંભમાં પાંચમા સ્નાન પર્વ માઘ પૂર્ણિમાએ ત્રિવેણી સંગમમાં

અનુસંધાન પાના ૭ પર

પાકિસ્તાન દ્વારા કાશ્મીર સરહદ પર ગોળીબાર કરાયો

ભારતના વળતા પ્રહારમાં પાક.નો એક સૈનિક ઠાર

નવી દિલ્હી, તા. ૧૩

પાકિસ્તાની સરહદે વાસ્તવિક અંકુશ રેખા નજીક વિસ્ફોટમાં બે ભારતીય જવાનો શહીદ થયાના ઘટનાના તીવ્ર પ્રત્યાઘાતો વચ્ચે પાકિસ્તાની જવાનોએ ભારતીય સૈન્ય ચોકીઓ પર ગોળીબાર કરતા સનસનાટી મચી છે. બન્ને દેશો વચ્ચે ફરી તનાવ સર્જાવાની ભીતિ છે. ભારતીય સૈનિકોએ પણ વળતો જવાબ આપીને એક પાક જવાનને ઠાર કરી દીધો હતો.

જમ્મુ-કાશ્મીરના પૂંછના બાલાકોટ સેકટરમાં કરકુંડી અંકુશરેખા પર પાકિસ્તાની સૈન્ય દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ૧૨થી૧૫ મીનીટ સુધી પાકિસ્તાની સૈનિકોએ ભારતીય ચોકીઓ પર ગોળી વરસાવી હતી. આ તકે એલર્ટ ભારતીય જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો અને તેમાં એક પાકિસ્તાની સૈનિક ઠાર થયાના અહેવાલ છે.

પાક સૈન્ય દ્વારા ગોળીબાર ઉપરાંત સ્નાઈપર હુમલો પણ કરવામાં આવ્યો હતો. ભારતના વળતા પ્રહારમાં પાકિસ્તાનની અનેક ચોકીઓનો ખુરદો બોલી ગયો હતો. આ દરમ્યાન સૂરંગ ફાટતા એક જવાન ઘાયલ પણ થયો હતો.

ભારત-પાકિસ્તાન વચ્ચે

અનુસંધાન પાના ૭ પર

રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા ટ્રમ્પ-પુટીનની ટેલીફોનીક ચર્ચા

નજીકના સમયમાં યુદ્ધનો અંત આવવાનો ટ્રમ્પનો સંકેત

નવી દિલ્હી, તા. ૧૩

લગભગ ૩ વર્ષથી વધુ લાંબા સમયથી ચાલી રહેલા રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુટીન વચ્ચે ટેલીફોનીક વાતચીત બાદ હવે મહત્વની જાહેરાતની તૈયારી છે.

આ યુદ્ધના વિવાદના કેન્દ્રમાં રહેલા યુક્રેનના અમેરિકી વર્ચસ્વના ‘નાટો’ લશ્કરી સંગઠનમાં યુક્રેનનો સમાવેશ એ રશિયાને મંજુર નથી અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અમેરિકી નીતિમાં મોટો યુટર્ન લાવતા કહ્યુ હતું કે, યુક્રેનને ‘નોર્થ એટલાન્ટીક ટ્રીટી ઓર્ગેનાઈઝેશન’ (નાટો)થી યુક્રેનને બહાર રાખવાની જે રશિયાની માંગણી છે તે સ્વીકારવા અમેરિકા તૈયાર છે.

શ્રી ટ્રમ્પે કહ્યું કે, રશિયા લાંબા સમયથી કહી રહ્યું છે કે યુક્રેન ‘નાટો’માં હોવું જોઈએ નહી અને તે સાથે હું સંમત છું. આ અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન પ્રમુખ પુટીન સાથે લાંબી ટેલીફોન વાતચીત કરી હતી અને યુક્રેન યુદ્ધનો તાત્કાલીક અંત આવે તે માટે રશિયાને સંમત થવા અપીલ કરી હતી. ટ્રમ્પે બાદમાં યુક્રેનના પ્રેસીડેન્ટ વોલોડીયર ઝેલેસ્કી સાથે પણ ફોન પર વાતચીત કરી હતી. પ્રમુખ પદ સંભાળ્યા બાદ રશિયા-અમેરિકાના પ્રમુખ વચ્ચેની આ પ્રથમ સતાવાર ટેલીફોન વાતચીત માનવામાં આવે છે. ટ્રમ્પે ચુંટણી સમયે જ તેમાં આ યુદ્ધનો અંત લાવશે તેવી ખાતરી આપી હતી.

યુક્રેનના નાટો સાથે જોડાણ અંગે શ્રી ટ્રમ્પે કહ્યુ હતું કે, તે વ્યવહારીક રીતે પણ યોગ્ય નહી હોય તેમ હું વ્યક્તિગત માનું છું અને અમારા સંરક્ષણ મંત્રીએ પણ આજના

અનુસંધાન પાના ૭ પર

શેરબજારનું વલણ બદલાયું ધીમી ખરીદી નિકળતા તેજી

ફુગાવાનો દર ઘટી જતા ભારતીય બજારોમાં પોઝિટિવ ટ્રેડ

નવી દિલ્હી, તા. ૧૩

શેરબજાર આજે સુધારા તરફી ખૂલ્યા બાદ પોઝિટિવ ટ્રેન્ડમાં ટ્રેડ થઈ રહ્યા છે. જો કે, વોલેટિલિટીનો માહોલ પણ જોવા મળ્યો છે. સેન્સેક્સમાં ૧૦.૨૧ વાગ્યા સુધીમાં ૬૫૦ પોઈન્ટની ઉથલ-પાથલ બાદ ૧૦.૨૨ વાગ્યે ૩૪૪.૦૫ પોઈન્ટના ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ પેકમાં સામેલ ૩૦ પૈકી માત્ર ચાર શેર ઘટાડા તરફી જ્યારે અન્ય ૨૬ શેર સુધારા તરફી ટ્રેડ થઈ રહ્યા હતા.

નિફ્ટી ૫૦ ૧૨૦.૨૦ પોઈન્ટના ઉછાળે ૨૩૧૬૫.૪૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સ્થાનિક સ્તરે ફુગાવાના ડેટાના કારણે વ્યાજના દરો વધુ ઘટવાની શક્યતા સાથે રોકાણકારો હવે ધીમા ધોરણે ખરીદી વધારી રહ્યા છે. એનએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૨૬૪૦ શેર પૈકી ૧૮૮૭ સુધારા તરફી અને ૬૯૦ શેર ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા છે. જે માર્કેટ બ્રેડ્થ પોઝિટિવ દર્શાવે છે. સેન્સેક્સ પેકમાં ઈન્ફોસિસ (-૦.૫૦ ટકા), એચડીએફસી બેન્ક (૦.૩૭ ટકા), ટીસીએસ (૦.૨૬ ટકા), અને એસબીઆઈ (૦.૨૪ ટકા) ઘટાડે ટ્રેડ થઈ રહ્યા હતા.

અનુસંધાન પાના ૭ પર

રાજયસભામાં વકફ બિલ પરનો જેપીસી રિપોર્ટ રજ થતા જ હંગામો

લોકસભામાં પણ ધમાલ થતા કાર્યવાહી મોકુફ

નવી દિલ્હી, તા. ૧૩

આજે સંસદના બજેટ સત્રના પહેલા તબક્કાનો છેલ્લો દિવસ છે. સવારે ૧૧ વાગ્યે કાર્યવાહી શરૂ થતાં જ બંને ગૃહોમાં હોબાળો મચી ગયો. રાજયસભામાં વક્ફ બિલ પર JPC રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો. બીજી તરફ, લોકસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

ھیہ پردیش وقف
WAQF BOARD

JPCએ ૩૦ જાન્યુઆરીએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને ડ્રાફ્ટ રિપોર્ટ સુપરત કર્યો હતો. આ રિપોર્ટ ૬૫૫ પાનાનો છે. ૧૬ સભ્યોએ તેના પક્ષમાં મતદાન કર્યું. જ્યારે ૧૧ સભ્યોએ વિરોધ કર્યો. સમિતિમાં સામેલ વિપક્ષી સાંસદોએ આ બિલનો વિરોધ કર્યો હતો.

૨૨ ઓગસ્ટના રોજ JPCની રચના થઈ પહેલી બેઠક ૨૨ ઓગસ્ટના રોજ યોજાઈ હતી. સંસદીય બાબતો અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ ૮ ઓગસ્ટના રોજ લોકસભામાં વક્ફ બિલ ૨૦૨૪ રજૂ કર્યું હતું. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી સહિત વિપક્ષી પાર્ટીઓએ આ બિલનો વિરોધ કર્યો હતો અને તેને મુસ્લિમ વિરોધી ગણાવ્યું હતું.

વિપક્ષના વાંધા અને ભારે વિરોધ વચ્ચે, આ બિલ લોકસભામાં કોઈ પણ ચર્ચા વિના JPCને મોકલવામાં આવ્યું. વક્ફ બિલ સુધારા પર ૩૧ સભ્યોની JPC ની પહેલી બેઠક ૨૨ ઓગસ્ટના રોજ યોજાઈ હતી. બિલમાં ૪૪ સુધારાઓ

અનુસંધાન પાના ૭ પર

કાનપુરમાં ગુટખાના વેપારી પર ઈન્કમ ટેક્સ વિભાગના દરોડા

દરોડા પડતા વેપારીની તબિયત લથડતા હોસ્પિટલમાં દાખલ કરાયા

કાનપુર, તા. ૧૩

આવકવેરા વિભાગે કાનપુરથી બરેલી સુધી આવકવેરા વિભાગે દરોડા પાડયા હતા. એક પાન મસાલાના વેપારીના ઘર, ગોડાઉન અને ભાઈના ઘરે દરોડા પાડયા હતા. આ દરોડાથી વેપારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. દરોડાના કારણે વેપારીની તબીયત બગડી જવાથી તેમને સારવાર માટે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

આ મોટી કાર્યવાહીથી સ્થાનિક અધિકારીઓને કોઈ જાણ નહોતી. મોડી રાત સુધી દરોડા કાર્યવાહી ચાલુ હતી. લખનૌ અને દિલ્હીમાં પણ કાર્યવાહીઃ સવારે લગભગ ૬ વાગ્યે રાજેન્દ્રનગર સ્થિત પાનમસાલાના વેપારી અમીત ભારદ્વાજના ઘરે લખનૌ અને દિલ્હીથી પહોંચેલી આવકવેરા વિભાગની સંયુક્ત ટીમે દરોડો પાડયો હતો.

અધિકારીઓએ ઘરની બહાર ગેટ પર પહોંચવા અનેકવાર બેલ વગાડી પણ વેપારીએ તાળુ ન ખોલતા અધિકારીઓએ ગેટનું તાળુ તોડી નાખ્યુ હતું. જાણવા મળતી વિગત મુજબ વેપારી દ્વારા એક જ વાહનની બિલ્ટીથી અનેક ગાડીઓનો માલ કાનપુરની કંપનીને

અનુસંધાન પાના ૭ પર

કેલિફોર્નિયા ખરીદી લેવા નાના દેશ ડેન્માર્કે ટ્રમ્પની ઠેકડી ઉડાવી

ડેન્માગર્કમાં ‘ચાલો ટ્રમ્પ પાસેથી કેલિફોર્નિયા ખરીદી લઈએ’ ઝુંબેશ

ડેન્માર્ક, તા. ૧૩

ગત મહિને અમેરિકાના પ્રમુખ પદ પર પાછા ફર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે કેનેડાને ૫૧મું અમેરિકન રાજય બનાવવાની વાત કરી, પનામા કેનાલને પોતાના કબજામાં લેવાનું સૂચન કર્યું, ગાઝા પર અમેરિકાના નિયંત્રણની યોજના બનાવી અને ગ્રીનલેન્ડને ખરીદવાનો પ્રયાસ કર્યો.

તેમના આ નિર્ણયોનો ઘણો વિરોધ પણ થયો. કેનેડા અને ચીને પણ ટ્રમ્પના આ નિર્ણયનો વિરોધ કર્યો હતો. પરંતુ હવે આ વચ્ચે ૬૦ લાખની વસતી ધરાવતો દેશ ડેન્માર્કે ટ્રમ્પની ઠેકડી ઉડાડી છે. ગ્રીનલેન્ડ ખરીદવાની ટ્રમ્પની ધમકી વચ્ચે ડેનમાર્કે અમેરિકાના રાજય કેલિફોર્નિયાને ખરીદવાની ધમકી આપી છે.

ડેન્માર્કના ૨ લાખથી વધુ નાગરિકોએ એક અરજી પર હસ્તાક્ષર કર્યા છે. જેમાં તેમણે અમેરિકા પાસેથી કેલિફોર્નિયા ખરીદવાની વાત કરી છે. આ અરજીમાં લખ્યું છે કે, 'શું તમે ક્યારેય કોઈ નકશાને જોઈને વિચાર્યું છે, તમને ખબર છે, ડેનમાર્કને વધુ સૂર્યપ્રકાશ, પામ વૃક્ષો અને રોલર સ્કેટની જરૂર છે.

આપણી પાસે આ સ્વપ્નને સાકાર કરવાની એક તક છે. ચાલો આપણે ડોનાલ્ડ ટ્રમ્પ પાસેથી કેલિફોર્નિયા ખરીદીએ!' આ અરજીની વેબસાઈટ ઉપર એક નારો લખ્યો છે- 'Make Califronia Great again'. આ નારો ટ્રમ્પ પર એક કટાક્ષ છે. કારણ કે, તેઓ પોતાના પ્રચારમાં 'મેક અમેરિકા ગ્રેટ અગેઈન'નો દાવો કરતા રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

અમદાવાદ એરપોર્ટ પર બોમ્બની ધમકી કેસમાં કર્મચારીની સંડોવણી

એરપોર્ટ પર બોમ્બની ધમકી મામલેતપાસમાં પોલીસને મળી મહત્વની કડી

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જિદાહથી આવેલી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટમાં બોમ્બ હોવાની એક ચિઠ્ઠી મળી આવી હતી. ત્યારે આ ઘટનાની તપાસ કરી રહેલી ક્રાઈમબ્રાંચને મહત્ત્વની સફળતા મળી છે.

જેમાં આ કેસ પહેલા અગાઉ પણ ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ધમકી આપતી ચિઠ્ઠી મળી આવી હતી. આ બંને ચિઠ્ઠીનું લખાણ સરખા હતા અને એક જ વ્યક્તિ દ્વારા જ લખાયેલા હતા. જેના આધારે એક શંકમદ કર્મચારીની અટકાયત કરીને ક્રાઈમબ્રાંચે વધુ પૂછપરછ કરી છે. અમદાવાદના આતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સોમવારે (૧૦મી ફેબ્રુઆરી) સવાર સાડા નવ વાગે જિદાહથી ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ આવી હતી. ટર્મિનલ નંબર બે પરથી પેસેન્જરોને ઓફલોડ કર્યા બાદ સિક્યોરીટી ચેકિંગના સ્ટાફ દ્વારા ફ્લાઈટમાં તપાસમાં કરવામાં આવી રહી હતી.

અનુસંધાન પાના ૭ પર

દિલ્હી સરકારની શપથ વિધિ બાદ ભાજપ સંગઠનની નવ રચના થશે

ભાજપના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ફેબ્રુઆરી માસના અંતે ઘોષણા કરશે

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હી વિધાનસભા ચુંટણીમાં ભાજપના ભવ્ય વિજય બાદ હવે લાંબા સમયથી અટકેલી ભાજપની રાષ્ટ્રીયથી રાજય સ્તરની સંગઠન નવરચનાની પ્રક્રિયા શરૂ થઈ છે અને એક વખત દિલ્હીના મુખ્યમંત્રી પદે ચહેરો નિશ્ચિત થયા બાદ અને ભવ્ય શપથવિધિ બાદ પક્ષ નવા સંગઠનની જાહેરાત કરશે.

તેમાં હવે બીજી કેડરને આગળ કરાશે. ભાજપના સૂત્રો કહે છે કે, સતાના એક દશકા બાદ જે રીતે સંગઠન પર પણ સતાનો પ્રભાવ છે તે લાંબા ગાળે ભાજપની સ્થિતિ કોંગ્રેસ જેવી કરે નહી તે ખાસ ચિંતા કરવામાં આવી રહી છે.

તેથીજ સંગઠનમાં નવા છતા પ્રભાવશાળી ચહેરા લાવવામાં આવશે જેથી તે સતાની ‘બી’ ટીમ બની રહે નહી તે જોવામાં આવશે. હાલ સંગઠન પર મોદી-શાહની જોડીનું વર્ચસ્વ છે અને વિનિંગ ફોર્મ્યુલા પણ છે પણ હવે પક્ષ સંગઠનની ભૂમિકા વધારવા માંગે છે જે સતા અંગેના પણ મહત્વના નિર્ણયો લઈ શકે.

આ હેતુથીજ નવા પ્રમુખની પસંદગીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભૂમિકા મહત્વની હશે. ભાજપના નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીનું કાઉન્ટડાઉન ફેબ્રુઆરીના મધ્ય બાદ શરૂ થઈ જશે અને આ માસના અંત સુધીમાં તેની જાહેરાત થશે. માર્ચ માસમાં આરએસએસની પ્રતિનિધિ સભાની બેઠક બેંગ્લોરમાં યોજાવાની છે અને તે પુર્વે ભાજપની સંગઠન નવરચના પુર્ણ થઈ જશે તે નિશ્ચિત કરાશે.

ત્યાં સુધીમાં દેશના ૫૦%થી વધુ રાજયોમાં ભાજપે નવા પ્રદેશ પ્રમુખ

અનુસંધાન પાના ૭ પર

સુરત જિલ્લા પંચાયત દ્વારા વેરા વસુલાત માટે વિશેષ ઝુંબેશ શરૂ

નાયબ પશુપાલન નિયામક ડો.મયુર ભીમાણીને ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશંસાપત્ર એનાયત

સુરત, તા.૧૩

પંચાયત વેરાની વસુલાત ગામના વિકાસ માટે મહત્વપૂર્ણ છે, અને તેમાંથી પ્રાપ્ત થતું ભંડોળ ગામોના આધુનિક વિકાસ માટે ઉપયોગી બને છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે હવે માત્ર દોઢ માસનો સમયગાળો બાકી છે, તેથી સુરત જિલ્લામાં પંચાયત વેરાની વસુલાત વધારવા માટે વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે, જેથી પંચાયતોની આવકમાં વધારો થાય અને ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, ગટર અને અન્ય પાયાની સુવિધાઓના વિકાસ માટે પૂરતું ભંડોળ ઉપલબ્ધ થાય.

વેરા વસુલાતની કામગીરીના સંચાલન અને દેખરેખ માટે જિલ્લા કક્ષાએથી વર્ગ-૧ અને વર્ગ-૨ કક્ષાના અધિકારીઓની નિમણૂક કરાઈ છે. આ અધિકારીઓ ગામોની મુલાકાત લઈ, ગ્રામ પંચાયતની ટીમ સાથે બેઠક યોજી વસુલાતની સમીક્ષા કરશે અને બાકીદારોને વેરા ભરવા અંગે જરૂરી કાર્યવાહી કરાવશે. આ ઝુંબેશ અંતર્ગત જિલ્લા પંચાયત ખાતે શાખાધિકારી અને તાલુકા વિકાસ અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.જેમાં વિવિધ યોજનાઓની કામગીરી અને અન્ય વહીવટી બાબતોની સમીક્ષા કરવામાં આવી. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતિ શિવાની ગોયલના હસ્તે નાયબ પશુપાલન નિયામક ડો.મયુર ભીમાણીને ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રશંસાપત્ર આપવામાં આવ્યું. વેરા વસુલાતની કામગીરીના નિરીક્ષણ માટે નિમાયેલા અધિકારીઓને પંચાયત વેરા વસુલાત વધારવા માટે માર્ગદર્શન અપાયું હતું. વેરા વસુલાતની અસરકારકતા વધારવા માટે તલાટીઓ માટે આયોજિત

અનુસંધાન પાના ૭ પર

તા.૧૬મીએ ઉમરપાડા તાલુકા પંચાયત પેટા ચૂંટણી અંગે મતદાન

૩,૮૮૪ મતદારો પોતાના મદાધિકારનો ઉપયોગ કરશે

સુરત, તા.૧૩

ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ-ગાંધીનગર દ્વારા પેટા ચૂંટણીના કાર્યક્રમ અનુસાર સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકા પંચાયત મતદાર વિભાગની ૪-ઘાણાવડ(અનુસુચિત આદિજાતિ સ્ત્રી) પેટા ચુંટણીનું તા.૧૬ ફેબ્રુ.એ મતદાન યોજાશે. જયારે ઉમરપાડા મામલતદાર કચેરીએ તા.૧૮મીએ મતગણતરી થશે.આ પેટા ચૂંટણીમાં કુલ ૩,૮૮૪ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે, જેમાં ૧,૯૬૨ મહિલા અને ૧,૯૨૧ પુરૂષ મતદારોનો સમાવેશ થાય છે. મતદાન પ્રક્રિયા સુચારૂ રીતે પાર પાડવા માટે ૨૦ પોલિંગ સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે. શ્રઉમરપાડા તા.પંચાયતની આ ચૂંટણી માટે કુલ ૪ મતદાન મથકો નિર્ધારિત કરાયા છે, જ્યાં ૬ ઈવીએમ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો) મતદાન માટે ઉપયોગમાં લેવાશે. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ ચૂંટણી પ્રક્રિયા પારદર્શક અને સુનિશ્ચિત રીતે થાય તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા યોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા માટે ૪-ઘાણાવડ બેઠકના ચૂંટણી અધિકારી આર.કે.ચૌધરીના આયોજન અને દેખરેખ હેઠળ સંલગ્ન તંત્રએ જરૂરી તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે.

ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સુરત કમિશનરની ટીમ ચેમ્પીયન

સુરત કમિશનર ઈલેવનને ટ્રોફી અર્પણ કરતા ગાંધીનગરના મેયર

સુરત, તા.૧૩

ગુજરાત રાજયની આઠ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ યોજવામાં આવતી ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-૨૦ ડે-નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ નું આયોજન ચાલુ સાલ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તા.૦૫/૦૨/૨૦૨૫ થી તા.૦૯/૦૨/૨૦૨૫ દરમ્યાન ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

કમિશનર ટીમની ફાઈનલ મેચ તા.૦૯/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન અને જામનગર કમિશનર ટીમની વચ્ચે રમાઇ હતી. સુરત કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી નિર્ધારીત ૨૦ ઓવરમાં ૫ વિકેટના ભોગે ૧૮૦ રનનો જંગી સ્કોર ખડો કર્યો હતો. સુરત કમિશનર ટીમના અક્ષય પટેલ એ ૩૦ બોલમાં ૬૭ રન તથા રાહુલ કે.પટેલ એ ૩૭ રનનું યોગદાન રહયું હતું. સુરત કમિશનર ટીમે આપેલ ૧૮૦ રનના લક્ષ્યાંકને પાર પાડવા મેદાને ઉતરેલ જામનગર કમિશનર ટીમ ૨૦ ઓવરમાં ૯ વિકેટે માત્ર ૧૦૪ રન નોંધાવતા સુરત કમિશનર ટીમે વિજય મેળવી કમિશનર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ ચેમ્પીયનશીપ હાંસલ કરી હતી. સુરત કમિશનર ટીમના રાહુલ કે. પટેલ દ્વારા ચાર વિકેટ મેળવવામાં સફળ રહયા હતા. સુરત કમિશનર ઈલેવનના મેચ વિનિંગ ખેલાડી રાહુલ કે. પટેલ ને મેન ઓફ ધ મેચનું અને સમગ્ર ટુર્નામેન્ટમાં સફળ બોલીંગ કરવા બદલ બેસ્ટ બોલરનું પારિતોષિક મળ્યું હતું. કમિશનર કપ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૨૫ ની ચેમ્પીયન બનેલી સુરત કમિશનર ઈલેવને ગાંધીનગરના મેયરશ્રી મીરા પટેલના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

પોલીસકર્મીઓની પત્નીઓને સુરત ખાતે જરી જરદોશીની તાલીમ મળશે

વસ્ત્ર મંત્રાલયની યોજના હેઠળ ૩૦ બહેનોને એક મહિનાની તાલીમ અપાશે

સુરત, તા.૧૩

રાજયમાં પ્રથમવાર સુરત શહેર પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌતના ધર્મપત્ની શ્રીમતી સંધ્યાબેન ગહલૌત તથા નાયબ પોલીસ કમિશનર ભકિતબા ડાભીના માર્ગદર્શન હેઠળ પોલીસ કર્મચારીઓની ધર્મપત્નીઓને આત્મનિર્ભર કરવા માટે જરી જરદોશીની તાલીમનું અયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તા.૧૩/૨/૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૦૦ વાગે સુરત પોલીસ મુખ્ય મથક, પોલીસ તાલીમ કેન્દ્ર, ખાતે તાલીમનો પ્રારંભ થશે. અમી હેન્ડીક્રાફટ પ્રોડયુસર કંપનીના માધ્યમથી કેન્દ્ર સરકારના વસ્ત્ર મંત્રાલયની યોજના દ્વારા ૩૦ બહેનોને એક મહિનાની તાલીમ આપવામાં આવશે. વિશેષ તાલીમ બાદ તાલીમાર્થીઓને સર્ટિફીકેટ આપી તેમની વિવિધ વસ્તુઓની પ્રોડકટના ડેવલોપમેન્ટની તાલીમ પણ આપવામાં

અનુસંધાન પાના ૭ પર

Field Control Center
ફીલ્ડ કન્ટ્રોલ સેન્ટર
EMERGENCY CHLORINE KIT

કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝમાં ક્લોરિન ગેસ લિકેજ ૩૭ મિનિટમાં ગેસ લિકેજ પર મેળવાયો કાબુ

પાંડેસરાની કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝમાં ઓફસાઈટ ઈમરજન્સી અંગે મોકડ્રીલ યોજાઈ

સુરત, તા.૧૩

'સુરત શહેરના પાંડેસરા GIDC સ્થિત કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ ખાતે ક્લોરિન ગેસ લિકેજ થતા નાસભાગ થઈ હતી. ૩૭ મિનિટની જહેમત બાદ ગેસ લિકેજ પર કાબુ મેળવવામાં ફાયર ફાયટરોને સફળતા મળી હતી.' ખરેખર આવી કોઈ દુર્ઘટના બની ન હતી, પરંતુ સુરત શહેર-જિલ્લાની મોટી ઈન્ડસ્ટ્રીઝ, GIDCઓમાં આગ જેવી મોટી ઘટનાઓ સમયે તકેદારીના ભાગરૂપે જાગૃતિ કેળવાય તથા અકસ્માતો ઘટાડવાના આશયથી પાંડેસરા GIDCની કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ ખાતે કલોરીન લિકેજ થવાના બનાવ અંગે મોકડ્રીલ યોજવામાં આવી હતી.

કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝના પાર્કિંગ એરિયામાં સવારે ૧૧.૩૨ વાગે અચાનક ક્લોરિન ગેસ સિલિન્ડર ભરેલી ટ્રકમાંથી ગેસ લિકેજ થયો હતો. કંપનીના ફાયર ટેન્ડરો ઘટના સ્થળે પહોંચ્યા હતા. કંપનીના ફાયર અને સેફટી ઓફિસરોએ લિકેજ અટકાવવા પ્રયાસો કર્યા હતા પણ લિકેજ કાબુમાં ન આવતા ઓનસાઈટ ઈમરજન્સી જાહેર કરી ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૧.૫૦ વાગ્યે ઓફસાઈટ ઈમરજન્સી જાહેર કરાઈ હતી. કોલ મળતા ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને પાણીનો મારો ચલાવ્યો હતો.

લોકલ ક્રાઈસીસ ગ્રુપના ચેરમેન અને પ્રાંત અધિકારીશ્રી અધિકારી(દક્ષિણ) શ્રી વિક્રમ ભંડારીના માર્ગદર્શન હેઠળ પોલીસ, ફાયર ટીમ, આરોગ્ય, જીપીસીબીના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા, અને ઈમરજન્સી કંટ્રોલરૂમ શરૂ કરી લિકેજ પર કાબુ મેળવવા, બચાવ અને માર્ગદર્શન માટે સંકલિત પ્રયાસો શરૂ કર્યા હતા. ગેસની અસર થતા ચાર ઈજાગ્રસ્તોને સ્થળ પરથી રેસ્ક્યુ કરીને સારવાર અપાઈ હતી, જે પૈકી એક વ્યક્તિને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં શિફ્ટ કરાયા હતા. મોકડ્રીલ બાદ ડી બ્રિફીંગ બેઠકમાં

અનુસંધાન પાના ૭ પર

અલથાણ સુગર ફેક્ટરીમાં ઈથેનોલ ટેન્કરમાં સ્પાર્ક થતા આગ ભભુકી

કામરેજ-પલસાણા લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા મોકડ્રીલ યોજાઈ

સુરત, તા.૧૩

સુરત જિલ્લામાં આવેલા વિવિધ એકિસડન્ટ હેઝાર્ડ ધરાવતા જોખમી કેમિકલ કારખાના, સુગર ફેકટરીઓમાં સંભવિત અકસ્માત કટોકટીના સંજોગોમાં વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક મદદ મળી રહે અને સતર્કતા જળવાઈ રહે તેવા હેતુ સાથે પલસાણા તાલુકાની ચલથાણ સુગર ફેકટરી ખાતે કામરેજ-પલસાણા લોકલ ક્રાઈસીસ ગ્રુપ દ્વારા ઓફ સાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ હતી.

આજે સવારે ૧૦.૨૦ વાગે અચાનક ચલથાણ સુગર ફેકટરીમાં ડીસ્ટીલરી પ્લાન્ટમાં ઈથેનોલ લોડીગ માટે બહારથી ટેન્કર આવી હતી. જેમાં લોડીગ દરમ્યાન વાલ્વમાંથી લીકેજ માલુમ પડતા તે વાલ્વના બોલ્ટ ટાઈટ કરવાની કામગીરી દરમ્યાન સ્પાર્ક થવાથી આગ લાગી હતી. જેથી સંસ્થાના ડીસ્ટીલરી મેનેજર તથા સેફટી ઓફિસરની ટીમ દ્વારા આગ ઓલવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છતા પણ

અનુસંધાન પાના ૭ પર

નર્મદા મૈયા બ્રિજ ઉપર ભારે વાહનોના પ્રતિબંધનો ફિયાસ્કો

પ્રતિબંધ છતા બ્રિજ પરથી રાત-દિવસ ભારે વાહનો દોડે છે

ભરૂચ, તા.૧૩

ભરૂચ અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર ભારે વાહનોની પ્રવેશબંધીનું જાહેરનામું માત્ર કાગળ પુરતું મર્યાદિત રહી ગયું હોય તેમ લાગી રહ્યું છે.

બ્રિજ પર અકસ્માતોની વધતી સંખ્યાના કારણે ભારે વાહનો માટે પ્રવેશબંધી ફરમાવાય છે પરંતુ બ્રિજ પરથી ભારે વાહનો બિન્દાસ પસાર થઈ રહ્યા છે.બ્રિજની બન્ને તરફ પોલીસ પોઈન્ટ હોવા છતાં ભારે વાહનો કઈ રીતે પસાર થાય છે તે એક સવાલ છે. ગતરોજ રાત્રીના સમયે નર્મદા મૈયા બ્રિજ પરથી ટ્રક પસાર થતી હોવાનો વિડીયો સામે આવ્યો છે ત્યારે પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઊભા થયા છે. નર્મદા મૈયા બ્રિજ પરથી અવારનવાર ભારે વાહનો પસાર થાય છે જે અકસ્માતને આમંત્રણ આપે છે ત્યારે તંત્રના જાહેરનામાનો કડક અમલ કરાવાય તે અત્યંત જરૂરી છે.

ગાર્ડન સિટીમાં શ્રી ખાટુશ્યામ મંદિરનું ભૂમિ પૂજન કરાયું

અંકલેશ્વર જીઆઈડીસીમાં ભવ્ય મંદિર સાકાર થશે

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર સ્થિત ગાર્ડનસીટી ખાતે આવેલ ગુજરાતી મીડિયમ સ્કૂલની બાજુમાં શ્રી ખાટું શ્યામ મંદિરનું નવ નિર્માણ કરવામાં આવનાર છે.જે મંદિરના નિર્માણ પૂર્વે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર સ્થિત ગાર્ડનસીટી ખાતે આવેલ ગુજરાતી મીડિયમ સ્કૂલની બાજુમાં શ્રી ખાટું શ્યામ મંદિરનું નવ નિર્માણ કરવામાં આવનાર છે.જે મંદિરના નિર્માણ પૂર્વે ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઝગડીયા ગુમાનદેવ

અનુસંધાન પાના ૭ પર

ડુમસ ગામનો મહેસુલ રેકર્ડ ગુમ થવા સંદર્ભે કલેક્ટરને ફરિયાદ

રેવન્યુ વિભાગના અધિકારીની જવાબદારી નક્કી કરવા દર્શન નાયકની માંગણી

સુરત, તા.૧૩

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ડુમસ ગામનાં મહેસુલ / રેવન્યુ વિભાગના રેકર્ડ ગુમ થવા બાબતે તપાસ કરી જવાબદાર સામે કાર્યવાહી કરવા બાબતે સુરત જિલ્લા કલેક્ટનરે લેખિત ફરિયાદ કરી પ્રદેશ કોંગ્રેસ પ્રમખ દર્શન નાયક દ્વારા જણાવાયું છે કે, સરકારના મહેસૂલ/ રેવન્યુ વિભાગ માટે કોઈ મહત્વની બાબત હોય તો તે મહેસુલ/રેવન્યુ વિભાગના દસ્તાવેજ છે.જેમાં જમીનની ૭/૧૨ તથા ૮/અ ,નંબર ૬ ની એન્ટ્રી, ગામનાં નકશા , ગામના નમૂનાં સહિતના દસ્તાવેજો નો સમાવેશ થાય છે . સરકાર પાસે જમીન ને લગતા કોઈ પણ વિવાદ આવે કે રજૂઆત આવે તેનો નિકાલ રેકર્ડના આધારે થતો હોય છે. જેથી સરકારના મહેસૂલ વિભાગના જવાબદાર તમામ અધિકારીઓ ની જવાબદારી છે કે જમીન ને લગતા તમામ કાગળો અને દસ્તાવેજોના રેકર્ડ ની જાળવણી કરે.પરંતુ કેટલીક વાર કેટલાક બેજવાબદાર અધિકારીઓ દ્વારા ભ્રષ્ટાચારને છાવળવા કે કોઈ ને ફાયદો કરાવવા માટે મહેસૂલી / રેવન્યુ વિભાગના દસ્તાવેજો મનસ્વી રીતે ગુમ કરી દેવામાં આવે એવું બનતું હોય છે.તેમાં ખાસ કરી ને જે સમયે અમુક ચોક્કસ વિસ્તારમાં ભ્રષ્ટાચાર બાબતે ફરિયાદો ઉઠી રહી હોય ત્યારે આવા કાયદા વિરુદ્ધના કૃત્યો કરવામાં આવતા હોય છે.અમો સુરત જિલ્લા તથા શહેરમાં થતા આવેલ જમીન કોભાંડો બાબતે વારંવાર સરકાર

અનુસંધાન પાના ૭ પર

વનિતા વિશ્રામ ખાતે મિલેટ્સ મહોત્સવમાં ૭૧ સ્ટોલ પર રૂા.૨૮.૨૭ લાખનું વેચાણ

લોકોનો પ્રાકૃતિક ખેતી પ્રાકૃતિક ઉત્પાદનો તરફ ઝુકાવ વધ્યો

સુરત, તા.૧૩

પૌષ્ટિક મિલેટ્સ, પ્રાકૃતિક ખેતીથી પકવેલા અનાજનો લોકો વધુને વધુ ઉપયોગ કરીને સ્વસ્થ રહે તેમજ ભોજનમાં જાડા, બરછટ અનાજનું નિયમિત સેવન કરતા થાય તેવા આશયથી સુરત ખેતીવાડી વિભાગ અને સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે તા.૮ અને ૯મી ફેબ્રુઆરી બે દિવસ માટે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે સુરત જિલ્લાકક્ષાના 'મિલેટ્સ મહોત્સવ-પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫' યોજાયો હતો.

ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ખૂલ્લા મૂકાયેલા આ મહોત્સવમાં સુરત સહિતના દ. ગુજરાતના જિલ્લાઓમાંથી પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો દ્વારા ઉત્પાદિત વિવિધ મિલેટ્સ પાકો અને તેમાંથી તૈયાર ઉત્પાદનો, શાકભાજી, ફળફળાદિના પ્રદર્શન તેમજ વેચાણ માટેના ૭૧ સ્ટોલમાંથી સુરતીઓએ બહોળા પ્રતિસાદ સાથે ખરીદી કરી હતી. પ્રથમ દિવસે રૂ. ૮.૭૮ લાખ અને બીજા દિવસે રૂ. ૧૯.૪૯ લાખનું વેચાણ થયું હતું. જે પૈકી ૩૩ જેટલા માત્ર પ્રાકૃતિક કૃષિના સ્ટોલ્સમાંથી રૂ.૧૨.૩૫ લાખનું વેચાણ નોંધાયું હતું.આ મહોત્સવ દ્વારા ખેડૂતોને સીધા ગ્રાહકો સાથે

અનુસંધાન પાના ૭ પર

શ્રીમતી નંદગૌરી નંદશંકર

તા - ૧૨/૦૨/ ૨૦૨૫ ના રોજ શ્રીમતી નંદ ગોરી નંદશંકર તુલજાશંકર શાળા ક્રમાંક ૧૪૪ નાણાવટ ખાતે વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. લાલ ગેટ પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી નરેન્દ્રભાઈ ચૌધરી દ્વારા કાર્યક્રમનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને જુદી જુદી કેટેગરીમાં ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા .

પોષક તત્વોના ખજાના સમાન લાલ ચોખાની ખેતી ખેડૂતો માટે નફાકારક

સુરત, તા.૧૩

સુરત જિલ્લામાં ખેડૂતો દ્વારા મિલેટ્સ સહિત અનેક પ્રકારના ધાન્ય પાકોની પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે. જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપી ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વાળવાનો સઘન પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ખેડૂતો ખેતી સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલન પણ કરી રહ્યા છે. જેથી ખેડૂતો હવે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો ઉપયોગ ટાળી દેશી ગાય આધારિત ખેતી તરફ વળી પ્રાકૃતિક ખેતીનો વિકલ્પ પસંદ

અનુસંધાન પાના ૭ પર

બ્રાઉન રાઈસની વિશેષતા અને ફાયદાઓ

ભારતીય ભોજન ભાત(ઈંઢી) વિના અધૂરું માનવામાં આવે છે. ભારતમાં તો કેટલાક રાજ્યોમાં ભાત એ લોકોનું મુખ્ય ભોજન છે. ભાતમાં કાર્બોહાઈડ્રેટ્સ અને ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. જો કે, સફેદ અને બ્રાઉન રાઈસના પોતાના ફાયદા છે. લોકોમાં પણ સવાલ છે કે શું વ્હાઈટ રાઈસ શરીર માટે ફાયદાકારક છે કે બ્રાઉન રાઈસ.

બ્રાઉન રાઈસ એટલે શું

બ્રાઉન રાઈસમાં અનાજના તમામ ભાગો, ખાસ કરીને બ્રાન(ભિંહ) અને જર્મ(થિદ્વિ) હોવાથી તે વધુ પૌષ્ટિક હોય છે. પરંતુ સફેદ ચોખામાં આ બંને વસ્તુઓ હોતી નથી અને જરૂરી પોષક તત્વો પણ બહુ ઓછા પ્રમાણમાં હોય છે, તેથી બ્રાઉન રાઈસ સફેદ ચોખા કરતાં વધુ આરોગ્યપ્રદ માનવામાં આવે છે.

બ્રાઉન રાઈસ ફેક્ટ્સ

US ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચરના એક રિપોર્ટ મુજબ, સફેદ ચોખાના એક કપ(૧૮૫ ગ્રામ)માં ૨૪૨ કેલરી, ૪.૪૩ ગ્રામ પ્રોટીન, ૦.૩૯ ગ્રામ ફેટ, ૫૩.૨ ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ અને ૦.૫૬ ગ્રામ ફાઈબર હોય છે. જ્યારે એક કપ(૧૮૫ ગ્રામ) બ્રાઉન રાઈસમાં ૨૪૮ કેલરી, ૫.૫૪ ગ્રામ પ્રોટીન, ૧.૯૬ ગ્રામ ફેટ, ૫૧.૭ ગ્રામ કાર્બોહાઈડ્રેટ્સ અને ૩.૨૩ ગ્રામ ફાઈબર હોય છે. આ સિવાય સફેદ અને બ્રાઉન રાઈસમાં ફોલેટ અને આયર્ન પણ જોવા મળે છે.

બ્રાઉન રાઈસ શરીર માટે લાભકારક

જ્યારે પોષક તત્વોની વાત આવે, ત્યારે સફેદ ચોખા કરતાં બ્રાઉન રાઈસમાં વધુ પોષક તત્વો જોવા મળે છે. આ પ્રકારના ચોખામાં વધુ ફાઈબર અને એન્ટીઑક્સિડન્ટ્સ તેમજ ઘણા મહત્વપૂર્ણ વિટામિન્સ અને મિનરલ્સ હોય છે. જ્યારે સફેદ ચોખામાં માત્ર કેલરી અને બહુ ઓછા પ્રમાણમાં પોષક તત્વો હોય છે. સફેદ ચોખામાં કાર્બોહાઈડ્રેટ્સ પણ વધુ માત્રામાં હોવાથી તે ઓછા ફાયદાકારક હોય છે. બ્રાઉન રાઈસમાં ડાયેટરી ફાઈબર, ઝીંક, મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ અને સેલેનિયમ, વિટામિન-B1, B3, B6, E, અને K, એન્ટીઑક્સિડન્ટ-ફ્લેવોનોઈડ્સ અને પ્રોટીન જેવા કેટલાક આવશ્યક પોષક તત્વો હોય છે, જે શરીર માટે ખુબ જ ફાયદાકારક છે.

ફાઈબર અને એન્ટીઓક્સિડન્ટ્સ સહિત મહત્વપૂર્ણ વિટામિન્સ અને મિનરલ્સથી ભરપૂર લાલ ચોખા

કુંભના મેળાથી પીડાકારક દૂરી

આમ તો આ બહાનું છે કે કુંભના મેળામાં જઈ શકવાની સંભાવના નથી. દ્રઢ ઈચ્છાશક્તિ હોય, સ્પષ્ટ હેતુ હોય, ગુરુદેવના માર્ગદર્શન માટે વિશ્વાસ હોય અને ઈશ્વરને પામવાની અપાર શ્રદ્ધા હોય તો માર્ગ તો નીકળે જ. એ સિવાય બધાં જ બહાનાં. જવું જ હોય તો અત્યારે જ ચંપલ પહેરીને નીકળી જવાનું, આગળનો બધો જ રસ્તો પ્રશસ્ત થતો જશે.

કુંભના મેળા સુધી પહોંચવું જ હોય તો વિવિધ પ્રકારની સગવડતા માટેની ઈચ્છાને બાજુમાં મૂકી દરેક પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા તૈયાર થઈ જવાનું. સમગ્ર બ્રહ્માંડમાંથી આવેલા મહાત્માઓને મળવું જ હોય તો તે માટેનો પુરુષાર્થ વિના વિલંબે પ્રારંભ કરવાનો. પરમ સત્યને જાણવાની તત્પરતા હોય તો પ્રપંચ સમાન સંસારથી દૂર જવા માટેની માનસિકતા દ્રઢ કરવાની. શક્ય છે, કુંભના મેળા સુધી પહોંચવું શક્ય છે.

કેવો ભવ્ય માહોલ હશે તે જાણકારીનો વિષય નથી, એ માહોલમાં તો પ્રવેશ કરવાનો હોય. ત્યાં કેવી દિવ્ય અનુભૂતિ થઈ શકે તે પ્રતીત કરવાં ત્યાં જ જવું પડે. તે પ્રકારની માહિતી એકત્રિત કરીને, તેના વિશે જાણીને કશું પ્રાપ્ત ન થાય. આ માહોલમાં સંમિલિત થઈ તે સાક્ષાત્કાર કરવાનો વિષય છે. આ તો ત્યાં પહોંચીને, જાતે તેનો એક ભાગ બની ત્યાંની સાત્વિક સમગ્રતાને પામવાની તક છે. તક ગુમાવવી હોય તો બહાનું મળી રહેશે, અને તક ઝડપી લેવી હોય તો કારણો મળી જશે.

અલખની ધૂણી ધખાવીને જીવનને અલખ સાથે એકાકાર કરવાનો પ્રયત્ન કરનાર અવધૂત કેવાં હશે. હિમાલય કે ગિરનારની કોઈ ગુફામાં વર્ષોથી સાધના કરનાર વ્યક્તિ ક્યા સ્વરૂપે કુંભમેળામાં હાજરી આપતી હશે. આત્માનો સાક્ષાત્કાર કરી અસ્તિત્વને શૂન્યમાં સ્થાપિત કરવા સમર્થ તે યોગી કઈ અપેક્ષાએ અહીં મેળામાં આવતાં હશે.

ઈશ્વરની ભક્તિને સંપૂર્ણતામાં પામી, તે માટે સંપૂર્ણતામાં સમર્પિત રહેનાર ભક્ત કોના દર્શન માટે ત્યાં આવતા હશે. સંપૂર્ણ રીતે પવિત્ર થઈ જનાર મહાપુરુષ પણ કઈ ઈચ્છાથી ત્યાં ગંગામાં ડૂબકી લગાવતા હશે. એકાંતને કાયમનો સાથી બનાવનાર તે એકાંતી અહીંની લાખોની ભીડ વચ્ચે કેવી રીતે એકાંત જાળવી રાખતા હશે. પરમના સાંનિધ્યમાં રહેનાર તે મહાત્મા અહીં કોના સાનિધ્યની અપેક્ષાએ હાજર થતા હશે.

દુનિયાના વ્યવહારથી સાવ જ અલિપ્ત રહેનાર અહીં આટલા વિશાળ વ્યવહાર તથા આયોજનમાં કેવી રીતે ગોઠવાઈ જતા હશે. શરીરના દરેક ધર્મથી કાયમ માટે મુક્ત રહેનાર કુંભમેળામાં આવીને શરીરના ધર્મોનું કેવી રીતે આચરણ કરતાં હશે. કશે પણ જવાં માટે જેમને કોઈપણ માધ્યમની જરૂર ન હોય તે સર્વગામી કયા માધ્યમના સહારે ત્યાં ઉપસ્થિત થતા હશે. સમાજ સમક્ષ પ્રગટ થવાની જેમને ક્યારેય અભિલાષા ન હોય તેવાં અલિપ્ત કેમ આટલી મોટી સંખ્યામાં એક જ સ્થળે એકત્રિત થતા હશે. પાખંડ, અસત્ય, અધર્મ તથા પ્રપંચનો સદાય અસ્વીકાર કરનાર સંતજન અહીં ચોક્કસ પરિસ્થિતિને કેવી રીતે ચલાવી લેતા હશે. આ બધું જાણવા માટે કુંભના મેળે જવું જ પડે.

ત્યાં આવનાર દરેક બાબાજી જાતજાતના લોકો વચ્ચે પોતાની બ્રહ્મ-ઓળખ, પોતાની શાશ્વત સ્થિતિ, પોતાની પરમ દિવ્યતા, પોતાનો જ્ઞાનયુક્ત સંતોષ, પોતાની નિજાનંદ મસ્તી, પોતાનો આધ્યાત્મિક પુરુષાર્થ, પોતાની નિર્લેપ તટસ્થતા, પોતાનો નિર્મળ સ્વ-ભાવ, પોતાનું પરિપક્વ ધ્યાન, પોતાનો સંયમિત વિવેક, પોતાની પાવક પવિત્રતા, પોતાની અપાર કરુણા તથા પોતાની અકલ્પનીય દિવ્યતા કેટલી સહજતાથી જાળવી રાખતાં હશે.

સમગ્ર સમાજ સાથે વિશેષ પ્રકારનો શાબ્દિક કે અશાબ્દિક સંવાદ સ્થાપવા સાથે સાથે તે બધાથી અલિપ્તતા જાળવી રાખવાની તેમની ક્ષમતા કેટલી ભવ્ય અને દિવ્ય હશે. લાખોની મેદની વચ્ચે ક્યાંક તેઓ પણ નવી આશાનું કિરણ શોધતાં હશે. કુંભનો આ મેળો કદાચ તેમની માટે ઊર્જાના નવાં સંચાર માટે કે સતત ઊર્જાયુક્ત સ્થિતિમાંથી થોડો વિરામ મળે તે માટે પણ હોઈ શકે. વાસ્તવિકતા શું છે એ તો, તેમના સંપર્કમાં આવ્યા પછી, તેમની કૃપા હોય તો જ જાણમાં આવે. તેની માટે પણ ત્યાં કુંભના મેળામાં ત્યાં જવું જ રહ્યું. આ બધું જાણવાની તાલાવેલી હોય, આ બધું જ સમજવાની જિજ્ઞાસા હોય તે સ્વાભાવિક છે. આ બધું જ જાતે જોવાની તમન્ના હોય, ત્યાંની પરિસ્થિતિ, ત્યાંના માહોલની અંદર પ્રવેશ કરી ઘણા બધા પ્રશ્નોના નિરાકરણ માટેની તૈયારી હોય તે પણ સ્વાભાવિક છે. છતાં પણ પગ રોકાઈ જાય છે. છતાં પણ શરીર આગળ નથી થતું. છતાં પણ મન પોતાને મનાવીને બેસી જાય છે. છતાં પણ જાતનું ઉપરાણું લેવાની આદત છૂટતી નથી. છતાં પણ પોતાની નિષ્ક્રિયતાને યોગ્ય સાબિત કરવાનો અભિગમ દૂર થતો નથી. એમ લાગે છે કે ઈચ્છાથી જ આ મહાન તક જતી કરવામાં આવે છે. એ વાત સાચી છે કે મન હોય તો કુંભમેળે જવાય. ત્યાં કોણ કયું સ્વરૂપ ધારણ કરીને ત્યાં આવશે તે વિશે કોઈ અનુમાન ન થઈ શકે. કોઈક સ્વરૂપ તો તમારી પ્રકૃતિને અનુરૂપ હોવાનું જ. ક્યાંક તે બધા સિદ્ધપુરૂષોને પણ કોઈકની તલાશ હશે. તેમને પણ કોઈકને દર્શન આપવાની અભિલાષા હશે. કદાચ તે વ્યક્તિ તમે પણ હોવ. સંભાવના તો દરેક માટે છે. શરીરનું ઉપરાણું લેવું છે, સંસાધનો અને સામર્થ્ય હોવા છતાં મંડાણ નથી કરવું, અને પછી પરિસ્થિતિ અનુકૂળ નથી એમ કહી પરિસ્થિતિનો વાંક કાઢવો છે. સંજોગો પ્રતિકૂળ છે એમ કહી ખૂણામાં બેસી રહેવાથી ન કોઈ શંકાનું નિરાકરણ થાય કે ન કોઈ નવી દિવ્ય સંભાવના સ્થાપિત થાય.

પર્યાવરણ, સાહિત્ય અને ઈકોક્રીટિસીઝમ

પર્યાવરણ અને પ્રકૃતિના અવનવા પાસાને કેન્દ્રમાં રાખીને લખવાનું આમ જુઓ તો એક ચેલેન્જ જેવુ હતું, પરંતુ બાળપણથી જ પ્રકૃતિનું સાંનિધ્ય અને પાગલપનની હદ સુધી કરેલું સર્પબચાવનું કાર્ય, એ દરમિયાન જાણેલી નાની નાની, પરંતુ અચરજભરી વાતોને મારા અંદાજમાં મૂકવાનું વિચાર્યું હતું. વર્ષો પૂર્વે સાહિત્યના એક કાર્યક્રમમાં રઘુવીર ચૌધરીએ સૂચન કરેલું કે પ્રકૃતિ અને પર્યાવરણ પર બહુ ઓછું લખાય છે, અને જે લખાય છે એ વૈશ્ર્વિક સંશોધનોમાંથી ઉછીના લીધેલા જ્ઞાનના સંચયમાંથી આવે છે, પરંતુ લેખકોનો પોતાનો અનુભવ ક્યાં એમાં? તારી પાસે બન્ને છે, જ્ઞાનનો સંચય અને પોતાની આગવી શૈલી.

એમના આ શબ્દો મને ‘મુંબઈ સમાચાર’ની કોલમ લખવાનું ઈજન મળ્યું એ વખતે યાદ આવેલા અને હિંમત કરીને લખવાનું શરૂ પણ કર્યું. વીસેક આર્ટિકલ્સ લખાઈ ગયા બાદ એક મિત્ર નામે ફારૂક શાહનો ફોન આવ્યો. એણે મને પૂછ્યું કે તું શું લખી રહ્યો છે એની તને ખબર છે ? મે કીધું ના ! મને કે તું પર્યાવરણને જે સાહિત્યિક અને સર્જનાત્મક ઢબે લખે છે તે વિશ્ર્વમાં ચાલતી એક સાવ અનોખી અને નવી સર્જનની તરાહ છે. વિશ્ર્વમાં તેને ઈકોક્રીટિસીઝમના નામે ઓળખાવાય છે. અને તું જે રીતે પ્રકૃતિના અવનવા અને અચરજભર્યા પાસાઓને આલેખી રહ્યો છે તે ઈકોક્રીટિસીઝમની સાવ નજીકનું સર્જન છે. મને ઘણું અચરજ થયું. આ ઈકોક્રીટિસીઝમના થોડા સંશોધનોમાંથી જે મળી આવ્યું તેને કંઈક આ રીતે સમજી શકાય છે.

ઈકોક્રિટીસિઝમ એ સાહિત્ય અને પર્યાવરણ વચ્ચેના પારસ્પારિક સંબંધોના અવલોકન અને અભ્યાસ માટે વપરાતો શબ્દ છે. પર્યાવરણલક્ષી મુદ્દાઓ અને પ્રકૃતિના સંદર્ભમાં લેખકો, સંશોધકો અને કવિઓની કૃતિઓનું વિશ્ર્લેષણ કરીને આંતરશાખાકીય દૃષ્ટિકોણ અપનાવીને જે લખાય તે આ નવો પ્રવાહ, એટલે કે ઈકોક્રિટીસિઝમ. આ નવી લેખન પદ્ધતિનો હેતુ અને પદ્ધતિ થોડી ગૂંચવાડાભરી પણ છે. જો કે, આ પ્રવાહના ઘણા સર્જકો પાસેથી હાલ પ્રવર્તી રહેલી પર્યાવરણીય સમસ્યાઓના ઉકેલો પણ મળી આવે તેવી પૂરી સંભાવનાઓ રહેલી છે. ૧૯૭૮માં વિલિયમ રુકર્ટે પોતાના નિબંધ “સાહિત્ય અને ઈકોલોજી: ઈકોક્રિટીસિઝમ ક્ષેત્રે એક પ્રયોગ”માં ‘ઈકોક્રિટીસિઝમ’ શબ્દ પ્રયોજ્યો હતો.

તો ચાલો આજે ઈકોક્રિટીસિઝમની ઢબમાં આજનો વિષય હાથ પર લઈએ. બાળપણમાં ગામડાંની અંધારી રાતે રેલવે ટ્રેકની પેલી પાર પ્રથમવાર જ્યારે આગિયા જોયા ત્યારે અચરજ થઈ ગયેલું. માએ મને સમજાવેલું કે તેને આગિયા કહેવાય જે એક જંતુ છે અને તે હવામાં ઊડતા હોય ત્યારે ઝગમગ ઝગમગ થાય. મને યાદ છે કે વર્ષો સુધી હવામાં ઊડતા આગિયાની ઝગમગ હું મુગ્ધ થઈને જોઈ રહેતો અને લાગતું કે આ પૃથ્વી એ પૃથ્વી નથી, પરંતુ પરિલોક છે. શિક્ષણની સીડીઓ ચડીને પર્યાવરણના વિવિધ પાસાઓના જિજ્ઞાસાભર્યા અભ્યાસ દરમિયાન એ સમજાયેલું કે આગિયા એ ઈન્સેક્ટ્સ એટલે કે જીવાતોમાંની બગ્સ તરીકે ઓળખાતી પ્રજાતિ છે. અને અંધારી રાતે એમની અંદર જે પ્રકાશ થાય છે તે બાયો-લ્યુમિનન્સ છે. પૃથ્વી પર વસતા અનેક જીવોમાં પૃથ્વી અને જળ એમ બન્ને જગ્યા પર વસતા કેટલાય જીવોએ પોતાની અંદર આ શક્તિ વિકસિત કરી છે. પૃથ્વીના વિવિધ પર્યાવાસોમાં વસતા આવા જીવોએ પોતાના વાતાવરણની જરૂરીયાતો મુજબ બાયોલ્યુમિનન્સ વિકસાવ્યું છે.

જમીનથી લઈને દરિયાના પેટાળ, જંતુથી લઈને વનસ્પતિ સુધીના અનેક જીવોમાં આ બાયોલ્યુમિનન્સ જોવા મળે છે. મુખ્યત્વે બાયોલ્યુમિનન્સ લ્યુસિફેરસ નામના એન્ઝાઈમના કારણે થાય છે. બાયોલ્યુમિનન્સ આગિયા, દરિયાના પેટાળમાં ઊંડે ઊંડે જીવતા કોમ્બ જેલી જેવા અનેક જીવો, ફોકસફાયર નામની ફૂગ, છોડવાઓ અને પંખીઓમાં પણ જોવા મળે છે. તો હવે એ જાણીએ કે આ અજબ બદલાવ પ્રાણીઓ અને જીવો લાવ્યા શા માટે? પોતાના શરીરમાં આવા ચમકારા કે ઝગમગાટ પાછળ મુખ્યત્વે ત્રણેક કારણો છે. સર્વપ્રથમ હેતુ છે શિકારને આકર્ષિત કરવો, બીજો હેતુ છે સ્વબચાવ અને ત્રીજો હેતુ છે વિજાતીય સાથીદારને આકર્ષીને પ્રજનન કરવું.

આપણા આજના વિષયકેન્દ્રમાં રહેલા આગિયાના શરીરમાં આ ઝગમગનો મુખ્ય હેતુ જીવનસાથીને આકર્ષવાનો અને તેની સાથે પ્રત્યાયન સાધવાનો છે, પરંતુ માનવ તો માનવ જ છે, પ્રકૃતિની આવી અજીબ ઘટનાઓની વૈજ્ઞાનિક સમજણ તો માનવે મેળવી, પરંતુ વૈજ્ઞાનિકો સિવાયના ફળદ્રુપ ભેજા ધરાવતી જમાતે આ પ્રાકૃતિક ઘટનાઓને વિધવિધ દૃષ્ટિકોણથી મૂલવી છે અને એ નજરીયા પણ મજાનાં અને ચિત્તાકર્ષક છે. માનવે આગિયાના આ ઝગમગાટને બૌદ્ધિક, આધ્યાત્મિક અને પ્રેરણાદાઈ રીતે મૂલવ્યો છે. આગિયા રાત્રે જ પ્રકાશમય થતાં હોવાથી અંધકારમાં પણ પોતાનો પ્રકાશ પેટાવીને દીપ્તિમાન બનવાનો એક નજરિયો છે. આગિયા અંધકારની સ્થિતિમાં પણ અલગ તરી આવવાની શક્તિના પ્રતીક બન્યા છે. આગિયા અલ્પજીવી હોવાથી ટૂંકા જીવનને કેવી રીતે ચમકાવવું એનું પ્રતીક પણ બને છે. ગમગીનીની સ્થિતિમાં પણ ખુશહાલ રહેવાનો સંદેશ આગિયા આપે છે.

આજે આપણે ગુજરાતી સાહિત્યમાં કવિઓએ આગિયાને ક્યા અને કેવા અંદાજમાં પ્રયોજ્યા છે તેના થોડા નમૂના જોઈએ.

પ્રશમન ભાવના: મનના દુશ્મનો પ્રત્યે લાલ આંખ

આપણું જીવન અલ્પ છે. જન્મથી મરણ સુધીનો સમય નદીના પ્રવાહની જેમ વહી જાય છે. આ વાત સમજાય તો પ્રત્યેક ક્ષણની કિંમત સમજાશે. આપણે અહીં ક્યાંથી આવ્યા, અહીં આવી શું કરવાનું છે, અને ત્યારબાદ ક્યાં જવાનું છે, એ ત્રણે વાતથી આપણે અજ્ઞાત છીએ. જીવનના ઘાડવ્ય પ્રવાહમાં આપણે એવા મદમસ્ત છીએ કે આપણી વિવેકબુદ્ધિ પણ નિષ્ક્રિય બની જાય છે. ઘરનો ચોકીદાર નિષ્ક્રિય હોય તો ચોર, ડાકુ અને દુશ્મન અંદર પેસી જાય છે. એવી જ રીતે, આપણા મનનો ચોકીદાર રૂપે વિવેક બુદ્ધિ જ્યારે નિષ્ક્રિય હોય છે ત્યારે મનના દુશ્મન આતમમાં પેસી જાય છે અને વિનાશ સર્જે છે!

કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર એ બધા મન-આતમનાં દુશ્મનો છે. તે મનની શક્તિને ક્ષીણ કરી નાખે છે અને આત્માના સ્વાભાવિક ગુણોને હાનિ પહોંચાડે છે. આ બધા દુશ્મનોમાં ‘સૌથી વિનાશક’ની પદવી ક્રોધને આપવામાં આવે છે. ક્રોધ આપણા જીવનમાં આનંદને અને પ્રસાદ રૂપી લક્ષ્મીનો નાશ કરે છે. તે વ્યક્તિને રોગી બનાવી દે છે. એક વખત, મને મળવા એક વૃદ્ધ દરદી આવ્યા. તેમના જમણા ઘૂંટણમાં સોજા અને અસહ્ય પીડા હતી. બધા જ મોટા હાડકાનાં નિષ્ણાતને બતાવી ચૂક્યા હતા અને ઘણી દવાઓ કરી લીધી હતી. તકલીફ વધતી ગઈ અને છેલ્લે બધા ડૉક્ટરો એવા નિષ્કર્ષ પર આવ્યા કે કદાચ તમને હાડકામાં ક્ષયરોગ અથવા કૅન્સર પણ હોઈ શકે, માટે વધુ તપાસ કરાશે. આ વૃદ્ધ દરદી નાસીપાસ થઈ ગયા અને વૈકલ્પિક સારવાર મેળવવા માટે મારી પાસે આવી પહોંચ્યા.

જ્યારે પણ કોઈ દર્દી જટિલ રોગથી પરેશાન હોય, તો એનું મનોવિશ્ર્લેષણ અત્યંત આવશ્યક બની જાય છે. આ દર્દીનાં જીવનમાં એક મહત્ત્વની વાત સામે આવી. પાંચ વર્ષ પૂર્વે એમના પત્નીના દેહાંત બાદ તે અશાંત અને ઉગ્ર સ્વભાવી બની ગયા હતા. તે પોતે પોતાનું વાહન ચલાવતા અને લગભગ રોજ કોઈ ને કોઈ અન્ય વાહનના ચાલક સાથે ઝઘડતા. એક તો એકલવાયું જીવન અને તેમાં પણ રોજનો ગુસ્સોપ એમના શરીરમાં વેદના ઉત્પન્ન થઈ અને સૌથી વધારે અસર એમના ઘૂંટણમાં દેખાઈ. મનોભાવ અને રોગ વચ્ચે સીધો સંબંધ હોય છે. એમ કહેવું ખોટું નહીં હોય કે સર્વ બીમારીની જડ કાં તો પેટમાં અથવા મનમાં. પેટના બગાડાથી ઉત્પન્ન રોગ ઝડપથી મટી શકે છે પણ મનમાં જ્યારે રોગના મૂળિયા હોય, તો એ રોગ આસાનીથી મટતા નથી. ખાસ કરીને ગુસ્સો/ક્રોધ જેવા વિષકારી મનોભાવ હોય ત્યારે મોટી બીમારીને આમંત્રણ આપતા હોઈએ છીએ. અંતે કૅન્સર પણ લાગુ પડે છે. આ વૃદ્ધ દર્દીને મનોભાવ અને એમના રોગ વચ્ચે સંબંધ સમજાવવામાં આવ્યો. એક વિશેષ મનોચિકિત્સા (Mind Therapy) દ્વારા એમના ક્રોધને શાંત કરવામાં અમે સફળ થયા. અને ત્યાર બાદ ૩-૪ અઠવાડિયામાં એમના ઘૂંટણના સોજા અને પીડા બન્ને શાંત થઈ ગયા.

ક્રોધની શાંતિ માટે પ્રશમન ભાવના

‘ગુસ્સો’ ક્ષણીક પાગલપનનો હુમલો છે જે વ્યક્તિને હિંસક બનાવી દે છે. બીજી વ્યક્તિઓને નુકસાન તો થાય, પણ ગુસ્સો કરતા સૌથી વધારે પોતાને જ હાનિ પહોંચાડે છે. ઘણી વખત ગુસ્સો મહાકાય ‘ક્રોધ’નો સ્વરૂપ ધારણ કરે છે ત્યારે શરીર, મન અને આત્મામાં વિષ ફેલાઈ જાય છે. વારંવાર ક્રોધ કરવાથી પિત્તાશય (Liver) અને હોજરી (જીદ્વક્રજ્ઝર)ની બીમારી થતી હોય છે.

‘આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય’. આગને બુઝાવવા માટે પૂર્વ તૈયારી રાખવી પડે છે. કૂવામાંથી પાણી કાઢીને તૈયાર રાખો અથવા આગ ન લાગે તેની તકેદારી રાખો. ગુસ્સો આવી જાય પછી દમન કરો, તો પણ નુકસાન તો થઈ જ જાય. માનસશાસ્ત્રીઓએ ગુસ્સાના ત્રણ પ્રકાર કહ્યા છે (૧) અંતરની ઉગ્રતા (૨) બહારની ઉગ્રતા (૩) નિશ્ર્ચયી ઉગ્રતા. અંતરની ઉગ્રતા એટલે ગુસ્સાનું દમન. વ્યક્તિ પોતાની ભાવનાઓને અંતરમાં દબાવી રાખે છે. તેઓ ગુસ્સાને અભિવ્યક્ત કરી શકતા નથી અને અંદર અંદર ગૂંગળામણ અનુભવે છે. બહારની ઉગ્રતા એટલે બાહ્ય હિંસક પ્રવૃત્તિ. તેઓ બૂમાબૂમ કરે અને મારપીટ પણ કરે નિશ્ર્ચયી ઉગ્રતા એટલે સમજણપૂર્વક અને દ્રઢતાથી ગુસ્સાનો નિકાલ કરવું. નિશ્ર્ચયી ઉગ્રતાની આગળ પ્રશમન ભાવના છે. પ્રશમન એટલે વિશેષ પ્રકારનું ક્રોધ શમન. અહીં ક્રોધના મૂળ કારણને સંબોધવામાં આવે છે. ક્રોધ પણ એક શક્તિ છે જે આપણા હિતની રક્ષા માટે ઉપયોગી છે. જ્યારે આપણો જીવ જોખમમાં મુકાય અથવા આપણી સ્વતંત્રતા પર આક્રમણ થાય ત્યારે ક્રોધ દ્વારા પડકારને પહોંચી વળવા માટે આવે છે. ફિલસૂફીની ભાષામાં ક્રોધ અશુદ્ધ કર્મ અથવા મોહ માયાની નિર્ભિક પકડમાંથી છૂટવા માટે ઉપયોગી નીવડે છે.

પ્રશમનની કેળવણી માટે ત્રણ પગથિયા છે.

(૧) ધ્યાન દ્વારા આતમની સ્થિરતા; ધૈર્ય અને શાંતિનું સિંચન (૨) પ્રજાગતાયુક્ત મનોદશામાં કારણ – કર્તા – પરિણામની સમજ (૩) ભેદ જ્ઞાન દ્વારા ઉચિત ચારિત્રની કેળવણી. પ્રશમન ભાવના એક મહાસાધના બની જતી હોય છે. ક્રોધનો એક ક્ષણ આપણા જીવનને ૧૦ મિનિટ ટૂંકાવી દે છે અને આપણા સ્વાસ્થ્યને પણ હાનિ પહોંચાડે છે. આપણા ભીતરમાં ક્રોધરૂપી તોફાનોને આપણે સમતાથી અનુભવી શકીએ ત્યારે એ તોફાન અલ્પ સમયમાં શમી જાય છે. આપણે એવી સાધના કરીએ જેથી એ તોફાન સામે તટસ્થ અને દ્રઢ મનોબળ દ્વારા ‘ગુસ્સા’ને ‘જુસ્સા’માં પરિવર્તિત કરીને આત્મકલ્યાણના માર્ગે આગળ વધીએ.

તમે જે ચાર વેદને કેદમાં પૂર્યા છે તેને મુક્ત કરો

અસુર દુર્ગમના પ્રકોપથી નદીઓ અને સમુદ્રો જળરહિત થઈ જતાં સંસારનાં સમસ્ત વૃક્ષ અને લતા સુકાઈ ગયાં, આનાથી પૃથ્વીવાસીઓનાં ચિત્તમાં દીનતા ઊભરાઈ આવી. સમસ્ત મનુષ્યોનાં અતિદુ:ખને જોઈ સપ્તર્ષિ દેવરાજ ઈન્દ્ર સમક્ષ પધારે છે. દેવરાજ ઈન્દ્ર, સપ્તર્ષિ સહિત દેવગણો બ્રહ્મલોક પહોંચે છે.

બ્રહ્મદેવ: ‘ચતુર દુર્ગમે વરદાન માંગતી વખતે એવું વરદાન માંગ્યું છે કે કોઈ દેવતા એમનાં અસ્ત્ર કે શસ્ત્રથી તેનો વધ કરી શકે નહીં. હવે આપણી પાસે એક જ માર્ગ છે કે આપણે મહેશ્ર્વરી મહામાયા માતા પાર્વતીના શરણે જવું જોઈએ.’ બ્રહ્મદેવ સહિત સમસ્ત દેવગણ કૈલાસ પહોંચે છે. સમસ્ત દેવગણ માતા પાર્વતીની વંદના કરતાં કહે છે, ‘હે મહેશ્ર્વરી તમારી કૃપાદૃષ્ટિ સંસારવાસીઓ પર પાડો, તેમની રક્ષા કરો, દુર્ગમાસુરના પ્રકોપથી સમસ્ત સંસારનાં પ્રાણીઓ નષ્ટ થઈ જશે, હે મમતામયી તમે જેવી રીતે અસંખ્ય અસુરોનો વધ કર્યો તેમ દુર્ગમાસુરનો શીઘ્ર સંહાર કરો. દેવતાઓ અને સંસારવાસીઓ પર જ્યારે દુ:ખ આવે છે ત્યારે તમે જ અવતાર લઈને લોકોને સુખી કરો છો.’ દેવતાઓની પ્રાર્થના સાંભળીને મહેશ્ર્વરી માતા પાર્વતીએ એ સમયે પોતાનાં અનંત નેત્રોથી યુક્ત રૂપનું દર્શન કરાવ્યું. સંસારવાસીઓનાં કષ્ટ જોઈને માતા પાર્વતીનાં નેત્રોમાંથી કરુણાનાં આંસુ છલકાઈ આવ્યાં. માતા વ્યાકુળ થઈને લગાતાર આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં. તેમનાં નેત્રોથી અશ્રુજલની હજારો ધારાઓ પ્રવાહિત થઈ, માતાના અશ્રુજલની ધારાઓથી સંસારના કૂવા, વાવડી, સરોવર, નદીઓ અને સમુદ્રોમાં અગાધ જળ ભરાઈ ગયાં. સંસારનાં સમસ્ત વૃક્ષ અને લતા ફરી લહેરાવાં લાગી. ફરી પૃથ્વી પર શાક, ફળ, મૂળ અને ઔષધિઓનાં અંકુર ઉત્પન્ન થવા લાગ્યા. મહેશ્ર્વરી માતા પાર્વતી શુદ્ધ હૃદયવાળા મહાત્મા પુરુષ અને સ્ત્રીઓને પોતાના હાથમાં રાખેલા ફળ વહેંચવા લાગ્યાં. એમણે ગાયોને સુંદર ઘાસ અને બીજાં પ્રાણીઓ માટે યથાયોગ્ય ભોજન પ્રસ્તુત કર્યાં. દેવતા, બ્રાહ્મણ અને મનુષ્યો સહિત સંપૂર્ણ પ્રાણીઓ સંતુષ્ટ થઈ ગયાં. મહેશ્ર્વરી માતા પાર્વતી આઠ દિવસ અને આઠ રાત રડતાં રહ્યાં તે દિવસો એટલે પૌષ સુદ આઠમથી પૌષ સુદ પૂનમ. ત્યારથી સંસારવાસી દેવી ભક્તો માતાને શાકંભરી માતા અને આ આઠ દિવસને પૌષી શાકંભરી નવરાત્રિ તરીકે ઓળખે છે. આ પૌષી શાકંભરી નવરાત્રિના આઠ દિવસ દેવિ ભક્તો માતા શક્તિની ઉપાસના, ઉપવાસ અને વ્રત કરે છે.

તંત્રી લેખ... -

ગુરૂવાર, તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫

નક્સલવાદના ઉદ્ભમસ્થાન પર નિર્ણાયક પ્રહાર જરૂરી

કેન્દ્રની મોદી સરકારે આતંકવાદ સામે અસરકારક અભિયાન હાથ ધર્યું છે અને તેને સફળતા મળી રહી છે. જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ નાબૂદ થયા પછી આતંકવાદીઓએ ઘણા ઉધામા કર્યા અને સુરક્ષાદળોએ તેનો મક્કમ જવાબ આપ્યો. હવે પૂર્વોત્તર અને મધ્ય ભારતમાં ડાબેરી ઉગ્રવાદ-નક્સલવાદ સામે મોરચો માંડવામાં આવ્યો છે. છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષાદળોએ ૩૧ નક્સલવાદીને મોતને ઘાટ ઉતાર્યા, અફસોસ એ વાતનો એ છે કે, આ કાર્યવાહીને અંજામ આપવામાં આપણા બે જવાન શહીદ થયા. માર્યા ગયેલા વરદીધારી નક્સલવાદીઓ પાસેથી એકે-૪૭, એસએલઆર, ૩૦૩ રાયફલ ઉપરાંત બેરલ ગ્રેનેડ લોન્ચર સહિત હથિયારો વિસ્ફોટકોનો મોટો જથ્થો પણ હાથ લાગ્યો. છત્તીસગઢ સરકાર ડાબેરી ઉગ્રવાદ સામેની લડાઈમાં નિર્ણાયક તબક્કો માની રહી છે. ૨૦૨૬ સુધી તમામ નક્સવાદીઓને ખતમ કરી દેવાનું એલાન થયું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલવાદીઓને ચેતવણી આપી છે કે, શસ્ત્રો હેઠા મૂકો અથવા ગોળીઓનો સામનો કરવા તૈયાર રહેજો. નક્સલવાદી સામે કેન્દ્રીય ગૃહમંત્રાલયના નેતૃત્વમાં અર્ધસૈનિક દળ મોરચો સંભાળે છે. રાજ્યની પોલીસ ખુફિયા એજન્સીઓ તરફથી મળતી માહિતી અનુસાર રણનીતિ તૈયાર કરે છે. સમયાંતરે ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત રાજ્યોની બેઠકો યોજાય છે, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી ઉપરાંત ગૃહ સચિવ, મુખ્યમંત્રી, પોલીસવડાઓ ભાગ લે છે, જેમાં જે-તે સમયની પરિસ્થિતિની સમીક્ષા કરવસામાં આવે છે, સાથે એ બાબતનોય રિવ્યૂ લેવામાં આવે છે કે, નક્સલવાદીઓને શરણાગતિ માટે પ્રેરિત કરવાની યોજનામાં કેટલી સફળતા મળી અથવા તો તેમાં કોઈ અવરોધ આવે છે કે કેમ એ ઉપરાંત નક્સવાદીઓ સામે સુરક્ષાદળોનાં અભિયાનથી સ્થાનિક લોકો પ્રભાવિત નથી થતા ને? એ સાથે કેન્દ્ર અને રાજ્યની પોલીસ વચ્ચે તાલમેલની બાબતે મહત્ત્વની છે. અર્ધલશ્કરી દળો નક્સલવાદીઓની કમર તોડે છે, પણ એ દળના જવાનોને કેટલી સગવડો પૂરી પાડવામાં આવે છે. આ બધી બાબતો સામે નક્સલવાદીઓના પુનર્વસન ઉપરે ધ્યાન આપવું જરૂરી બને છે. હિંસા, વિદ્રોહ, અશાંતિ પાછળ ક્યાંય ને ક્યાંય ગરીબી, શોષણ, બેરોજગારી જેવી બાબતોય જવાબદાર હોય છે. અંતરિયાળ ક્ષેત્રોમાં વિકાસનાં ફળ પહોંચે, સ્થાનિક લોકોને શિક્ષણ, આરોગ્ય, રોડ-રસ્તા, પાણી, વીજળી, ઘર જેવી સુવિધા મળતી થશે, તો નક્સલવાદના મૂળિયાં આસાનીથી નેસ્તનાબૂદ થઈ શકશે. ૨૦૨૬ સુધી નક્સલવાદ નાબૂદ કરવાના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે રાજ્યો વચ્ચે તાલમેલ ખૂબ જરૂરી છે. ઘણીવાર રાજકીય પરિસ્થિતિને લીધે પણ નક્સલવાદ સામેની ઝુંબેશ પ્રભાવિત થતી હોય છે. દાખલો જોઈએ, તો જ્યારે છત્તીસગઢના જંગલોમાં છૂપાયેલા નક્સલવાદીઓ વિરુદ્ધ સકંજો કસવામાં આવે ત્યારે તેઓ આંધ્રપ્રદેશ, તેલંગાણા, બિહાર, ઓરિસ્સા, મહારાષ્ટ્ર કે ગઢચિરોલીના જંગલોમાં છૂપાઈ જાય છે. આવી સ્થિતિમાં છત્તીસગઢ પોલીસ સંબંધિત રાજ્યોમાં નક્સલવાદ વિરોધી પોલીસ કુમકની સહાયતા માગે છે, ત્યારે અપેક્ષિત સહકાર નથી મળતો અને નક્સવાદીઓ આ રીતે સુરક્ષિત બની જાય છે. અલબત્ત, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સતત સક્રિય હોવાના લીધે હવે પરિસ્થિતિમાં ફેર પડી ગયો છે. ડાબેરી ઉગ્રવાદ સામેની કાર્યવાહીમાં મળતી સફળતા પાછળનું આ પણ એક મહત્ત્વનું કારણ છે. નક્સલવાદીઓ સામે રણનીતિ બનાવી, તેનો અસરકારક અમલ કરાવીને તેમનું અસ્તિત્વ ખતમ કરવાની બાબત કેન્દ્ર અને રાજ્ય સરકારો તેમજ પોલીસતંત્રની સક્રિયતા પર નિર્ભર છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, જ્યાં સુધી ડાબેરી ઉગ્રવાદની માનસિકતા ખતમ નહી થાય, ત્યાં સુધી વૈચારિક હિંસાના રક્તબિંદુમાંથી નક્સલીઓ પેદા થવાની સંભાવનાનો ઈન્કાર ન થઈ શકે.

યુજીસી કાયદાનો વિવાદ

ભારતમાં સબળ લોકશાહીના ફાયદા અને ગેરફાયદા બન્ને હોવાનું કડવું સત્ય વારંવાર સામે આવતું રહે છે. દેશહિતના કોઈપણ મુદ્દામાં વિરોધપક્ષો વાંધા વચકા કાઢવાની કોઈ તક ચૂકતા નથી. આને કારણે ઘણી વખત ચાવીરૂપ મુદ્દા વિલંબમાં પડી જતા હોય છે. આવી જ હાલત ઉચ્ચ શિક્ષણનાં માળખાંને સુધારવાના ઉદ્દેશ સાથે તૈયાર કરાયેલા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)ના કાયદાના મુસદ્દાની થઈ રહી છે. આ મુસદ્દાનો વિપક્ષ શાસિત પાંચ રાજ્યએ વિરોધ કર્યો છે. કર્ણાટક, તામિલનાડુ, કેરળ, ઝારખંડ, તેલંગાણા અને હિમાચલ પ્રદેશે યુજીસી કાયદાના મુસદ્દાના વિરોધમાં એક સૂર થયા છે. યુનિવર્સિટીઓમાં વાઈસ ચાન્સેલરો (વીસી)ની પસંદગીની પ્રક્રિયાની સામે અને રાજ્યપાલોની સક્રિયતા સામે વિપક્ષી રાજ્ય સરકારને વાંધો છે. આમ તો વિપક્ષ શાસિત ન હોય એવાં રાજ્યોને પણ નારાજગી હોવાનું કહેવાય છે, પણ તેઓ રાજકીય કારણોસર જાહેર વિરોધ કરી શકતાં નથી. આમ, આવનારા સમયમાં યુજીસીના કાયદાનો મુસદ્દો કેન્દ્ર અને રાજ્ય સરકારોની વચ્ચે મતભેદનું કારણ બની શકે છે. રાજ્ય સરકારો વીસીની પસંદગી ઉપરાંત યુનિવર્સિટીનાં સંચાલન અને મદદનીશ પ્રાધ્યાપકોની નિયુક્તિની પાત્રતા જેવા મુદ્દે કેન્દ્ર સરકારનાં નિયંત્રણની સામે વાંધો ધરાવે છે. આમ, આ મહત્ત્વના કાયદાના મુસદ્દામાં વિપક્ષ શાસિત રાજ્ય સરકારો એકસાથે વાંધો વ્યક્ત કરી રહી છે, ત્યારે તેમના વાંધામાં વજુદ હોય એવી છાપ ઉપસી રહી છે. આજે શિક્ષણ કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સમવર્તી વિષય સૂચિમાં સમાવેશ ધરાવે છે. આવામાં યુનિવર્સિટીના વીસીની પસંદગીમાં રાજ્ય સરકારોના અધિકારની બાદબાકી સામે તેમનો વાંધો પ્રથમ નજરે યોગ્ય જણાઈ રહ્યો છે. સાથોસાથ એવી પણ છાપ સતત સામે આવતી રહે છે કે, વિપક્ષ શાસિત રાજ્યોમાં રાજ્યપાલો વહીવટી પ્રક્રિયામાં સતત દખલગીરી કરતા રહે છે. યુજીસીના નિયમોના મુસદ્દાને લીધે રાજ્યપાલોની દખલગીરી વધે એવો અંદેશો વિરોધપક્ષોને છે. ખરેખર તો ઉચ્ચ શિક્ષણને વધુ અસરકારક બનાવવાના ઈરાદાને મૂર્તિમંત કરવાના પ્રયાસોમાં રાજ્ય સરકારોની સાથે સહયોગ અને સંમતિ સાધવા કેન્દ્ર સરકારે પ્રયાસ આદરવાની જરૂરત છે. વિપક્ષ શાસિત રાજ્યોએ પણ તમામ મુદ્દે વિરોધ કરવાનાં વલણને ત્યજીને સહકારનો પ્રતિસાદ આપીને ઉચ્ચ શિક્ષણને વધુ સક્ષમ બનાવવામાં સહભાગી થવાની જરૂરત છે. યુજીસીના કાયદાનો મુસદ્દો કેન્દ્ર અને રાજ્ય સરકારોની જીદમાં અટવાઈ જવો જોઈએ નહી.

રાજ્ય સરકારો વીસીની પસંદગી ઉપરાંત યુનિવર્સિટીનાં સંચાલન અને મદદનીશ પ્રાધ્યાપકોની નિયુક્તિની પાત્રતા જેવા મુદ્દે કેન્દ્ર સરકારનાં નિયંત્રણની સામે વાંધો ધરાવે છે.

ટ્રમ્પના ગ્રીનલેન્ડને ટેઇકઓવર કરવાના ઇરાદા પાછળ ઘણા કારણો છુપાયેલા છે

શા માટે ટ્રમ્પની નીતિઓ ચર્ચાના ચકડોળે?

અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સત્તામાં આવતા વેંત જ સાત ઘોડે સવારી શરૂ કરી દીધી હતી. પણ તેના ઉપર હવે બ્રેક લાગવા માંડી છે. શરૂઆત થઇ છે એક મહિના માટે કેનેડા અને મેક્સિકો ઉપર વધારેલી ઈમ્પોર્ટ ટેરિફને એક મહિના માટે પાછી ઠેલવાના નિર્ણયથી કારણકે આ દેશોએ ટિટ ફોર ટેટની જેમ અમેરિકાથી આયાત વસ્તુઓ ઉપર ટેરિફ વધારવાની ધમકી આપી દીધેલ હતી. ચીને તો અમુક અમેરિકન પ્રોડક્ટસ ઉપર ડયૂટી વધારવાની જાહેરાત કરી દીધી છે.

ટ્રમ્પનો બીજો એક્ઝિયુટિવ ઓર્ડર કે જન્મજાત નાગરિક હક્ક ઘૂસણખોર લોકોના બચ્ચાઓને પ્રાપ્ત નહી થાય તેની સામે પણ સ્ટે ઓર્ડર આપેલ છે કે આ હુકમ અમેરિકન બંધારણે આપેલા અધિકારની વિરુદ્ધ છે. ટ્રમ્પનો ઓર્ડર કે ફેડરલ વર્કસએ કોમ્પેનસેસન લઇને પ્રિમેચ્યોર્ડ રિટાઈર્ડમેન્ટ લેવાની છે. જેમાં ૪૦૦૦૦ નોકરિયાતોએ ફોર્મ ભરવા છતાં અમેરિકન કોર્ટોએ તેના ઉપર રોક લગાવી અને બંધારણ વિરુદ્ધનું કાર્ય બતાવેલ છે. દુનિયાભરમાં યુએસ ફંડેડ રિસર્ચ ઉપર રોક લાગવાના નિર્ણયના કારણે વિશ્વભરમાં ચાલતા અમેરિકન રિસર્ચ અભ્યાનો જેમા મનુષ્યો ઉપર દવાના નવા રિસર્ચ કરીને તેઓને દવાના ઈન્જેકશનો અને દવાના ડોઝ આપીને નવી દવાના રિસર્ચ કરવામાં આવે છે તે રિસર્ચ પડતી મૂકવાના નિર્ણયના કારણે દુનિયાભરમાં હજારો નાગરિકો કે જેના ઉપર અખતરાઓ કરવામાં આવ્યા છે. તેના શરીરમાં આ દવાઓ અને ઈન્જેકશનો લગાવવામાં આવ્યા છે તેને અધવચ્ચે છોડીને મોટું માનવતા વિરુદ્ધ કાર્ય કરેલ છે. આ લોકોનો બિચાળાઓનો શું વાક?

અને આપણામાં કહેવત છે ને કે નબળો ધણી બાયડી પર શૂરો તેમ ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન પ્રોપર વિઝા ડોકયુમેન્ટસ વગર અમેરિકામાં મેક્સિકો અને અન્ય રૂટથી ઘૂસતા પકડાઇ ગયેલા અવૈધ લોકોને અમેરિકાથી હાથકડી અને પગમાં જંજીર બાંધીને ડિર્પોટ કરવામાં આવી રહ્યાં છે. જેમાં ભારતમાં હાલમાં આવેલા ૧૦૪ ભારતીયોનો સમાવેશ થાય છે તેના ઉપર પણ મિશ્ર પ્રત્યાઘાતો આવેલા છે. કારણકે એક વર્ગનું માનવું છે કે કોઈપણ દેશમાં અવૈધ રીતે ઘૂસતા લોકો કયારેય દયાને પાત્ર ના હોય શકે. જેમ કે ભારતમાં બાંગ્લાદેશી ઘુસણખોરીની સમસ્યા અને તેથી જો તેઓને હાથકડી અને પગમાં સાંકળ બાંધીને પ્લેનમાં લાવવામાં ન આવે તો તેઓ બધા ભેગા મળીને પ્લેનમાં ક્રુ અને પાઈલટો ઉપર હુમલો કરવાનો ડર સતાવ્યા કરે તેથી આ રીતે લાવવામાં આવેલા હતા. અને કેટલાકનું કહેવું છે કે લાખો રૂપિયા ખર્ચીને અમેરિકામાં ઘૂસી રહેલા લોકો સામે અમાન્ય વહેવાર કરવામાં આવેલ છે અને તેઓ આર્થિક રીતે બરબાદ થઈને તેઓના દેશમાં પાછા ફરી રહ્યાં છે. ટ્રમ્પનો ડોળો ગ્રીનલેન્ડના ટેઈકઓવર ઉપર તેની ૨૦૧૯ની પહેલી ટર્મથી જ હતો પણ તે સ્વપ્ન પૂરું નહી થતા ફરીથી તે ચળવળ શરૂ કરી દીધેલ છે અને કહે છે કે ડેન્માર્કના આ સેટેલાઈટ કંધટ્રીને હાંસિલ કરવામાં તે મિલિટરી કે આર્થિક તાકાતનો ઉપયોગ કરી શકે છે. દુનિયાના સૌથી મોટો દ્વીપ ગ્રીનલેન્ડમાં રહેતા ૫૭,૦૦૦ લોકો માટે અત્યારે અસ્તિત્વની સમસ્યા સર્જી દીધી છે. જોકે અત્યારે તો ગ્રીનલેન્ડસ કહે છે કે ગ્રીનલેન્ડ ઈઝ નોટ ફોર સેલ પણ અંદરખાનેથી લોકો ડેન્માર્કના તાબામાં રહેવા કરતા અમેરિકાના શરણે જવાનું વધારે પસંદ કરતા દેખાઇ રહ્યાં છે.

ટ્રમ્પના ગ્રીનલેન્ડને ટેઈકઓવર કરવાના ઈરાદા પાછળ ઘણા કારણો છુપાયેલા છે જેમાં પ્રમુખ કારણો છે કે ગ્રીનલેન્ડમાં બરફના થરો પીગળી રહ્યાં છે અને કેટલીય જગ્યાએ તો બરફ પીગળી પણ ગયો છે જેના કારણે ગ્રીનલેન્ડના પેટાળમાં રહેલા મિનરલ્સ જેવા કે કોપર, લિથિયમ, નીકલ અને કોબાલ્ટ જેવા મિનરલ્સ ખાણોમાંથી બહાર કાઢી શકાય તેમ છે. આ બધા મિનરલ્સ આવતી કાલની દુનિયા માટે વીન્ડ ટર્બાઈન્ડ, ટ્રાન્સમિશન લાઈન્સ, ઈલેક્ટ્રિકલ વ્હિકલની બેટરી માટે જરૂરી રો મટિરિયલ્સ છે અને ૨૦૨૩માં ડેન્માર્ક સરકારે બહાર પાડેલ રિસર્ચ રિપોર્ટમાં આનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. આના કારણે ટ્રમ્પની દીલચસ્પી વધી ગયેલ છે. બીજુ કે અમેરિકાથી યુરોપ જવા માટે ગ્રીનલેન્ડ એક શોટેસ્ટ રૂટ છે અને અમેરિકાની સ્પેસ ફેસિલિટીનો મોટો હિસ્સો ગ્રીનલેન્ડમાં સ્થિત છે. ઓટોનોમી હોવા છતાં પણ ગ્રીનલેન્ડ એ ડેન્માર્કના તાબાનો એક ભાગ છે. તેથી ડેન્માર્ક તો ના લઈ શકાય પણ ગ્રીનલેન્ડ જરૂર હાંસિલ કરી શકાય તેની હિલચાલ અમેરિકન પ્રશાસન કરી રહ્યું છે.

પીગળતા બરફના થરોના કારણે વેસ્ટર્ન યુરોપથી ઇસ્ટ એશિયામાં જવા માટેના દરિયાઇ રૂટમાં સુએઝ કેનાલના રૂટને બદલે ડાયરેક જવામાં દરિયાઇ રસ્તામાં ૪૦ ટકાનો ઘટાડો થઇ શકે છે. જેનાથી ભવિષ્યમાં અબજો ડૉલર્સની ઈંધણમાં, ફ્રેઈટમાં અને સમયમાં બચત થઇ શકે છે. અને પાછલા દશકોમાં આ ઑકટીક શિપ ટ્રાફિકમાં ૩૭ ટકાનો વધારો થઇ ચુકયો છે. ટ્રમ્પની વિચિત્ર માંગ છે કે ફ્રીડમ માટે ગ્રીનલેન્ડ ઉપર અમેરિકાનો અધિકાર ગ્રીનલેન્ડ અને અમેરિકાની સલામતી માટે જરૂરી છે અને અમેરિકા ગ્રીનલેન્ડસને ફ્રીડમ પ્રદાન કરી શકે છે. ગ્રીનલેન્ડ ટેઈકઓવર એ માઈટ ઈઝ રાઈટનું જીવંત ઉદાહરણ બની રહ્યું છે. વિશ્વમાં અમેરિકન ડૉલર્સનુ એકચક્રી શાસન, બ્રીકસ દેશોને અમેરિકન ડૉલર્સ સામે બ્રીકસની નવી કરન્સી નહીં લાવવાની ધમકીઓ અને વર્લ્ડ નંબર વન સુપર મિલિટરી અને ફાઇનાન્શિયલ પાવર અને યુક્રેન વોર પછી પાછળ પડી ગયેલા રશિયાના કારણે અમેરિકન પ્રેશર રેઝિસ્ટ કરવું ઈર્મજિંગ ઈકોનોમી માટે ખરેખર મુશ્કેલ છે પણ આનો જવાબ પણ અમેરિકન જ આપશે. કારણકે મેઈડ ઈન અમેરિકા અને અમેરિકા ફર્સ્ટ સાથે ઈલીગલ ઈમ્રિગ્રન્ટની હકાલ પટી અમેરિકન ઈન્ડસ્ટ્રી સહન કરી શકે તેમ નથી કારણકે મોટા ભાગના બ્લુ કોલર્સ વૅકસ આજ ઈલીગલ ઈમિગન્ટ જ છે અને અમેરિકન લેબર કોસ્ટલી હોવાના કારણે અમેરિકન ઈન્ડસ્ટ્રિઆલિસ્ટ મેઈડ ઈન અમેરિકા પ્રોડક્ટ દુનિયાની એકસપોર્ટ માર્કેટમાં કોમ્પિટિટીવ રેટથી વેંચી નહી શકે અને તેથી તેઓએ વિદેશમાં ગુડઝ અને સર્વિસીઝ માટે એકમો સ્થાપવા સિવાય કોઇ વિકલ્પ નહી રહે. આ મલ્ટિપલ મોરચે એટેક કરી રહેલ ટ્રમ્પ સરકાર ભવિષ્યમાં કેટલી સફળ રહેશે તેની દુનિયા રાહ જોઇ રહી છે કારણકે 'ફીલિંગ ઓફ સુપિરિયોરિટી ઓલવેઝ સ્ટેમ ફ્રોમ એન ઈલ્યુઝન.'

અમેરિકા અને ચીનની આર્થિક લડાઇનુ મુખ્ય કારણ રાજકીય છે...

અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોર

અમેરિકા અને ચીન વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની ગળાકાપ સ્પર્ધા છે

અમેરિકા અને ચીન વચ્ચે છેલ્લા કેટલાક સમયથી આર્થિક લડાઇ ચાલી રહી છે. જાણકાર નિષ્ણાંતો અને આર્થિક પંડિતો સારી રીતે જાણે છે કે આ આર્થિક લડાઇનુ મુખ્ય કારણ રાજકીય છે. બંને દેશો વચ્ચે વિશ્વમાં પ્રભુત્વ જમાવવા માટેની એક પ્રકારની સ્પર્ધા છે. ભારત અથવા તો અન્ય કોઇ દેશ આને રોકવાની સ્થિતીમાં નથી. પરંતુ કેટલાક એવા ઉપાય છે જેના કારણે ભારત અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઇનો લાભ લઇ શકે છે. વેપાર શરતોને વધારે ઉદાર બનાવીને ભારત જોરદાર રીતે લાભ ઉઠાવી શકે છે. જો અમેરિકા ચીનમાંથી આયાત કરવામાં આવતી ચીજો પર ડ્યુટીને લઇને મંજુરીની મહોર મારી દેશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંધવારીનો સામવો ચોક્કસપણે કરવો પડશે.પરંતુ આ પગલાના કારણે ચીન પર અનેક ગણી માઠી અસર થશે. સાથે સાથે જેઝટીઇ જેવી મોટી કંપનીઓ દેવાળુ ફુંકી શકે છે. હાલના સમયમાં સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી સંરક્ષણવાદની લહેર ભારત માટે હાનિકારક છે. આના કારણે ભારતમાં રોકાણમાં બ્રેક વાગશે. મોંઘવારીમાં વધારો થશે અને ઇનોવેશનની ગતિ પણ ધીમી થઇ જશેય. ચીનની લોકપ્રિય ટેલિકોમ કંપની જેડટીઇ દ્વારા નવમી મેના દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે અમેરિકી પ્રતિબંધ તેના પર અમલી થશે તો તે પોતાની ચીજોને રોકવા માટે મજબુર બની જશે. આ પહેલા અમેરિકાએ એક યાદી જાહેર કરીને ચીનમાંથી આયાત થનાર ૧૩૦૦ વસ્તુઓ પર ૨૫ ટકા ડ્યુટી વધારી દેવાની ઓફર કરી હતી. બંને મામલામાં ધમકી મળ્યા બાદ અમેરિકાની સરકારે નિર્ણયો હાલમાં ટાળી દીધા છે. એમ કહેવામાં આવે છે કે અમેરિકા-ચીન વેપાર મંત્રણા બાદ અમેરિકા દ્વારા કોઇ નવા પગલા લેવામાં આવનાર છે. બીજી બાજુ યુરોપિયન યુનિયને કહ્યુ છે કે જો અમેરિકા આયાત ડ્યુટી ઇયુ પર લગાવશે તો તે જડબાતોડ જવાબ આપશે. હવે ભારત સરકારની સામે અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલી આર્થિક લડાઇનો લાભ લેવાની તક રહેલી છે. સામાન્ય રીતે આ પ્રકારના યુદ્ધની વિશ્વ પર નકારાત્મક અસર થાય છે. જ્યારે માર્ચ મહિનામાં અમેરિકાએ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ડ્યુટી લાગુ કરી હતી ત્યારે તે માત્ર ચીન પર નહીં બલ્કે અમેરિકાને નિકાસ કરનાર તમામ દેશો પર ડ્યુટી લાગુ થઇ ગઇ હતી. ભારતીય સ્ટીલ અમેરિકામાં ખુબ ઓછા પ્રમાણમાં નિકાસ થાય છે જેથી ભારત પર તેની કોઇ વધારે અસર સ્થાનિક બજારમાં થઇ ન હતી. પરંતુ મેક અમેરિકા ગ્રેટ અગેઇનના કારણે જો અમેરિકા ટેક્સટાઇલ અને દવા જેવી મહત્વપૂર્ણ ભારતીય ચીજો પર ડયુટી વધારી દેવાની શરૂઆત કરે છે તો અમારી અર્થવ્યવસ્થા પર તેની પ્રતિકુળ અસર થનાર છે. જ્યાં સુધી ચીન અને અમેરિકાની વાત છે તો જંગમાં બન્ને ઘાયલ થશે. પરંતુ તમામ લોકો જાણે છે કે અમેરિકા હાલમાં ચીન કરતા વધારે સારી સ્થિતીમાં છે. કારણ એ છે કે ચીનની અર્થવ્યવસ્થા નિકાસ પર ટકેલી છે. આ નિકાસ પૈકી ૧૮ ટકા હિસ્સો સીધી રીતે અમેરિકા જાય છે. નાણાંકીય રીતે અમેરિકાની આયાત તેના નિકાસ કરતા ખુબ વધારે છે. આ વેપાર ખાદ્યને તેની દુખતી નસ તરીકે ગણવામાં આવે છે. રાજકીય રીતે જોવામાં આવે તો તે અમેરિકાના હથિયાર તરીકે બની જાય છે. જો અમેરિકા ચીનમાંથી આયાત થતી ચીજ વસ્તુઓ પર ડ્યુટી લાગુ કરવાની શરૂઆત કરશે તો અમેરિકી ગ્રાહકોને ચોક્કસપણે મોંઘવારીનો સામનો કરવો પડશે. મોંઘવારી પણ વધશે. જો કે ચીનને વધારે નુકસાન થનાર છે. અમેરિકા અને ચીન વચ્ચે આર્થિક લડાઇ માટેનુ કારણ રાજકીય છે. બન્ને દેશો વચ્ચે વિશ્વના દેશોમાં પ્રભુત્વ જમાવવા માટેની લડાઇ છે. ભારત અને ત્રીજા કોઇ દેશ આને રોકવા માટેની સ્થિતીમાં નથી. ભારત આ સંકટને અવસરમાં ફેરવી શકે છે. વેપાર શરતોને ઉદાર બનાવવામાં આવે તો ભારતને ફાયદો થઇ શકે છે. મુશ્કેલના દોરમાં આયાત ડ્યુટીનો એકતરફી રીતે ઘટાડી દેવાથી ભારતને કુલ ત્રણ ફાયદા થઇ શકે છે. પ્રથમ લાભ એ થશે કે ભારતનો વેપાર યુદ્ધમાં મોંઘવારીથી બચાવી શકાશે. આજે દરેક દેશ આયાત પર પ્રતિબંધ મુકે છે. જો અમે આ ટ્રેન્ડથી આગળ વધીને આયાતને સરળ બનાવી દઇશુ તો અમેરિકા હોય કે ચીન દરેક દેશ ભારત જેવા મોટા માર્કેટમાં વધારે તેજી સાથે નિકાસ કરવા માટે ઇચ્છશે નહી. આના કારણે ભારતીય ગ્રાહક માટે વિકલ્પ વધશે. સાથે સાથે મોંઘવારીથી રાહત મળશે. સ્માર્ટ ફોનને લઇ લેવામાં આવે તો ચીન, દક્ષિણકોરિયા અને અન્ય દેશોંમાં બનેલા ફોન ભારતમાં આયાત થાય છે. કરોડો ભારતીય લોકોએ ગબડી રહેલી કિંમતોનો લાભ લીધો છે. હવે અમેરિકા અને ચીન વચ્ચે ખેંચતાણના કારણે ફરી એકવાર ફોન મોંઘા થઇ જશે.

સંયુક્ત રાષ્ટ્રના હેવાલમાં ચોંકાવનારી વિગત સપાટી પર આવી ગઇ

છેલ્લા બે દશકોમાં બેગણા તલાક થયા

તલાકના કેસોમાં વધારો થયો હોવા છતાં હજુ ભારતમાં તલાકના કેસો વિશ્વના અન્ય દેશોની તુલનામાં સૌથી ઓછા નોંધાઈ રહ્યા છે

હાલમાં જારી કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે છેલ્લા બે દશકના ગાળામાં તલાક લેનારની સંખ્યા બેગણી થઇ ગઇ છે. દેશમાં લગ્ન ન કરનારની સંખ્યા ઓછી રહી છે પરંતુ સાથે સાથે તલાક લેનારની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયો છે. આના માટે અનેક કારણો જવાબદાર રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યા બાદ આને લઇને નિષ્ણાંતોમાં પણ ચર્ચા રહી છે. સંબંધિત ક્ષેત્રમાં કામ કરનાર જુદી જુદી સંસ્થાઓ દ્વારા યુએનના હેવાલમાં અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી છે. તલાકના મામલા બે ગણા થયા છે. જો કે દુનિયાના અન્ય તમામ દેશોની તુલનામાં તલાકના મામલા ભારતમાં હજુ સુધી સૌથી સૌથી નોંધાયા છે. સંયુક્ત રાષ્ટ્રના નવેસરના હેવાલ ૨૦૧૯-૨૦૨૦ ફેમિલિઝ ઇન એજ ચેજિંગ વર્લ્ડ રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારતમાં ૪૫થી ૪૯ વર્ષની વયની એવી મહિલાઓની સંખ્યા એક ટકા કરતા પણ ઓછી રહી છે જે મહિલાઓએ લગ્ન કર્યા નથી. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મામલામાં વધારો થયો હોવા છતાં માત્ર ૧.૧ ટકા મહિલાઓ જ તલાક લીધેલી છે. આમાં પણ શહેરી વિસ્તારોમાં રહેતી મહિલાઓની સંખ્યા વધારે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે એકલા પરિવારની સંખ્યા વધી રહી છે. ભારતમાં એકલ દંપતિઓની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. તલાકના મામલામાં એકલા માતાઓવાળા પરિવારની સંખ્યામાં પણ ઉલ્લેનીય વધારો થઇ રહ્યો છે. દેશમાં આવા પરિવારની સંખ્યા ૫.૪ ટકા સુધી પહોંચી ગઇ છે. સૌથી ઓચા તલાકવાળા દેશોની વાત કરવામાં આવે તો આમાં દરરોજના જીવનમાં વધતા જતા પતિ અને પત્નિ વચ્ચેના મતબેદો પણ કારણરૂપ છે. પતિ અને પત્નિ વચ્ચે મતભેદો તલાકના મુખ્ય કારણ પૈકી એક તરીકે છે. જે દેશોમાં તલાકના મામલા ઓછા છે તેમાં ભારત, ચિલી, કોલંમ્બિયા, મેક્સિકો, કેન્યા, દક્ષિણ આફ્રિકા, ઈજિપ્ત, બ્રાઝિલ, , તુર્કી અને ઈરાનનો સમાવેશ થાય છે. તલાકની સંખ્યામાં ઝડપથી થઇ રહેલા વધારાના સંબંધમાં ટોપના સમાજશાસ્ત્રીઓ અને બુદ્ધીજીવી લોકો નક્કરપણે માને છે કે તલાક અથવા તો છુટાછેડા લેવા માટેના કોઇ એક કારણ હોઇ શકે નહીં. તેના અનેક કારણ રહેલા છે. એકલા પરિવારમાં પતિ અને પત્નિ બંને નોકરી કરી રહ્યા છે. જેના કારણે બંનો દ્વારા એકબીજા માટે સમય કાઢી શકાતો નથી. જેથી મતભદો આના કારણે પણ વધે છે. સાથે સાથે જીદ્દી વલણ, અહં અને અનેક મામલા સામેલ છે. લગ્ન બાદના સંબંધોને મોટા કારણ તરીકે ગણવામાં આવે છે. સૌથી વધારે તલાકવાળા દેશોની વાત કરવામાં આવે તો આમાં લક્ઝમબર્ગ પ્રથમ સ્થાને છે. આ દેશમાં તલાકના મામલા ૮૭ ટકાની આસપાસ રહેલા છે. સ્પેન, ફ્રાન્સ, રશિયા, અમેરિકા, જર્મની, બ્રિટન, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને કેનેડામાં તલાકના કેસો સૌથી વધારે રહ્યા છે. યુએનના હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે દેશમાં ૫.૪ ટકા પરિવાર એકલા છે. એકલા પરિવારમાં મતભેદો ઝડપથી વધી જાય છે. અહંના ટકરાવને રોકવા માટે સતત પ્રયાસ દંપત્તિ કરે તે જરૂરી છે. મોંઘવારી વિશ્વના દેશોમાં વધી રહી છે. જુદા જુદા દેશોમાં હવે આર્થિક સ્થિતીને મજબુત કરવા માટે તમામ પ્રયાસ કરવામાં આવે છે. આર્થિક પરિસ્થિતીને પણ તલાક માટે કારણ ગણી શકાય છે. તલાક અનો છુટાછેડાના સંબંધોને રોકવા માટે સમાજશાસ્ત્રીઓ વારંવાર કોઇનો કોઇ પગલાને લઇને સુચન કરતા રહે છે. આનો લઇનો દુનિયાના જુદા જુદા દેશોમાં કાયદા રહેલા છે. જે મુજબ તલાક થાય છે. આજે પણ ભારતમાં અન્ય દેશોની તુલનામાં તલાકને સારી રીતે જોવામાં આવતા નથી. તલાક લેનારની સામે આંગળી ઉઠાવવામાં આવે છે. તલાકના મામલા કેમ વધી રહ્યા છે તેવા પ્રશ્નના જવાબમાં સૌથી પહેલો જવાબ એ છે કે લાઇફસ્ટાઇલને ઉંચી કરવા માટે દરેક વ્યક્તિ પ્રયાસ કરે છે. આમાં નાણાંકીય તકલીફ આવે છે. આના માટે બાંધછોડ કરવામાં આવે છે. લગ્ન કર્યા બાદ પણ અન્ય સંબંધો પણ સૌથી મોટા કારણ તરીકે છે..

જિમ સરભ અને નસીરુદ્દીન શાહ મોટા પડદે જીવંત કરશે 'ટાઇટન'ની કહાની

ભારતની સૌથી મોટી અને લોકપ્રિય બ્રાન્ડ પર બનશે મેડ ઇન ઇન્ડિયા – એ ટાઇટન સ્ટોરી



જિમ સરભ અને નસીરુદ્દીન શાહ બંને ઓટીટી પર કેટલાંક મહત્વના પાત્રો ભજવી ચૂક્યા છે. ઓટીટીમાં ફિલ્મ કરતાં ઘણી રસપ્રદ કથા અને કહાણીઓ લોકો સુધી પહોંચવી શક્ય બની છે. જિમ સરાભ તો ઓટીટી પર હોમી ભાભાનું પાત્ર પણ કરી ચૂક્યો છે. ત્યારે હવે ઓટીટી પર દેશની પહેલી સ્વદેશી અને લોકપ્રિય બ્રાન્ડ ટાઇટનની કથા જીવંત થવા જઈ રહી છે. આ સ્ટોરીમાં જીમ સરાભ અને નસીરુદ્દીન શાહ મુખ્ય રોલમાં હશે. ૬ એપિસોડની સ્ટોરી દેશના જાણીતા ઉદ્યોગપતિ જહાંગીર રતનજી દાદાભાઈ ટાટા અને ઝેરઝેસ દેસાઇની વાર્તા કહેવાશે, તેઓ ટાઇટનના પહેલા મેનેજિંગ ડિરેક્ટર હતા, જેની આ કંપનીની સ્થાપનામાં મહત્વનો ફાળો હતો.

૧૯૮૦ના દાયકા પર આધારિત આ સિરીઝમાં બે વ્યક્તિએ કેટલાં સંઘર્ષ વચ્ચે ક્રાંતિકારી કામ કર્યું હતું તે દર્શાવાશે. વિનય કામથની બેસ્ટ સેલર બૂક 'ટાઇટન – ઇનસાઇડ ઇન્ડિયાઝ મોસ્ટ સક્સેસફુલ કન્ઝ્યુમર બ્રાન્ડ' પરથી આ સિરીઝની પ્રેરણા લેવાઈ છે.

તેમાં એક આમ જનતાની ઘડિયાળની કંપનીએ શરૂઆતમાં કઈ રીતે પડકારોનો સામનો કરવો પડ્યો અને સફળતા મળી દર્શાવાશે. થોડાં દિવસ પહેલાં તેનું ટ્રેલર લોંચ કરવામાં આવ્યું છે. આ સિરીઝ કરણ વ્યાસ દ્વારા લખવામાં આવી છે. રોબી ગ્રેવાલે આ સિરીઝ ડિરેક્ટ કરી છે.

જિમ સરભ ઝેરઝેસ દેસાઇનો રોલ કરશે અને નસીરુદ્દીન શાહ જેઆરડી તાતાનો રોલ કરશે. આ શોમાં વૈભવ તતવાવડી, નમિતા દુબે, કાવેરી સેઠ અને લક્ષવીર સરન વિવિધ રોલમાં જોવા મળશે. આ સિરીઝની રિલીઝ ડેટ હજુ જાહેર કરવામાં આવી નથી.

ફિલ્મોએ મને ડિટેચમેન્ટ શીખવાડ્યું: સૈયામી ખેર

એક્ટ્રેસ અને એથલીટ સૈયામી ખેરનો દષ્ટિકોણ એક્ટિંગ અને રમત-ગમતની સિદ્ધિઓ બંને માટે ઘણો અલગ છે. તેની રમત-ગમતને લગતી સિદ્ધિઓ અંગત છે, જ્યારે ફિલ્મ બાબતે તે ડિટેચમેન્ટના નિયમને અનુસરે છે. છેલ્લે તે ૨૦૨૪માં આવેલી ઓટીટી ફિલ્મ 'અગ્નિ'માં જોવા મળી. હાલ તે હૈદ્રાબાદમાં શૂટ સની દેઓલ સાથે શૂટ કરી રહી છે. સૈયામી કહે છે, "ફિલ્મમાંથી હું જે સૌથી મોટી વાત શીખી છું તે છે – ડિટેચમેન્ટ. જ્યારે હું પરફોર્મ કરું અને ફિલ્મ પુરી થાય ત્યારે હું ખુશ થઈ જઉં છું કે મેં મારી જાતનો મહત્તમ ઉપયોગ કર્યો છે.''સૈયામીએ કહ્યું, "જોકે, ફિલ્મ એક મોટી કમર્શિયલ હિટ છે કે નહી, તેના પર મારી ખુશી આધારિત નથી. કારણ કે એવી ઘણી બાબતો હોય છે, જે તમારા હાથમાં નથી હોતી. આ ઘણું અઘરું છે પણ મને લાગે છે કે જો તમારું મુલ્ય બોક્સ ઓફિસની સફળતા પર આધારીત હશે તો તમે ગાંડા થઈ જશો.''સૈયામી જર્મન આયર્નમેન ટ્રાએથલોનમાં ભાગ લેનારી પહેલી ભારતીય મહિલા અભિનેત્રી બની છે. હવે જુલાઈમાં તે બીજી વખત આ ટ્રાએથલોનમાં ભાગ લેવાની છે. તેના માટેની તૈયારીઓ સૈયામી શરૂ કરી ચુકી છે. તેણે કહ્યું, "જ્યારે તમે તમારી જાત માટે કોઈ રમત પસંદ કરો છો, ત્યારે જીત બહુ અંગત અનુભવ બની જાય છે. દર વખતે એવી કેટલીક સીમાઓ હોય છે, જે તમારે પાછળ છકેલવી પડે. હું તેના માટે મારી જાતને જેટલી આગળ ધકેલી શકું એટલી હું મારી જાતને વધુ સજ્જ સમજું છું. તેથી મારા માટે રમત મારા માટે નાની અંગત જીત છે, તેનાથી મને ઘણી ખુશી મળે છે.''

ઇબ્રાહિમ અલી ખાન 'નાદાનિયાં'માં ખુશી કપૂરનો પૈસાદાર બોયફ્રેન્ડ બનશે

કરણ જોહરે થોડાં વખત પહેલાં ઈબ્રાહિમ અલી ખાન અને ખુશી કપૂર સાથે ફિલ્મની જાહેરાત કરી ત્યારથી જ યંગ ઓડિયન્સ આ ફિલ્મ અંગે ઘણું ઉત્સાહિત હતું. ખાસ તો જ્યારે ખુશી કપૂરે ઈબ્રાહિમનું સિનેમાની દુનિયામાં સ્વાગત કરીને બંનેની એક મિરર સેલ્ફી પણ શેર કરી હતી. ત્યાર બાદ તેમણે ફિલ્મ 'નાદાનિયાં'નું પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં તેઓ કોલેજના વિદ્યાર્થીઓ જેવા લાગતાં હતાં. ફૂટબોલ પર આધારીત આ ફિલ્મનું પહેલું ગીત 'ઇશ્ક મેં' થોડાં દિવસો પહેલાં રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં બંનેની કેમિસ્ટ્રી પણ ઘણી સારી લાગતી હતી. આ ગીતમાં તેમની જોડીના ઘણા વખાણ થયાં છે.નેટફ્લિક્સ પર આ ફિલ્મ રિલીઝ થવાની છે, જેમાં અપાયેલાં ફિલ્મના સિનોપ્સીસ મુજબ તેમાં ખુશી પિઆનો રોલ કરે છે જે એક પૈસાદાર પરિવારની પ્રેમાળ છોકરી છે. એક ગેરસમજના કારણે તેના મિત્રો તેની વિરુદ્ધ થઈ જાય છે. ત્યારે તે કેરિઅર પર જ ધ્યાન આપતા છોકરા અર્જુન એટલે કે ઈબ્રાહીમને તેના બોયફ્રેન્ડ તરીકે કામ પર રાખે છે. આમ આ સ્ટોરી વાંચીને તો ઘણી રસપ્રદ લાગી રહી છે. પરંતુ ફિલ્મમાં આ સ્ટોરી કેવી રીતે દર્શાવાઈ છે, તે તો ફિલ્મ રિલીઝ થાય ત્યારે જ ખબર પડશે. એક તરફ ઈબ્રાહિમ તેના ડેબ્યુની તૈયારી કરી રહ્યો છે અને બીજી તરફ ખુશીની 'લવયાપા' રિલીઝ થઈ ચૂકી છે, જેને મિશ્ર પ્રતિસાદ મળી રહ્યો છે.

ગ્રેમી વિજેતા થિરોન બિલી સાથે નોરા ફતેહીનો નવો ઈન્ટરનેશનલ પ્રોજેક્ટ

નોરા અને થિરોનની જોડીએ અગાઉ 'સ્નેક'માં સફળતા મેળવી હતી

નોરા ફતેહી પોતાના ડાન્સ અને ગ્રેસ માટે જાણીતી છે, તાજેતરમાં જ તેણે પોતાનો જન્મદિવસ ઉજવ્યો છે. હવે નોરા એક ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, તેણે ફિફામાં પરફોર્મ કર્યું હતું અને થોડાં વખત પહેલાં તેણે ટોમી બ્રાઉન સાથે 'સ્નેક' બનાવ્યું હતું હવે તે ફરી એક વખત ઈન્ટરનેશનલ લેવલ પર નવું કોલબરેશન કરવા જઈ રહી છે. તેણે સોશિયલ મીડિયા પર પોતાની એક તસવીર શેર કરીને ફેન્સને ઉત્સાહમાં લાવી દીધાં છે. જેમાં તે પ્રોડ્યુસર ટોમી બ્રાઇન અને ગ્રેમી વિજેતા મ્યુઝિશિયન થિરોની બિલી વાતો કરતાં દેખાય છે. જેનાથી તેણે આ ત્રણેય વચ્ચેના આગામી કોલબરેશનની હિન્ટ આપી છે. આ તસવીર શેર કરતાં તેણે કેપ્શનમાં લખ્યું હતું, "આ રીતે "એક બોસ બેસે'' ત્યારે દેખાય..અમે કશુંક લાવીએ છીએ..૨૦૨૫માં આગ લગાવી દઇશું.''

નોરાએ ફિફા વર્લ્ડ કપમાં 'લાઇટ ધ સ્કાય' અને 'સ્નેક' જેવા ગીતો પરફોર્મ કર્યાં હતાં ત્યારથી તે ગ્લોબલી પણ પોપ્યુલર થઈ ગઈ છે. તેણે ૨૦૧૯માં 'પેપેટા' માટે રે વન્ની સાથે પણ કોલબરેશન કર્યું છે. તેને ૯૦ મિલિયન વ્યૂઝ મળેલાં છે. આ ઉપરાંત તેણે 'ધ ડર્ટી સિક્રેટ' માટે ઝેક નાઇટ સાથે પણ કોલબરેશન કર્યું હતું. સીકે સાથે તેણે 'ઇટ્સ ટ્રુ' આલ્બમ માટે કોલબરેટ કર્યું હતું. તેણે જ્યારે 'સ્નેક' માટે જેસન ડેરુલો અને ટોમી બ્રાઉન સાથે પ્રોડક્શન રિલીઝ કર્યું તો તેને ૨૪ કલાકની અંદર ગ્લોબલી ૨ ક્રમે અને સ્પોટિફાયના ગ્લોબલ ચાર્ટ પર ૩ ક્રમે પહોંચી ગયું હતું. તે ટ્રેન્ડિંગ થઈ ગયું હતું. તેની આ સફળતાઓ પછી હવે નવા કોલબરેશન પાસે પણ ઘણી અપેક્ષાઓ છે.

ઈન્ડસ્ટ્રીમાં અવગણના સામે ઝઝૂમી રહેલી અંજના સુખાની

અક્ષય કુમાર કે કરીના કપૂર જેવા સ્ટાર્સને પબ્લિસિટીની જરૂર નથી

અંજના સુખાની ફિલ્મોનો જાણીતો ચહેરો છે, તે ઘણી ફિલ્મોમાં સર્પોર્ટિંગ રોલમાં જોવા મળી છે. તાજેતરમાં એક ઈન્ટવ્યૂમાં તેણે ૨૦૧૯માં આવેલી ફિલ્મ 'ગૂડ ન્યૂઝ' કઈ રીતે અવગણનાનો સામનો કરવો પડ્યો હતો એ અંગે ખુલીને વાત કરી હતી. તેણે કહ્યું હતું કે ફિલ્મમાં તેનો રોલ મહત્વનો હતો છતાં પ્રમોશનમાં માત્ર અક્ષય કુમાર, કરીના કપૂર, દિલજિત દોસાંજ અને કિઆરા અડવાણી પર જ ધ્યાન કેન્દ્રિત કરી દેવાયું હતું.ફિલ્મમાં અંજનાએ અક્ષયની બહેનનો રોલ કર્યો હતો. તેણે પોતાની નિરાશા વ્યક્ત કરતા જણાવ્યું, "હું સમજું છે કે ફિલ્મમાં જેમનો મુખ્ય રોલ છે તેઓ દેશના સૌથી મોટા સ્ટાર્સ છે. અમારી ફિલ્મમાં કરીના કપુર ખાન, અક્ષય કુમાર, કિઆરા અડવાણી અને દિલજિત દોસાંજ હતા. એ લોકો આજે દેશના લોકપ્રિય સ્ટાર્સ છે અને હું લીડ રોલમાં નહોતી પરંતુ મને લાગે છે કે મારો રોલ ફિલ્મમાં મહત્વનો તો હતો જ કે એણે જ એ લોકોને સમજાવ્યા હતાં કે એ લોકો આ રીતે પણ કરી શકે છે.''અંજનાએ તેના કેરિઅરના ચડાવ-ઉતાર અંગે પણ વાત કરી હતી અને સ્વીકાર્યું હતું કે તેને ગૂડ ન્યુઝ મળી એ પહેલાં તે નબળાં તબક્કામાંથી પસાર થઈ રહી હતી. અંજનાએ કહ્યું, "એક એવો સમય હતો જ્યારે લગભગ એક કે બે વર્ષ સુધી મારી પાસે ખાસ કોઈ કામ નહોતું અને પછી ગૂડ ન્યુઝ મળી. હું એવું નથી કહેતી કે એ લોકો મને બધે સાથે રાખે કારણ કે સ્ટોરી બે કપલની જ હતી. સમજી શકાય, પરંતુ પ્રમોશનની એક પણ ઈવેન્ટમાં મને ગણવાની જ નહીં? મને લોકોની આવી માર્કેટિંગ સ્ટ્રેટેજી સમજાતી નથી.''એક કલાકાર સ્ટાર હોય કે નહીં પરંતુ તેની પોતાની એક વિશ્વસનીયતા હોય છે, આ અંગે અંજનાએ કહ્યું, "મને સમજાતું નથી. જો તમે એક કલાકારને તમારી ફિલ્મ માટે પસંદ કરો છો, દરેક કલાકારની એક વિશ્વસનીયતા હોય છે. તમારી કદાચ સોમાંથી સો હશે તો મારી કદાચ ૧૦૦માંથી ૨૦ હશે. એનો કોઈ વાંધો નથી, પણ એટલીનો ઉપયોગ તો કરો. અક્ષય કુમારને પબ્લિસિટીની જરૂર નથી, એ અક્ષય કુમાર છે. પરંતુ મને જરૂર છે. હું કરીના કપૂર નથી, એટલે મારે જરૂર છે. બીજા કલાકારો કરતાં મને થોડી લોકોની નજરમાં આવવાની જરૂર છે.''અંજનાએ પછી આ ફિલ્મના કો-પ્રોડ્યુસર અક્ષય કુમારનો સંપર્ક કર્યો હતો, "મેં અક્ષયને આ વિશે વાત કરી, કારણ કે મને દુઃખ થયું હતું કે મને ક્યાંય સાથે રાખવામાં આવી નહોતી. મેં તેને કહ્યું, કે મહેરબાની કરીને મને થોડી મદદ કરો, તમારી થોડી મદદથી મને મોટી મદદ મળશે, તેમાં કોઈનું નુકસાન નથી. હું કોઈ પાંચ વધારાના ઈન્ટરવ્યૂ કરીશ તો કોઈનું સ્ટારડમ ઘટશે નહી. હા થોડી વધારાની ટિકિટ વેચવામાં મદદ જરૂર મળશે.

સલમાન- એટલીની ૫૦૦ કરોડની ફિલ્મ શરૂ થતાં પહેલાં જ અટવાઈ?

BEING HUMAN

એટલીએ 'જવાન'માં શાહરુખ ખાન સાથે કામ કર્યા પછી હવે તે સલમાન ખાન સાથે મોટા બજેટની ફિલ્મ બનાવવા તૈયારી કરી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી આ બંનેની ફિલ્મ અને તેમના વચ્ચે ચાલતી વાટાઘાટો અંગે ચર્ચાઓ ચાલતી હતી. આ એટલીની છઠ્ઠી ફિલ્મ હશે. હાલ આ ફિલ્મ પ્રી પ્રોડક્શનના સ્ટેજ પર છે અને ૨૦૨૬ના ઉનાળા સુધીમાં તેનું શૂટિંગ શરૂ થવાની શક્યતા છે. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં અટલીએ કન્ફર્મ કર્યું છે કે એ સલમાન ખાન સાથે એવી ધમાકેદાર ફિલ્મ બનાવશે કે આખી દુનિયાને તેના પર ગર્વ થશે. આ બિગ બજેટ ફિલ્મ શરૂ થતાં પહેલાં જ પડતી મૂકાઈ હોવાની ચર્ચા છે.

કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર, એટલી સલમાન સાથે પોતાની છઠ્ઠી ફિલ્મ ૫૦૦ કરોડના મહાકાય બજેટ સાથે બનાવશે, જેમાં તે એક અલગ દુનિયા બનાવવા જઈ રહ્યો છે. સૂત્રના જણાવ્યા અનુસાર, "આ એક પીરિયડ ડ્રામા છે, જેમાં પુનર્જન્મની વાત છે, જેમાં અટલી એક ક્યારેય ન જોઈ હોય એવી દુનિયા રચવા જઈ રહ્યો છે. સાથે સલમાન પણ કશુંક નવું કરવા માટે અને અટલી સાથે કામ કરવા ઉત્સાહિત છે. આ ફિલ્મમાં અટલીને એક ચોક્કસ પ્રકારનો હિરો જોઈએ છે, તેથી સલમાન ખાન તેના માટે વજન ઘટાડવાની પણ તૈયારી કરી રહ્યો છે.''

સલમાન સાથેની આ ફિલ્મ માટે રજનીકાંત સાથે પણ ચર્ચા વિચારણા કરી રહ્યો છે. જો તે આ પ્રકારનું મોટું કાસ્ટિંગ કરવામાં સફળ રહ્યો તો આ ફિલ્મ ચોક્કસ ભારતીય સિનેમાની સૌથી મોટી ફિલ્મ બની રહેશે, જેમાં બે લોકપ્રિય સુપરહિરો સલમાન ખાન અને રજનીકાંત પહેલી વખત એકસાથે જોવા મળશે.

આ ફિલ્મમાં રજનીકાંતના રોલમાં કમલ હસનને લેવાની પણ ચર્ચા હતી. એટલી છેલ્લા એક વર્ષથી આ ફિલ્મ માટે મહેનત કરી રહ્યો છે. જેમાં ભૂતકાળ અને આજ એમ બે સમયગાળાની વાત હશે. તેના માટે એક કાલ્પનિક દુનિયા બનાવવાની પણ તૈયારી કરવામાં આવી રહી છે. સલમાન આ ફિલ્મમાં ડબલ રોલમાં જોવા મળશે. આ ફિલ્મના બધાં જ પાત્રોના ભૂતકાળ અને આજ એકબીજા સાથે જોડાયેલા હશે. સલમાન ખાન 'સિકંદર'નું કામ પૂરું કરીને આ ફિલ્મ હાથ પર લેવા માગે છે. ફિલ્મ પડતી મૂકવા બાબતે સલમાન કે એટલી તરફથી કોઈ ખુલાસો થયો નથી.

કેટલાંક સૂત્રોના જણાવ્યા અનુસાર, એટલી સલમાન સાથે પોતાની છઠ્ઠી ફિલ્મ ૫૦૦ કરોડના મહાકાય બજેટ સાથે બનાવશે, જેમાં તે એક અલગ દુનિયા બનાવવા જઈ રહ્યો છે. સૂત્રના જણાવ્યા અનુસાર, "આ એક પીરિયડ ડ્રામા છે, જેમાં પુનર્જન્મની વાત છે,

IPL પહેલા મોટી જાહેરાત, RCBને મળ્યો નવો કેપ્ટન, કોહલી નહીં પણ પાટીદારને કમાન

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમનાં ચાહકો માટે આજનો દિવસ ખૂબ જ ખાસ બનવાનો છે. આજે ટીમ 2025 આઈપીએલ માટે તેનાં કેપ્ટનની જાહેરાત કરી છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમમાં વિરાટ કોહલી, રજત પાટીદાર, લિયમ લિવિંગસ્ટોન, ફિલ સોલ્ટ અને કૃણાલ પંડ્યા જેવાં મોટા ખેલાડીઓનો સમાવેશ થાય છે.

હકીકતમાં, આઈપીએલ 2025ની મેગા હરાજી પહેલાં, ટીમે ફક્ત ત્રણ ખેલાડીઓ જાળવી રાખ્યાં હતાં. માહિતી મુજબ કોહલીએ આરબીસી કેપ્ટન ન બનવાનો નિર્ણય કર્યો છે અને ટીમ મેનેજમેન્ટ સાથે વાત પણ કરી છે. પ્રશ્ન એ ઉભો થયો હતો કે કે આઈપીએલ 2025માં આરસીબીની કેપ્ટનશિપ કયાં ખેલાડીને સોંપવામાં આવશે? રજત પાટીદાર પણ મુખ્ય દાવેદાર કેટલાક અહેવાલો અનુસાર, ટીમ આ જવાબદારી રજત પાટીદારને સોંપી છે. ખરેખર, રજત પાટીદારે મુસ્તાક અલી ટ્રોફીમાં મધ્યપ્રદેશની ટીમની કપ્તાન કરી હતી. મધ્યપ્રદેશની કપ્તાન કરતી વખતે, રજત પાટીદાર ટીમને મુસ્તાક અલી ટ્રોફીની ફાઈનલમાં લઈ ગયો હતો.

રજત પાટીદારે આખી ટૂર્નામેન્ટની કપ્તાન કરી હતી. તેણે કેપ્ટન તરીકે શાનદાર પ્રદર્શન પણ કર્યું હતું. આવી સ્થિતિમાં, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર પણ આ જવાબદારી રજત પાટીદારને સોંપી છે. ખરેખર, રજત પાટીદાર એક યુવા ખેલાડી છે અને લાંબા સમય સુધી કેપ્ટન બનાવવાનો યોગ્ય વિકલ્પ હોઈ શકે છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે રજત પાટીદાર તાજેતરનાં ખૂબ સારું પ્રદર્શન કર્યું છે, જેનાં કારણે તે પણ સૂચિમાં શામેલ કર્યો હતો. આવી સ્થિતિમાં પાટીદાર પણ મોટા દાવેદાર હતો. કૃણાલ પંડ્યાની નેતૃત્વ ક્ષમતાનો આરસીબીમાં ખૂબ આદર કરવામાં આવે છે. ઘરેલું ક્રિકેટમાં બરોડાના કેપ્ટન તરીકે, તેને સતત શાનદાર પ્રદર્શન કર્યું છે અને તે તેમનાં નેતૃત્વ ગ્રુપનો એક અભિન્ન ભાગ રહ્યો છે.

આરસીબી આજે જાહેરાત માટે વિશેષ મીડિયા કોન્ફરન્સ નક્કી કરી હતી. ક્રિકેટ ડિરેક્ટર મો. બાબાત, મુખ્ય કોચ એન્ડી ફલાવર અને અન્ય મોટા પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ભારત ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં પ્રેક્ટિસ મેચ રમશે નહીં

વનડે સિરીઝમાં ઈંગ્લેન્ડને 3-0 થી હરાવનાર ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફી માટે કોઈપણ પ્રેક્ટિસ મેચ રમશે નહીં. આ આઈસીસી ટૂર્નામેન્ટ 19 ફેબ્રુઆરીથી પાકિસ્તાન અને દુબઇમાં યોજાશે. ભારત દુબઇમાં તેની તમામ મેચ રમશે કારણ કે તેણે આ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાનની મુલાકાત લેવાનો ઇનકાર કર્યો હતો. પ્રેક્ટિસ મેચ 14 થી 17 ફેબ્રુઆરી દરમિયાન રમવામાં આવશે.

પાકિસ્તાને ત્રણ શાહેન ટીમની જાહેરાત કરી હતી જે બાંગ્લાદેશ, દક્ષિણ આફ્રિકા અને અફઘાનિસ્તાન સામે પ્રેક્ટિસ મેચ રમશે. બીસીસીઆઈના દ્વારા પ્રેક્ટિસ મેચ નહીં રમવાનો નિર્ણય લેવામાં આવ્યો છે કારણ કે ભારત ઈંગ્લેન્ડ સામે ત્રણ -મેચ વનડે સિરીઝ રમી ચુકી છે અને ભારતીય ટીમ 15 ફેબ્રુઆરીએ દુબઇ પહોંચવાની છે.

અફઘાનિસ્તાન, દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ 14 અને 17 ફેબ્રુઆરીએ ત્રણ પ્રેક્ટિસ મેચ રમશે. અફઘાનિસ્તાન 16 ફેબ્રુઆરીએ ન્યુઝીલેન્ડ સામે પ્રેક્ટિસ મેચ પણ રમશે

દક્ષિણ આફ્રિકા અને ન્યુઝિલેન્ડ પહેલેથી જ પાકિસ્તાનમાં ઘરેલુ ટીમ સાથે ત્રિકોણીય સિરિઝમાં ભાગ લઈ રહી છે. શાદબ ખાન 14 ફેબ્રુઆરીએ લાહોરમાં અફઘાનિસ્તાન સામે શાહેન્સ ટીમનું નેતૃત્વ કરશે. ભારત 20 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે તેની પ્રથમ લીગ સ્ટેજ મેચ રમશે. આ પછી, ટીમ ઈન્ડિયાને 23 ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામેની મેચ બાદ સાત દિવસનો આરામ મળશે. આ પછી, 2 માર્ચે, ભારતીય ટીમ ન્યુઝીલેન્ડનો સામનો કરશે.

જ્યારે ભારતે છેલ્લી વખત ચેમ્પિયન્સ ટ્રોફી 2013 માં જીતી ત્યારે મહેન્દ્રસિંહ ધોની ટીમનો કેપ્ટન હતો. વરસાદને કારણે 2002 માં ફાઇનલ રદ કરવામાં આવી હતી. ત્યારબાદ ભારત અને શ્રીલંકા સંયુક્ત વિજેતા હતાં.

બીસીસીઆઈએ કહ્યું કે, ભારત પહેલાં જ ઈંગ્લેન્ડ સામે સિરિઝ રમી રહી હતી તેથી પ્રેક્ટિસ માટે સમય નથી

વન-ડે સીરીઝમાં ભવ્ય જીતથી રોહિત શર્મા ખુશ ખેલાડીઓને કુદરતી રમત રમવાની સ્વતંત્રતા

ઈંગ્લેન્ડની ત્રણ મેચની વનડે સિરીઝમાં ભારતે 3-0 થી જીત મેળવી હતી. ટીમ ઇન્ડિયાએ બુધવારે રમવામાં આવેલી મેચમાં ઈંગ્લેન્ડને 142 રનથી હરાવી અને શ્રેણી જીતી હતી.

આ ફોર્મેટમાં ઈંગ્લેન્ડ સામે ટીમ ઈન્ડિયાની આ બીજી સૌથી મોટી જીત છે. મેચ સમાપ્ત થયાં પછી, હિટમેને તમામ ખેલાડીઓને અભિનંદન આપ્યાં અને કહ્યું કે દરેકને ટીમમાં પોતાની રીતે રમવાની સ્વતંત્રતા છે.

રોહિત શર્માએ કહ્યું કે, ખેલાડીઓને પોતાની રીતે રમવાની સ્વતંત્રતા છે અને મેનેજમેન્ટને કેટલીક વાર મળતી નિષ્ફળતાઓ વિશે બહુ ચિંતિત નથી. કેપ્ટને કહ્યું- ટીમમાં પોતાની રીતે રમવાની થોડી સ્વતંત્રતા છે. રોહિતે કહ્યું કે ટીમ શાનદાર પ્રદર્શન કરવાનું ચાલું રાખવા માંગે છે પણ કેટલીકવાર એવું બનશે કે બધું સારું નહીં થાય પરંતુ તેનો કોઈ વાંધો નથી.

રોહિત ટીમનાં પ્રદર્શન અને બધાનાં સંતોષકારક પ્રદર્શનથી ખૂબ ખુશ છે. તેમણે કહ્યું કે તે સિરિઝની સતત જીતથી ખૂબ ખુશ છે. તેમણે કહ્યું કે ભારત 19 ફેબ્રુઆરીથી શરૂ થનારી ચેમ્પિયન્સ ટ્રોફીને ધ્યાનમાં રાખીને તેની રમતમાં સુધારો કરવા માંગશે.

રોહિતે કહ્યું કે અલબત્ત અમે કેટલીક વસ્તુઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છીએ. તેમણે કહ્યું કે દેખીતી રીતે, ચેમ્પિયન ટીમ દરેક મેચ સાથે વધુ સારી બનવા માંગે છે અને આગળ વધવા માંગે છે. અમદાવાદમાં ભારત માટે એક સદી ફટકારનાર ગિલે પણ ખુશી વ્યક્ત કરી હતી. તેણે 112 રનની ઇનિંગ્સ રમ્યાં પછી કહ્યું કે મને સારું લાગ્યું. મને લાગે છે કે તે એક સારી ઇનિંગ્સ હતી. શરૂઆતમાં પિચ થોડી મુશ્કેલ હતી તેથી ઝડપી બોલરોને થોડી મદદ મળી હતી.

અમદાવાદ વન-ડેમાં ભારતની જીત સાથે ઈંગ્લેન્ડનો વ્હાઈટવોશ: પ્લેયર ઓફ ધ મેચ-સિરિઝ શુભમન ગિલ

શુભમન ગિલની સદીને કારણે બુધવારે ત્રીજી અને અંતિમ વનડેમાં ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડને 142 રનથી હરાવી હતી. આ વિજય સાથે, ભારતીય ટીમે શ્રેણીમાં બ્રિટીશ ટીમનો 3-0 થી સફાયો કર્યો હતો.

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલાં મળેલી આ જીત આત્મવિશ્વાસમાં વધારો કરશે. ગિલે તેની 50 મી વનડેમાં 112 રન બનાવ્યાં હતાં. ભારતીય ટીમે 356 રન બનાવ્યાં હતાં જે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતીય ટીમનો સૌથી વધુ સ્કોર હતો. આ પછી બોલરોના શાનદાર પ્રદર્શનને કારણે, ઈંગ્લેંડ 34.334.3 ઓવરમાં 214 માં ઓલ આઉટ થયું હતું.

ગિલે વિરાટ કોહલી સાથે બીજી વિકેટ માટે 116 રન અને શ્રેયસ સાથે ત્રીજી વિકેટ માટે 104 રનની ભાગીદારી કરી હતી. રાહુલે 40 રન બનાવ્યાં હતાં. ગિલે ક્રીઝ પર શરૂઆતમાં શ્રેષ્ઠ ફુટર્વક બતાવ્યું હતું. કોહલી, જે થોડાં સમયથી નબળાં ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યો છે, તેણે લય પ્રાપ્ત કરવામાં સમય લીધો પણ લય પ્રાપ્ત થયા પછી ઘણા શાનદાર શોટ રમ્યાં હતાં.

કોહલીએ વુડના ઓવરપીચ બોલને કવરમાં ફટકારીને પ્રથમ ચાર રન હાંસલ કર્યા હતાં, પછી ફાસ્ટ બોલર મહમૂદ પર પણ બે ચોગ્ગા ફટકાર્યા હતાં. તેણે લિવિંગસ્ટોન પર એક છગ્ગો અને એક રન સાથે તેની 73 મી અડધી સદી પૂર્ણ કરી હતી. જોકે કોહલી અડધી સદી પૂર્ણ કર્યા પછી તરત જ, આદિલની સ્પિન બોલ પર વિકેટકીપર સોલ્ટના હાથે કેચ આઉટ થયો હતો.

ટોસ હારીને ભારત બેટિંગ કરવા ઉતર્યુ હતું શરૂઆત ખરાબ રહી હતી, જ્યારે કેપ્ટન અને છેલ્લી મેચમાં સદી ફટકારનાર, રોહિત એક રન પર આઉટ થયો હતો. શ્રેયસ ફરી એકવાર શાનદાર લયમાં દેખાયો હતો. તેણે મેદાનમાં ચારેબાજુ શોટ રમ્યાં હતાં, પરંતુ આદિલની સ્પિન બોલ પર સોલ્ટના હાથે કેચ આઉટ થયો હતો.

લક્ષ્યનો પીછો કરતાં, ડોકેટ અને સોલ્ટે પ્રથમ વિકેટ માટે 60 રનની ભાગીદારી કરી અને ઝડપી શરૂઆત કરી હતી. અર્શદીપે સતત બંને ઓપનરોને આઉટ કરીને ઈંગ્લેંડને ડબલ આંચકા આપ્યાં હતા.

'તમે ઈન્ડિયાનું ઘણું અપમાન કર્યું છે', પૂર્વ કેપ્ટને ઈંગ્લેન્ડ ટીમ પર આકરા પ્રહારો કર્યા

બુધવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કર્યું અને ઈંગ્લેન્ડને ૧૪૨ રનના મોટા માર્જિનથી હરાવ્યું. આ સાથે, ભારતે ત્રણ મેચની શ્રેણીમાં ઈંગ્લેન્ડને 3-0 થી ક્લીન સ્વીપ કર્યું.

ત્રણેય મેચમાં ઈંગ્લેન્ડને એકતરફી હારનો સામનો કરવો પડ્યો. ત્રીજી મેચ દરમિયાન, ભારતીય ટીમના ભૂતપૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રીએ ખુલાસો કર્યો કે ઈંગ્લેન્ડની ટીમે સમગ્ર ODI શ્રેણી દરમિયાન ફક્ત એક જ પ્રેક્ટિસ સત્રમાં ભાગ લીધો હતો.

ત્રીજી વનડે દરમિયાન કોમેન્ટ્રી કરતી વખતે શાસ્ત્રીએ કહ્યું, 'મેં જે સાંભળ્યું છે તે મુજબ, આ આખી શ્રેણી દરમિયાન ઈંગ્લેન્ડનો ફક્ત એક જ તાલીમ સત્ર હતો. જો તમે સખત મહેનત નહીં કરો તો તમે સુધારો કરી શકતા નથી.

રવિ શાસ્ત્રીના દાવા પર ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન કેવિન પીટરસને જોરદાર પ્રતિક્રિયા આપી છે. તેમણે ઈંગ્લેન્ડના ખેલાડીઓની પ્રતિબદ્ધતાના અભાવ બદલ ટીકા કરી. મેચ પછી પીટરસને કહ્યું કે ઈંગ્લેન્ડમાં ફક્ત એક જ નેટ સત્ર હતું તે સાંભળીને તેમને આશ્ચર્ય થયું.

પીટરસને જણાવ્યું હતું કે, રવિ શાસ્ત્રી અને હું વાત કરી રહ્યા હતા કે ગયા અઠવાડિયે ઈંગ્લેન્ડે વધુ પ્રેક્ટિસ કરવી જોઈતી હતી. તેણે ફક્ત એક જ તાલીમ સત્ર કર્યું અને તે પણ નાગપુર ODI મેચ પહેલા. ત્યારબાદ કોઈ પ્રેક્ટિસ સત્ર નહોતું. ફક્ત એક જ બેટ્સમેન છે જેણે પ્રેક્ટિસ કરી છે, જો રૂટ. માફ કરશો, પણ તમે ઉપખંડમાં આવીને એ જ ભૂલોનું પુનરાવર્તન ન કરી શકો અને પછી નક્કી કરી શકો કે હું પ્રેક્ટિસ નહીં કરું.

એવો કોઈ ખેલાડી (પુરુષ કે સ્ત્રી) નથી હોતો જે શ્રેણીમાં આવે અને નક્કી કરે કે તે પ્રેક્ટિસ વિના પોતાની રમત સુધારી શકે છે. મને અફસોસ થયો. પહેલી મેચ પછી ઈંગ્લેન્ડે પ્રેક્ટિસ સેશન ન રાખ્યું તે સાંભળીને મને આશ્ચર્ય થયું. મને ખૂબ જ આશ્ચર્ય થયું.

મેચ પછી પીટરસને સોશિયલ મીડિયા પર પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા. પીટરસને ઈંગ્લેન્ડના ખેલાડીઓ પર કટાક્ષ કરતા કહ્યું કે નિરાશાજનક હાર બાદ ખેલાડીઓએ નેટ સેશન કરવાને બદલે ગોલ્ફ રમવાનું વધુ સારું માન્યું.

ગૌતમ ગંભીરએ છેલ્લી ઘડીએ ઋષભનું પત્તું કાપ્યું

ભારતીય ક્રિકેટ ટીમે પણ ટી-20 સિરીઝ, વનડે સિરીઝમાં ઈંગ્લેન્ડને પરાજિત કરી છે. હવે બધાંની નજર ચેમ્પિયન્સ ટ્રોફી પર છે જે 19 ફેબ્રુઆરીથી શરૂ થઈ છે. આ મોટી આઇસીસી ટૂર્નામેન્ટ પહેલાં એક મોટો પ્રશ્ન એ હતો કે ટીમ ઇન્ડિયાનો વિકેટકીપર કોણ હશે.

શું મેનેજમેન્ટ ચેમ્પિયન્સ ટ્રોફીમાં કે.એલ. રાહુલને રાખશે કે પછી ઋષભ પંતને ટીમમાં શામેલ કરવામાં આવશે ? આ બાબતનો જવાબ હવે ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીર દ્વારા આપવામાં આવ્યો છે.

કોચ ગૌતમ ગંભીરતાએ બુધવારે સ્પષ્ટ કર્યું હતું કે, ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની પ્રથમ પસંદગીના વિકેટકીપર કે.એલ રાહુલ હશે અને આક્રમક બેટ્સમેન ઋષભ પંતને વૈકલ્પિક તરીકે ટીમમાં સામેલ કરવામાં આવશે નહીં. ઈંગ્લેન્ડ સામેની ત્રણ મેચ વનડે સિરીઝ માટે પસંદ કરાયેલાં ખેલાડીઓમાં, ફક્ત પંત એવાં ખેલાડી હતાં જેમને રમવાની તક મળી ન નથી.

પ્રથમ બે મેચોમાં રાહુલને છ નંબર પર બેટિંગ કરવા માટે ઉતારવામાં આવ્યો હતો જેમાં તે આરામદાયક લાગતો ન હતો. ત્રીજી મેચમાં, તે બેટિંગ કરવા માટે તેનાં પ્રિય પાંચમાં સ્થાને પહોંચ્યો અને તેણે 29 બોલમાં 40 રન બનાવ્યાં હતાં.

ભારતે 142 રનથી મેચ જીતી હતી. મેચ પછી ગંભીર કહ્યું કે 'રાહુલ હવે અમારો નંબર વન વિકેટકીપર છે અને હું આટલું કહી શકું છું કે ઋષભ પંતને તક મળશે પરંતુ રાહુલ હમણાં સારું કરી રહ્યો છે અને અમે બે વિકેટકીપર બેટ્સમેન સાથે રમી શકતાં નથી.

ગંભીરે રાહુલની જગ્યાએ પ્રથમ બે મેચમાં અક્ષર પટેલને મેદાનમાં ઉતારવાના તેમનાં નિર્ણયને ન્યાયી ઠેરવ્યો, જેમણે પાંચમાં ક્રમે સારું પ્રદર્શન કર્યું છે. ગંભીરે કહ્યું કે હું સરેરાશ અને આંકડા જોતો નથી હું ફક્ત એ જોઉં છું કે કયો ખેલાડી સારું પ્રદર્શન કરી શકે છે.

ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બુમરાહના બાકાત થવા પર ગૌતમ ગંભીરે આખરે મૌન તોડ્યું

ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ઝડપી બોલર જસપ્રીત બુમરાહના આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી અંગે કોઈ માહિતી આપવાનો ઇનકાર કર્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી 2025માંથી બુમરાહના બહાર થવા અંગે ગંભીરે કહ્યું કે, મેડિકલ સ્ટાફ જ આ ઝડપી બોલર વિશે અપડેટ આપવા માટે યોગ્ય લોકો છે.

તમને યાદ અપાવી દઈએ કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની છેલ્લી ટેસ્ટ દરમિયાન જસપ્રીત બુમરાહને પીઠનો દુખાવો થયો હતો. સિડનીમાં રમાયેલી મેચના છેલ્લા દિવસે બુમરાહે બોલિંગ કરી ન હતી, જોકે તેણે તે શ્રેણીમાં 32 વિકેટ લીધી હતી. ૩૨ વર્ષીય બુમરાહને ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતની પ્રારંભિક ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ બીસીસીઆઈએ પુષ્ટિ આપી હતી કે પીઠની ઈજાને કારણે આ ઝડપી બોલર આગામી ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયો છે. ઈંગ્લેન્ડ સામે ભારતની 3-0થી જીત બાદ, ગૌતમ ગંભીરે બુમરાહની ગેરહાજરી પર પ્રતિક્રિયા આપી.

ગૌતમ ગંભીરે નિવેદન આપ્યું હતું કે, સ્વાભાવિક છે કે બુમરાહ બહાર છે. પરંતુ હું તમને બધી વિગતો આપી શકતો નથી કારણ કે ફક્ત તબીબી ટીમ જ કહી શકશે કે તે કેટલો સમય બહાર રહેશે. બુમરાહ અંગે NCAની મેડિકલ ટીમ નિર્ણય લેશે.

ગંભીરે સ્વીકાર્યું કે ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં તેના મુખ્ય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની ખોટ ખાશે. મુખ્ય કોચે એમ પણ કહ્યું કે અન્ય ખેલાડીઓ પાસે પોતાને સાબિત કરવાની એક સારી તક છે. અલબત્ત, અમે કોઈપણ કિંમતે બુમરાહને ટીમમાં ઇચ્છતા હતા. આપણે જાણીએ છીએ કે તે શું કરી શકે છે. તે એક વિશ્વ કક્ષાનો ખેલાડી છે. પણ કેટલીક બાબતો તમારા હાથમાં નથી હોતી. તેથી, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ જેવા અન્ય યુવાનો પાસે તેમની જવાબદારી સમજવાની અને દેશ માટે કંઈક કરવાની તક છે.

રિઝવાન અને સલમાને ચોથી વિકેટ માટે 260 રન જોડી પાકિસ્તાનને રેકોર્ડ જીત મળી, દ.આફ્રિકા સ્તબ્ધ થઈ ગયું

સલમાન અલી આગા અને મોહમ્મદ રિઝવાન વચ્ચેની રેકોર્ડ ભાગીદારીને કારણે પાકિસ્તાને દક્ષિણ આફ્રિકાને છ વિકેટથી હરાવ્યું. દક્ષિણ આફ્રિકાએ યજમાન પાકિસ્તાનને જીતવા માટે 353 રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જે તેણે એક ઓવર પહેલા ચાર વિકેટ ગુમાવીને પ્રાપ્ત કરી લીધો હતો.

પાકિસ્તાન માટે કેપ્ટન રિઝવાને ૧૨૮ બોલમાં ૧૨૨ રનની ઈનિંગ રમી હતી. જ્યારે સલમાને ૧૦૩ બોલનો સામનો કરીને ૧૩૪ રનની ઈનિંગ રમી હતી. રિઝવાને પોતાની ઈનિંગમાં નવ ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા. સલમાને આ ઈનિંગ ૧૬ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી રમી હતી. આ પાકિસ્તાનની વનડેમાં અત્યાર સુધીની સૌથી મોટી જીત છે. તેણે આટલા મોટા લક્ષ્યનો પીછો પહેલાં ક્યારેય કર્યો ન હતો.

રિઝવાન અને સલમાને ચોથી વિકેટ માટે 260 રન જોડ્યા. પાકિસ્તાન માટે વનડેમાં આ વિકેટ માટે અત્યાર સુધીની સૌથી મોટી ભાગીદારી છે. આ બંનેએ મોહમ્મદ યુસુફ અને શોએબ મલિકનો રેકોર્ડ તોડ્યો. બંનેએ 206 રનની ભાગીદારી કરી હતી. પાકિસ્તાને મજબૂત શરૂઆત કરી.

પાકિસ્તાન પીછો કરવા માટે જાણીતું નથી, પરંતુ રિઝવાન અને સલમાને રમેલી ઈનિંગ્સે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. ટીમને મળેલી શરૂઆત પણ ખૂબ જ મહત્વપૂર્ણ હતી. બાબર અને ફખરે પ્રથમ વિકેટ માટે 57 રન જોડ્યા. આ રન પહેલી છ ઓવરમાં આવ્યા. આ પછી, ૧૧મી ઓવર સુધીમાં, ટીમે ત્રણ વિકેટ ગુમાવી દીધી. બાબર આઝમ (23), સઈદ શકીલ (15) અને ફખર ઝમાન (41) પેવેલિયન પરત ફર્યા.

જોકે, જરૂરી રન રેટ નિયંત્રણમાં હતો. રિઝવાન અને સલમાને ટીમને મળેલી શરૂઆતનો લાભ ઉઠાવ્યો અને એક્સિલરેટર પર પગ મૂક્યો. બંનેએ સમય લીધો. એકવાર બંને પોઝીશનમાં આવી ગયા પછી, તેમણે સ્કોરબોર્ડને સતત ફરતું રાખ્યું. રિઝવાન સમજદારીભરી ઈનિંગ રમી રહ્યો હતો જ્યારે સલમાન આક્રમકતા બતાવી રહ્યો હતો. તક મળતાં જ બંનેએ બાઉન્ડ્રી ફટકારવામાં મોડું ન કર્યું.

દક્ષિણ આફ્રિકા પાસે આ ભાગીદારીનો કોઈ જવાબ નહોતો. તેના દરેક બોલરે પ્રયાસ કર્યો. આ ભાગીદારી ૩૫૧ રન પર તૂટી ગઈ પણ ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હતું. લુંગી ન્ગીડીએ સલમાનને આઉટ કર્યો. કેપ્ટને ટીમની જીતની ઔપચારિકતાઓ પૂર્ણ કરી.

સુરતમાં ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે વૃદ્ધ ફસાતા પોલીસે જીવ બચાવ્યો

ચાલુ ટ્રેનમાં ચઢવા જતા વૃદ્ધનો પગ લપસી ગયો

સુરત, તા.૧૩

સુરત રેલવે સ્ટેશન પર વૃદ્ધ ચાલુ ટ્રેનમાં ચડવા જતા પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે વૃદ્ધ ફસાઈ ગયા હતા. સમયસૂચકતા દાખવી GRP જવાન ગુલાબ સિંહે વૃદ્ધને ચાલુ ટ્રેન વચ્ચેથી ખેંચીને બહાર કાઢી બચાવ્યા હતા. સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ પર રાત્રે ૧૦:૪૭ વાગ્યે ઈન્દોર એક્સપ્રેસ આવી હતી. તે દરમિયાન એક વૃદ્ધ ચાલતી ટ્રેનમાં ચડવાનો પર્યાસ કરી રહ્યા હતા. ચાલુ ટ્રેનમાં ચડવા જતા વૃદ્ધનો પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયા હતા. વૃદ્ધે ટ્રેનનું હેન્ડલ પકડી રાખ્યું હોવાથી તેઓ ટ્રેનની સાથે ખેંચાતા જઈ રહ્યા હતા. દરમિયાન સુરત રેલવે સ્ટેશન ખાતે ફરજ બજાવી રહેલા જવાનની નજર વૃદ્ધ પર પડી હતી.

તાત્કાલિક સમયસૂચકતા વાપરીને સુરત રેલવે પોલીસના જવાન ગુલાબસિંહ મનસુખભાઈએ વૃદ્ધને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેથી ખેંચી લીધા હતા. આ દરમિયાન અન્ય લોકો પણ દોડી આવ્યા હતા અને વૃદ્ધને સ્વસ્થ કરવામાં મદદરૂપ થયા હતા. વૃદ્ધ સ્વસ્થ થતા તેમને ટ્રેનમાં બેસાડી રવાના કરવામાં આવ્યા હતા. જોકે, સુરત રેલવે પોલીસના જવાન દ્વારા કરવામાં આવેલી કામગીરીની ઘટના CCTVમાં કેદ થઈ જવા પામી છે.

પાનોલી હાઈ-વે પર કાર-બાઈક અથડાતા ત્રણ ઈજાગ્રસ્તો ગંભીર

અકસ્માતમાં કારચાલકને સામાન્ય ઈજા

અંકલેશ્વર, તા.૧૩

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પાનોલી નજીક આવેલી મીના હોટલ પાસે કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી, જેમણે ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. અકસ્માતમાં કાર ચાલકને પણ સામાન્ય ઈજાઓ થઈ હતી.

અકસ્માતની ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા, જેના કારણે નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટના-સ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટના રાત્રિના સમયે બની હોવાથી વાહન ચાલકોને સાવચેતી રાખવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

PAGHDAR
KAVY
99.15 PR.
BHIKADIYA
SHUBH
99.69 PR.
KAGATHARA
DHRUV
99.71 PR.
SASPARA
JAHAN
99.29 PR.
ANKOLIYA
FENIL
99.00PR.

કૌશલ વિદ્યાભવનના વિદ્યાર્થીઓની JEE MAIN ૨૦૨૫ પરીક્ષામાં સફળતા

સુરત, તા.૧૩

કૌશલ વિદ્યાભવન ના વિદ્યાર્થીઓએ JEE MAIN જાન્યુઆરી ૨૦૨૫ માં અસાધારણ પરિણામો મેળવીને ફરી એકવાર શૈક્ષણિક શ્રેષ્ઠતા દર્શાવી છે. નોંધપાત્ર પ્રદર્શન સાથે શાળા ના ૭ ગ્રુપના માત્ર ૮૭ વિદ્યાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓએ ૯૯ પર્સેન્ટાઈલ્સ થી વધુ સ્કોર કર્યો છે, જે શાળાને ગૌરવ અપાવે છે.આ ઉપરાંત ૯૮ PR RANK થી વધુ ૧૪ વિદ્યાર્થીઓ તેમજ ૩૮ વિદ્યાર્થીઓએ ૯૦ PR RANK થી વધુ સ્કોર મેળવેલ છે.

શાળા પ્રશાસન, શિક્ષકો અને વાલીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. શાળાના ટ્રસ્ટીશ્રી પરબતભાઈ ડાંગશિયાએ વિદ્યાર્થીઓની સિદ્ધિઓ પર ખૂબ ગર્વ વ્યક્ત કર્યો અને તેમના સમર્પણ અને સખત મહેનત માટે અભિનંદન આપ્યા.

અમારા વિદ્યાર્થીઓએ JEE મેઈનના ઉત્કૃષ્ટ પરિણામો સાથે ફરી એકવાર તેમની ક્ષમતા સાબિત કરી છે. અમારી સંસ્થા ને સમર્પિત ફેકલ્ટીના સમર્થન સાથે તેમની દ્રઢતાએ આ સફળતા તરફ દોરી છે. અમને વિશ્વાસ છે કે તેઓ JEE main Session 2 તેમજ JEE Advancedમાં પણ ચમકતા રહેશે,'' શ્રી પરબતભાઈ ડાંગશિયા એ જણાવ્યું હતું.

બીલીમોરાના બ્યુટી પાર્લરમાં ત્રણ મહિલાઓ દ્વારા ઘરેણાંની ચોરી

બીલીમોરા, તા.૧૩

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના બીલીમોરા શહેરમાં એક બ્યુટી પાર્લરમાં ચોરીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ત્રણ મહિલા ચોરોએ માતા-પુત્રીની નજર ચૂકવીને તેમનું પાકીટ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. પાકીટમાં સોનાના દાગીના જેમાં એક બ્રેસલેટ, ઝૂમખા અને ત્રણ વીંટીઓ મળીને કુલ રૂપિયા ૧.૪૭ લાખના દાગીના હતા. આ ઉપરાંત પાકીટમાં રૂપિયા ૯૭,૦૦૦ની રોકડ રકમ પણ હતી. આમ કુલ મળીને રૂપિયા ૧.૫૪ લાખની મતાની ચોરી થઈ હતી.

આ સમગ્ર ઘટના નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સીસીટીવી ફૂટેજમાં ત્રણેય મહિલા ચોરો સ્પષ્ટ રીતે દેખાય છે. પીડિત પરિવારે બીલીમોરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપી મહિલાઓની શોધખોળ શરૂ કરી છે.

તા.૧૬મીએ ઉદયપુરમાં સંત નિરંકારી સમાગમનું આયોજન

રાજસ્થાનની ધરતી પર આધ્યાત્મિક ચેતનાનો દિવ્યા સંચાર થશે

સુરત, તા.૧૩

સુરત પરમ શ્રદ્ધેય સતગુરુ માતા સુદીક્ષા જી મહારાજ તથા સત્કાર યોગ્ય નિરંકારી રાજપિતા રમિત જી ની પાવન છત્રછાયા માં ૧૬ ફેબ્રુઆરી ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા થી ઉદયપુર ના શોભાપુરા સો ફિટ રોડ સ્થિત મીરાનગર ઓપેરા ગાર્ડન પાસે ગીતાંજલિ એન્કલેવઃ પર ગુજરાત અને રાજસ્થાન નો સંયુક્ત રાજ્ય-સ્તરીય નિરંકારી સંત સમાગમ ભવ્ય રૂપ માં આયોજિત કરવામાં આવી રહ્યો છે. આ દિવ્ય અવસર માટે શ્રદ્ધાળુ અને ભક્તો માં અપાર શ્રદ્ધા અને ઉલ્લાસ નો સંચાર થઈ રહ્યો છે. સમર્પિત ભક્તગણ તન, મન અને ધન થી આ શુભ આયોજન ની તૈયારીઓમાં તલ્લીન છે, જેથી આ સમાગમ એક ઐતિહાસિક અને પ્રેરણાદાયક આધ્યાત્મિક સંગમ રૂપ માં સ્થાપિત થઈ શકે.

દક્ષિણ ગુજરાત ના ઝોનલ ઈન્ચાર્જ શ્રી ઓંકાર સિંહ જી એ જણાવ્યું કે ઉદયપુરમાં થનારા સંત સમાગમ માં પ્રેમ, શાંતિ અને એકતાની દિવ્ય ધારા પ્રવાહિત થશે, જે સંપૂર્ણ માનવતાને આધ્યાત્મિક જાગૃતિ તરફ પ્રેરિત કરશે. સતગુરુ માતાજી ની દિવ્ય વાણી થી શ્રદ્ધાળુ ભક્તો સદ્ભાવ, સમર્પણ તથા આત્મિક ઉત્થાન નું અમૂલ્ય માર્ગદર્શન પ્રાપ્ત કરશે. આ અવસર પર ગુજરાત અને રાજસ્થાન ના શહેરી અને ગ્રામીણ વિસ્તારો માંથી મોટી સંખ્યામાં ભક્તો એકત્રિત થઈ સત્સંગ ના મધુર આનંદ નો રસપાન કરશે, સાથે જ અનેક પ્રાંતો ના ભક્તો પણ આ દિવ્ય સમાગમ ના સાક્ષી બનશે.

તેઓએ જણાવ્યું કે આ સંત સમાગમ પૂર્વ યુવાઓ ને પ્રેરિત કરવા અને તેઓની સકારાત્મક ઉર્જાને રચનાત્મક દિશા પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી ૧૪ તથા ૧૫ ફેબ્રુઆરી ના રોજ 'નિરંકારી યુથ સિમ્પોઝિયમ' નું આયોજન કરવામાં આવશે, જેમાં રાજસ્થાન તથા ગુજરાત રાજ્ય ના યુવા શ્રધ્ધાળુઓ ઉત્સાહપૂર્વક ભાગ લેશે, જેમાં વિવિધ પ્રતિયોગિતાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો ના માધ્યમથી યુવાઓ ને આત્મિક શાંતિ, અનુશાસન અને પ્રેમ ના માર્ગ પર અગ્રેસર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે, નિરંકારી યુથ સિમ્પોઝિયમ માત્ર એક કાર્યક્રમ જ નથી પરંતુ આનો ઉદ્દેશ્ય યુવા પેઢી ને આધ્યાત્મિકતા થી જોડવાની સાથે જ તેઓમાં સેવા, એકતા અને સમર્પણ ની સાચી ભાવના ને જાગૃત કરવાનો પણ છે.

નિઃસંદેહ આધ્યાત્મિક શાંતિ, પ્રેમ અને વિશ્વબંધુત્વનો આ દિવ્ય સંગમ ભક્તો તથા સમાગમ માં આવનાર અનુયાયીઓના જીવન ને સાર્થકતા પ્રદાન કરશે, જ્યાં હૃદય સેવા, સમર્પણ અને સત્ય ની ભાવના થી ઓતપ્રોત થઈ આત્મિક આનંદ ની દિવ્ય અનુભૂતિ કરશે. આ પાવન સંત સમાગમ માં દરેક શ્રદ્ધાળુ ભક્ત, નગરવાસી, બુદ્ધિજીવી તથા પ્રભુપ્રેમીઓ સાદર આમંત્રિત છે.

દારપણા દાખલાના લાંચ કેસમાં તલાટીનો છુટકારો

લોનની રકમના બે ટકાની લાંચ મંગાતા એસીબીએ કેસ કર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩

દારપણાનો દાખલો કાઢી આપવા માટે લાંચની માગણીના કેસમાં કતારગામના તલાટી કમ મંત્રી મોહંમદહુસૈન ગુલામબેગ મિર્ઝાને કોર્ટે નિર્દેશ જાહેર કરતો હુકમ કર્યો હતો.

બચાવ. પક્ષના વકીલ ઉજ્જવલ જી. દેસાઈના જણાવ્યા અનુસાર કતારગામના તલાટી કમ મંત્રી મોહંમદહુસૈન ગુલામબેગ મિર્ઝા વિરુદ્ધ એસીબી પોલીસમાં ગુનો નોંધાયો હતો. ફરિયાદ મુજબ ફરિયાદીને આઈસીઆઈસીઆઈ બેંકમાંથી લોન લેવાની હતી. જેથી તેમને દારપણાનો દાખલો કઢાવવાનો હતો. ફરિયાદી પનાસ મામલતદાર કચેરીએ દાખલો કઢાવવા ગયા હતા. પરંતુ ત્યાં હાજર અધિકારીએ દાખલો કાઢી આપવા માટે લોનની રકમમાંથી ૨ ટકા લેખે લાંચની માંગણી કરી હતી. જે ફરિયાદી આપવા નહિ માંગતા હોવાથી એસીબીમાં ફરિયાદ થઈ હતી અને એસીબી દ્વારા ગોઠવેલા છટકામાં કતારગામ તલાટી મિર્ઝા ઝડપાયા હતા.

આ કેસની સુનાવણી દરમિયાન તલાટી મિર્ઝાના બચાવ પક્ષે એડવોકેટ ઉજ્જવલ જી. દેસાઈએ દલીલ કર્યા મુજબ, લાંચના કેસના ત્રણ મહત્વના તત્વો માંગણી, સ્વીકાર અને પ્રાપ્તી સાક્ષીઓની ઉલટતપાસ થકી પુરવાર થઈ શકી નથી, એ.સી.બી. દ્વારા દિપક હિરાલાલ પરમાર કે જેઓએ પણ લાંચ માંગેલ હતી તેને આરોપી બનાવવામાં આવ્યા નહતા અને પનાસ મામલતદાર ઓફીસમાં મિર્ઝા અટકધારી અન્ય ૨(બે) તલાટીઓ ફરજ બજાવતા હતા અને ફરીયાદીનો દાખલો જે વિસ્તારનો હતો તે વિસ્તાર આરોપી મોહંમદહુસૈન ગુલામબેગ મિર્ઝાનો વિસ્તાર નહતો. બન્ને પક્ષની દલીલો બાદ બચાવ પક્ષની દલીલ ગ્રાહ્ય રાખી કોર્ટે મોહંમદહુસૈન મિર્ઝાને નિર્દોશ જાહેર કરતો હુકમ કર્યો હતો.

અમેરિકા

પહેલા પાનાનું ચાલુ

પડવાને કારણે ઠંડીનો પ્રકોપ છે. તેઓ પ્રેસિડેન્ટ ગેસ્ટ હાઉસ એટલે કે વૈભવી બ્લેર હાઉસમાં રહેશે. તે વ્હાઈટ હાઉસની સામે જ છે. આ ગેસ્ટ હાઉસમાં વિશ્વના નેતાઓ રોકાય છે.ડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં પાછા આવ્યા બાદ કેનેડા, મેક્સિકો અને ચીન પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. જોકે, બાદમાં તેમણે કેનેડા અને મેક્સિકોને ૩૦ દિવસ માટે ટેરિફ રાહત આપી.ટ્રમ્પ વારંવાર ભારતના ઊંચા ટેરિફ દરોની ટીકા કરી ચૂક્યા છે. જોકે, અત્યાર સુધી તેમણે ભારત પર કોઈપણ પ્રકારનો ટેરિફ લાદ્યો નથી.એવું માનવામાં આવે છે કે મોદી અને ટ્રમ્પ ટેરિફ અંગે ચર્ચા કરી શકે છે. આ ઉપરાંત મોદી અને ટ્રમ્પ ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર પણ ચર્ચા કરી શકે છે.પ્યુ રિસર્ચ અનુસાર, અમેરિકામાં ૭ લાખ ૨૫ હજારથી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ ભારતીયો રહે છે. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ નવેમ્બર ૨૦૨૪ માં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં તેણે માન્ય દસ્તાવેજો વિના ૨૦,૪૦૭ ભારતીયોની ઓળખ કરી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર પીએમ મોદી ટેસ્લાના સીઈઓ ઈલોન મસ્કને પણ મળી શકે છે. આ બેઠક ભારતીય સમય મુજબ શુક્રવારે થશે. ટ્રમ્પના નજીકના સહયોગી મસ્ક સાથે પીએમ મોદીની મુલાકાત છેલ્લી ઘડીએ નક્કી થઈ છે. ટ્રમ્પ-મસ્ક ભારતમાં ટેસ્લાના ઈફ પ્લાન્ટની સ્થાપના અંગે ચર્ચા કરી નિર્ણય લઈ શકે છે. અમેરિકાની યાત્રા દરમિયાન પીએમ મોદી અન્ય ઉદ્યોગપતિઓ સાથે પણ મુલાકાત કરશે. ભારત અને અમેરિકા વચ્ચે રોકાણ કરાર થવાની શક્યતા છે.

આ પહેલા, પીએમ મોદી ફ્રાન્સની બે દિવસીય મુલાકાત પૂર્ણ કર્યા પછી બુધવારે સાંજે અમેરિકા જવા રવાના થયા હતા. પીએમ મોદીને વિદાય આપવા માટે ઈમેન્યુઅલ મેક્રોન પોતે માર્સેલી એરપોર્ટ પહોંચ્યા હતા.

કુંભ સ્નાન

પહેલા પાનાનું ચાલુ

બુધવારે સાંજે ૬ વાગ્યા સુધીમાં ૨.૦૪ કરોડ લકોએ ડૂબકી લગાવી હતી. અત્યાર સુધીમાં ૪૮ કલાકથી વધુ લોકોએ ડૂબકી લગાવી છે. ૨૬મી ફેબ્રુઆરી સુધી આ મહાકુંભ ચાલશે.

પાકિસ્તાન દ્વારા

પહેલા પાનાનું ચાલુ

કાશ્મીર સરહદે લાંબાવખતથી શાંતિ પ્રવર્તતી હતી તે દરમ્યાન આ ઘટનાથી ફરી તણાવની સ્થિતિ સર્જાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

બે દિવસ પુર્વે કાશ્મીરમાં જ વાસ્તવિક અંકુશરેખાએ વિસ્ફોટ થયો હતો અને તેમાં બે ભારતીય જવાન શહીદ થયા હતા. એકને ઈજા થઈ હતી. આ ઘટના બાદ ગોળીબારના બનાવથી સરકાર પણ ચોંકી છે.

રશિયા-યુક્રેન

પહેલા પાનાનું ચાલુ

વિધાનમાં તેમજ કહ્યું છે.શ્રી ટ્રમ્પે તેમની પુટીન સાથેની વાતચીત અંગે તેમના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટુથ સોશ્યલ પર લખતા કહ્યું કે, અમોએ યુક્રેન, મધ્યપુર્વ, ઉર્જા, આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ અને ડોલરની તાકાત અંગે ચર્ચા કરી હતી.

બાદમાં યુક્રેનના યુટયુબ ઝેલેસ્કીએ પણ પ્રમુખ ટ્રમ્પ સાથેની વાતચીતને મહત્વપૂર્ણ ગણાવી હતી. બીજી તરફ હજું રશિયા તરફથી કોઈ સતાવાર નિવેદન આપ્યુ નથી પણ કેમલીનના સૂત્રોએ કહ્યું કે, ગત વર્ષે જ પ્રમુખ પુટીને એ સ્પષ્ટ કહ્યું કે યુક્રેન તેની સેના પાછી ખેંચી લે, અને નાટોમાં જોડાણનો મુદો પડતો મુકે તે સતાવાર જાહેરાતના સેકન્ડમાંજ રશિયા યુદ્ધવિરામ જાહેર કરીને વાટાઘાટો કરશે.

રશિયા-અમેરિકી રાષ્ટ્રવડાઓ વચ્ચે લગભગ દોઢ કલાક વાત કરી હતી અને ભવિષ્યમાં હવે રશિયા-યુક્રેન વચ્ચે શાંતિ સમજુતી માટે પુટીન તથા ટ્રમ્પ સાઉદી અરેબીયામાં મળી શકે છે. શ્રી પુટીને આ ઉપરાંત શ્રી ટ્રમ્પને રશિયાની મુલાકાત લેવા આમંત્રણ આપ્યુ હતું.

શેરબજારનું વલણ

પહેલા પાનાનું ચાલુ

અમેરિકામાં ફુગાવાની ચિંતા, ત્રીજા ક્વાર્ટરના નિરાશાજનક પરિણામો, યુએસ ટેરિફ તણાવમાં વધારો અને સતત ફ્રૈં આઉટફ્લો વચ્ચે બેન્ચમાર્ક સતત છ સેશનથી ઘટાડા તરફી રહ્યા હતા. જોકે, આજે નિફ્ટીમાં ફાઈનાન્સ, ઓટો અને હેલ્થકેર શેરોમાં ઉછાળો નોંધાયો છે.ટેલિકોમ, રિયાલ્ટી, મેટલ, પાવર શેરોમાં આજે ખરીદી વધી છે. પરિણામે ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ ઉછળ્યા છે. રોકાણકારોની મૂડીમાં રૂ. ૩ લાખ કરોડનો વધારો થયો છે. ગઈકાલે શેરબજારમાં મોટાપાયે વોલેટિલિટી જોવા મળી હતી. વિદેશી રોકાણકારોએ પણ રૂ. ૪૯૬૯ કરોડની નેટ વેચવાલી નોંધાવી હતી.

રાજ્યસભામાં

પહેલા પાનાનું ચાલુ

પર ચર્ચા થવાની હતી.નાણામંત્રી નિર્મલા સીતારમણ પણ આજે સંસદમાં નવું ઈનકમ ટેક્સ બિલ રજૂ કરશે. સરકારનો દાવો છે કે હાલના આવકવેરા કાયદા-૧૯૬૧ને સરળ બનાવીને, તે ઈનકમ ટેક્સના કાયદાને સામાન્ય માણસ માટે સમજી શકાય તેવો બનાવશે અને તેનાથી સંબંધિત મુકદમામાં ઘટાડો કરશે.નવું ઈનકમ ટેક્સ બિલ હાલના આવકવેરા-૧૯૬૧ કરતા કદમાં નાનું છે. જોકે, ત્યાં વધુ વિભાગો અને સમયપત્રક છે. ૬૨૨ પાનાના નવા બિલમાં ૨૩ પ્રકરણો અને ૧૬ અનુસૂચિઓમાં ૫૩૬ કલમો છે, જ્યારે વર્તમાન ઈનકમ ટેક્સ કાયદામાં ૨૯૮ કલમો, ૧૪ અનુસૂચિઓ છે અને તે ૮૮૦ પાનાથી વધુ લાંબુ છે.

કાનપુરમાં

પહેલા પાનાનું ચાલુ

મોકલવાની ફરિયાદ અધિકારીઓને મળી હતી.અહીં દરોડા બાદ ૧૨.૩૦ વાગ્યે અધિકારી કેટલેક દૂર ત્રિવરીનાથ મંદિર પાસે બીડીએ કોલોનીમાં અમિતના મોટાભાઈ રામસેવકના પહોંચ્યા હતા. જ્યાં ખબર પડી કે તેઓ મહાકુંભ ગયા છે તો અહીં પણ અધિકારીઓએ ઘરની સામે રહેલ ગોદામનું તાળુ તોડાવ્યું હતું અને તપાસ હાથ ધરી હતી.

કેલિફોર્નિયા ખરીદી

પહેલા પાનાનું ચાલુ

આ અરજીમાં આગળ કહેવામાં આવ્યું છે કે, આ લોકો કેલિફોર્નિયાને 'ન્યૂ ડેન્માર્ક' બનાવવા માગે છે. અરજીમાં લખ્યું છે કે, 'અમે હોલિવૂડમાં આરામદાયક જીવન વિતાવીશું, બેવર્લી હિલ્સમાં સાઈકલ લેન બનાવીશું અને દરેક રસ્તાના ખૂણા પર ઓર્ગેનિક સ્મોર્સબ્રેડ લાવીશું.

ડેન્માર્કના લોકોએ કહ્યું કે, 'ટ્રમ્પ હંમેશા કેલિફોર્નિયાની વિરુદ્ધ રહ્યા છે. પરંતુ આ રાજ્ય ખરીદ્યા પછી, અમે તેને એક નવી ઓળખ આપીશું.' તાજેતરમાં ટ્રમ્પના ગ્રીનલેન્ડ ખરીદવાનાનિવેદન અંગે લોકમત યોજાયો હતો. તેમાં લગભગ ૮૫% લોકોએ અમેરિકા સાથે જવાનો ઈનકાર કરી દીધો હતો.

આ સર્વે ડેન્માર્કના ન્યૂઝ પેપર બર્લિંગસ્ક દ્વારા પોલસ્ટર વેરિયને કર્યો હતો, જે દર્શાવે છે કે માત્ર ૬% લોકો એવા છે જે અમેરિકા સાથે જવા માગે છે. બીજી તરફ સર્વેમાં ૯% લોકોએ અમેરિકા સાથે જવા અંગે પોતાનો અભિપ્રાય આપવાનો ઈનકાર કરી દીધો.

અમદાવાદ

પહેલા પાનાનું ચાલુ

ત્યારે એક ચિઠ્ઠી મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે, 'બોમ્બ ઈસ હીયર.' આ ધમકી વાળી ચિઠ્ઠી મળતા બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ કરવામાં આવતા કોઈ વાંધાજનક ચીજવસ્તુ મળી આવી નહોતી. આ અંગે એરપોર્ટ પોલીસ મથકે ગુનો નોંધીને સમગ્ર કેસની તપાસ ક્રાઈમબ્રાંચ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.ઈન્ડિગોની ફ્લાઈટમાં આ અગાઉ પણ આ પેટર્નથી ધમકીની ચિઠ્ઠી મળી આવી હતી. જેથી પોલીસે તે સમયે મળી આવેલી ચિઠ્ઠી સાથે બીજા કેસની ચિઠ્ઠી સરખાવતા બંને અક્ષર સરખા હતા.જેથી ધમકી આપવાના કેસમાં કોઈ પેસેન્જરની નહી પણ સ્ટાફની સંડોવણી હોવાની શક્યતાને આધારે વિમાનના ક્રુ મેમ્બર અને ગ્રાઉન્ડ સ્ટાફના લખાણના નમુના મેળવીને તપાસ કરવામાં આવી હતી.જેમાં એક કર્મચારીની સંડોવણી સામે આવી હતી. અમદાવાદ ક્રાઈમબ્રાંચે લખાણના નમુના અંગે ફોરેન્સીક રિપોર્ટના આધારે સત્તાવાર ધરપકડ કરશે. બીજી તરફ કર્મચારીની અટકાયત કરીને પુછપરછ કરવામા આવી રહી છે.

દિલ્હી સરકારની

પહેલા પાનાનું ચાલુ

નિશ્ચિત કરી લીધા હશે. આમ પક્ષ તેની બંધારણીય જરૂરિયાત પણ તે સમયે પુરી કરીને રાષ્ટ્રીય સંગઠનમાં જશે.

સંઘ ઈચ્છે છે કે, નવું માર્ગદર્શક મંડળ અને તે પક્ષની કેડર હવે વધુ યુવા બને. ફકત સતા-સંગઠનના લોકોની અદલાબદલી જ નહી પણ વાસ્તવમાં બન્ને સાથે અને સમાંતર ચાલી શકે તે રીતે તમામ રચના થવી જોઈએ.

દેશમાં જે રીતે ૨૦૨૯નું વર્ષ એક દેશ એક ચુંટણી માટે મહત્વનું બની જશે અને તે રીતે વર્તમાન નેતૃત્વ જ છે ત્યાં સુધીમાં આ પરિવર્તન થઈ જાય તો પછી નવા નેતૃત્વને તેમાં જવાનું સરળ બની જાય તે નિશ્ચિત કરાશે. પક્ષે ૨૦૨૯ની તૈયારી અત્યારથી જ કરી લેવી જોઈએ. જેથી ૨૦૨૪ની માફક સાથી પક્ષોના ભરોસે વધુ રહેવુ પડે નહી તે જોવામાં આવશે.

સુરત જિલ્લા પંચાયત

પેજ-૨ પાનાનું ચાલુ

નવિશેષ સેમિનારમાં વેરા વસુલાતને વધુ અસરકારક કરવા અંગે સમજ અપાઈ હતી. જિલ્લા વિકાસ અધિકારીએ તલાટીઓને હકારાત્મક અભિગમ અપનાવી, ગ્રામજનોની સુખાકારીમાં વધારો થાય તે માટે સ્વભંડોળની આવકમાં મહત્તમ વધારો કરવાની તેમજ તાલુકા વિકાસ અધિકારીઓને તેમના તાલુકામાં વેરા વસુલાતની કામગીરી પર દેખરેખ રાખવા સૂચના આપી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ગજેન્દ્ર પટેલે વેરાની કામગીરીને કાર્યક્ષમ બનાવવા માટે બેસ્ટ પ્રેક્ટિસ અપનાવવા પર ભાર મૂક્યો.

જે ગ્રામ પંચાયતો ૮૦% કે તેથી વધુ વસુલાત કરે છે, તે પંચાયતોને ચાલુ વર્ષની વસુલાતના ૫૦% અને મહત્તમ રૂ. ૫ લાખ સુધીની રકમ 'સી.ડી.પી. ૧૮' અંતર્ગત પ્રોત્સાહક સહાય તરીકે આપવામાં આવશે. વધુમાં દર ૩ દિવસે નબળી વસુલાત ધરાવતા ગામોના તલાટીઓનો રિવ્યુ કરાશે.

પોલીસ કર્મીઓને પત્નીઓને

પેજ-૨ પાનાનું ચાલુ

આવશે. અમી હેન્ડીક્રાફટના શ્રીમતી ભાવનાબેન દેસાઈ અને શ્રી આશયભાઈ જરદોશ દ્વારા તાલીમ માટેની કીટ, ટ્રેનર ડિઝાઈન પ્રોડકટ ડેવલપમેન્ટની સગવડ કરી આપવામાં આવશે તેમ પૂર્વ કેન્દ્રીય રેલ્વે રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ દ્વારા જણાવાયું છે.

કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ

પેજ-૨ પાનાનું ચાલુ

પ્રાંત અધિકારી(દક્ષિણ) શ્રી વિક્રમ ભંડારીએ જણાવ્યું કે, સેંકડો કેમિકલ કંપનીઓ જ્યાં આવેલી છે એ પાંડેસરા GIDC ઔદ્યોગિક વિસ્તારમાં નાના-મોટા હેઝાર્ડસની સંભાવના વધુ રહે છે. જેથી કોઈપણ દુર્ઘટના બને ત્યારે સતર્કતા સાથે પાણી પહેલા પાળ બાંધી શકાય, દુર્ઘટના સમયે ન્યૂનત્તમ નુકસાન, જાનહાનિ થાય તેમજ સુરક્ષા, બચાવ-રેસ્ક્યુના આગોતરા પગલા લઈ શકાય એ માટે મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ઓછા ક્વિક રિસ્પોન્સ ટાઈમમાં બચાવ-રેસ્ક્યુ વર્ક શરૂ થવા પર ભાર મૂકી દરેક કારખાનાઓમાં મેનેજમેન્ટ તેમજ નિરીક્ષકો દ્વારા મોકડ્રીલમાં રહી ગયેલી ક્ષતિઓનું પુનરાવર્તન ન થાય તે માટેની તકેદારી લેવા તેમણે જણાવ્યું હતું.

લોકલ ક્રાઈસીસ ગ્રુપ આયોજિત આ મોકડ્રીલમાં જી.પી.સી.બી.-સુરતના પ્રાદેશિક અધિકારી જિજ્ઞાબેન ઓઝા, ઉધના મામલતદાર આશિષ નાયક, ફેક્ટરી મેનેજર પંકજ ગાંધી, સેફ્ટી હેડ પરેશભાઈ, કલરટેક્ષના ડિરેક્ટરો મહેશભાઈ અને પ્રવિણભાઈ કબુતરવાલા, જિલ્લા ડિઝાસ્ટરના સભ્યો, ઈન્ડસ્ટ્રીયલ સેફટી એન્ડ હેલ્થના અધિકારીઓ, આર.ટી.ઓ, પોલીસ જવાનો, ટ્રાફિક પોલીસ, ફાયર અને ઈમરજન્સી સેવાના સ્થાનિક તંત્રના અધિકારીઓ સહિત લોકલ ક્રાઈસીસ ગ્રુપના અન્ય સભ્યો અને કંપનીના અધિકારી-કર્મચારીઓએ મોકડ્રીલને સફળ બનાવી હતી.

અલથાણ સુગર ફેક્ટરીમાં

પેજ-૨ પાનાનું ચાલુ

આગ કાબુમાં આવી ન હતી. એક વ્યકિતને સામાન્ય ઈજા થતા તત્કાલ એમ્પુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આગ વધુ પ્રસરતા ઓફ સાઈટ ઈમરજન્સી જાહેર કરી મદદ માટે ડિઝાસ્ટર કંટ્રોલરૂમ સુરતને જાણ કરવામાં આવી હતી. જેથી તત્કાલ લોકલ ક્રાઈસીસ ગ્રુપ(કામરેજ-પલસાણા)ના ચેરમેન અને કામરેજના પ્રાંત અધિકારીશ્રી વી.કે.પીપળીયાની સુચના અનુસાર પોલીસ, ફાયરની ટીમ, જીપીસીબીના અધિકારીઓ ઘટના સ્થળે પહોંચીને ઈમરજન્સી કંટ્રોલરૂમ કાર્યરત કર્યો હતો. સૌના સહિયારા પ્રયાસોથી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો હતો. ત્યારબાદ ઘટના સ્થળ પર ઍઝ્મ ની ટીમ દ્વારા ગેસ ડીટેક્ટર વડે એલોઝીવ લીમીટ ચેક કરતા વાતાવરણમાં ઈથેનોલનું પ્રમાણ ન જણાતા ઓલ ક્લીયર આપવામાં આવતા મોકડ્રીલ પુર્ણ જાહેર કરી હતી.

ડુમસ ગામનો

પેજ-૨ પાનાનું ચાલુ

શ્રીનું ધ્યાન દોરતા આવેલ છે. આપશ્રી ને ખાસ ધ્યાન દોરવવા માગું છું કે હાલમાં સુરત જિલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં ડુમસ ગામ વિસ્તારમાં અનેક જમીન કોભાંડો બહાર આવી રહ્યા છે. જે પૈકી એક બાબતમાં કલેકટર કક્ષાના અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવેલ છે અને બીજી બોગસ પ્રપર્ટી કાર્ડ બનાવવા બાબતે સી. આઈ. ડી. ક્રાઈમ દ્વારા ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવેલ છે.

જેના સમાચાર સ્થાનિક સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થયેલ હતા. જેથી સુરત જિલ્લાનાં ચોર્યાસી તાલુકાનાં ડુમસ ગામના મહેસૂલ / રેવન્યુ વિભાગના રેકર્ડ ખૂબ જ મહત્વ પૂર્ણ છે. પરંતુ અમોને શંકા છે કે ભ્રષ્ટાચારીઓને બચાવવ માટે મહેસૂલ / રેવન્યુ રેકર્ડ ગુમ કરવામાં આવી રહેલ છે.

વનિતા વિશ્રામ ખાતે

પેજ-૨ પાનાનું ચાલુ

જોડાવાનો મોકો મળ્યો હતો. પ્રાકૃતિક ખેતી પ્રત્યે લોકોની રૂચિમાં વધારો જોવા મળ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા આ પ્રકારના ઉમદા આયોજનો કરીને ખેડૂતોને સશક્ત બનાવવાના નિરંતર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગાર્ડન સિટી ખાતે

પેજ-૨ પાનાનું ચાલુ

મંદિર તીર્થના પીઠાધીશ મહંત મનમોહનદાસ મહારાજ, ગાર્ડનસીટીના રમેશ સવાણી, નોટીફાઈડ બીજેપી પ્રમુખ જય તેરૈયા , સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ અંકલેશ્વર જીઆઈડીસીના અધ્યક્ષ ચંદુભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિતોના હસ્તે વિવિધ ધાર્મિક પૂજા સાથે ભૂમિપૂજન કરાયું હતું. આ પ્રસંગે મહાપ્રસાદ અને શ્રી સુંદરકાંડ પાઠનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્યામ ભકત મંડળ અને ભક્તો ઉપસ્થિત રહ્યા હતા

સુરત સહિત ગુજરાતભરમાં

છેલ્લા પાનાનું ચાલુ

સંદર્ભે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૨૮ ઓક્ટોબર ૨૦૨૪ના ઉમેરા સાથે પરિપત્ર કરેલ કે જે વિદ્યાર્થી વેકન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવે છે તે આપોઆપ મેનેજમેન્ટ ક્વોટામાં પરિવર્તિત થઈ જશે. આ નિર્ણયને કારણે આદિજાતિ સમાજના ૫૦,૦૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત છે. જે નિર્ણયના પગલે આજે છમ્ફ઼ દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

સુરતમાં પણ છમ્ફ઼ના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ આજે યૂનિવર્સિટીની બહાર એકઠા થયા. ''વિદ્યાર્થી વિરોધી સરકાર હટાવો'', ''શિક્ષણ અમારો અધિકાર છે'', ''જનજાતી શિષ્યવૃત્તિ પાછી લાવો'' જેવા ઉગ્ર સૂત્રોચાર સાથે સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો. માત્ર સૂત્રોચાર જ નહી રસ્તા વચ્ચે બેસીને ચક્કાજામ પણ કર્યું.

શિવપૂજા જીમ

છેલ્લા પાનાનું ચાલુ

આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડ ના અધિકારીઓ અને લાસ્કરો ઘટના સ્થળે ઘસી જઈને આગની બુજાવી નાખી હતી પરંતુ સિક્કિમની બે મહિલાઓ ૩૦ વર્ષની બીનુંહંગમાં લીંબુ અને મનીષા દલાઈ નું ગુંગળામણ ને કારણે કરુણા મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે ઉમરા પોલીસ સ્ટેશનનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.. આગ અને ગુંગળામણ ના કારણોની તપાસ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ના સાયન્ટિફિક ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

મીટરપેટીમાં આગ

છેલ્લા પાનાનું ચાલુ

કતારગામ ફાયર સ્ટેશનના અધિકારીઓ અને જવાનો ફાયર સાધનો લઈને ઘટના સ્થળે મોકલવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવી ઈ બાઈકને લાગેલી આગને બુઝાવી નાંખી હતી. આગને કારણે બાઈક સંપૂર્ણ સળગી ગયું હતું.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 .
Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

ગુરુવાર, તા.૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫
E-mail : pratap_darpan@yahoo.co.in
મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

વોર્ડ નં.૧૮ની પેટા ચૂંટણીં માટે ચૂંટણી તંત્ર તૈયાર

ચાર પક્ષના ઉમેદવારો વચ્ચે ચતુષ્કોણીય જંગ : તા.૧૬મીએ મતદાન યોજાશે

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
સુરત મહાનગરપાલિકા વોડ નંબર-૧૮ લીંબાયત, પરવત, કુંભારીયાની પેટા ચંટણીમાં ચાર રાજકીય પક્ષો વચ્ચેનો ચુતષ્કોણીય જંગ જામ્યો છે. આજે સાંજે ભાજપના ૫ હજાર કાર્યકર્તાઓની પદયાત્રા, કોંગ્રેસની ગ્રુપ મિટીંગો અને આપનો ડોર ટુ ડોર પ્રચારના કારણે ચૂંટણીમાં ભારે ઉત્તેજના જોવા મળી રહી છે. આ વોર્ડમાં કુલ એક લાખ પાંચ હજાર મતદારો છે. અને ૩૪ મતદાન મથકો અને ૪૩ મતદાન બુથ પર ૧૬મી ફેબ્રુઆરીન રોજ મતદાન થવાનું છે. ભારે ચતુષ્કોણીય રાજકીય પક્ષો વચ્ચે ચૂંટણી જીતવા ભારે રસાકસી રહેશે. એવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

જાણવા મળેલી વિગતો અનુસાર વોર્ડ નંબર-૧૮ની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર રામનંદી, આપનો ઉમેદવાર સુરજ આહીર અને ઓવેસીનો પક્ષ એઆઈએમઆઈએસનો ઉમેદવાર તથા બે અપક્ષોના ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. ત્યારે ભાજપના કોર્પોરેટર અને મુખ્ય ચૂંટણી કન્વીનર દિનેશ રાજપુરોહિતે જણાવ્યું હતું કે, ચૂંટણીનો માહોલ અને કાર્યકર્તાઓ તેમજ મતદારોનો ઉત્સાહ જોતા ભાજપના ઉમેદવાર જીતુભાઈ કાછડ જંગી મતોથી જીતશે અને બાકીના તમામ ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થશે જ્યારે કોંગ્રેસના પ્રમુખ ધનસુખ રાજપુત અને પ્રવક્તા કલ્પેશ બારોટે જણાવ્યું હતું કે ભાજપ ઈવીએમ સાથે ચેડા કરી શકે પરંતુ મતદારો સાથે નહીં. મતદારોનો ઝોક કોંગ્રેસ તરફી રહેશે. ૧૬મી ફેબ્રુઆરીના રોજ ૯૩ મતદાન મથકો ઉપર મતદાન થશે અને ૧૮મી ફેબ્રુઆરીના રોજ ગોડાદરા મહર્ષિ આસ્તિક સાર્વજનિક સ્કૂલમાં મતગણતરી હાથ ધરાશે.

પેટા ચૂંટણીમાં કુલ ૧,૦૫૦૦૦ મતદારો છે જેમાં ૪૭૨૬૮ મહિલા તેમજ ૫૮૬૪૩ પુરુષ મતદારોનો સમાવેશ થાય છે. ૧૩૦ મશીન ઈવીએમ મશીનનો ઉપયોગ થશે અને ૬૧૦ પોલીસ સ્ટાફની નિમણૂંક કરવામાં આવી છે.

પેટાચૂંટણી માટે ૧૩૦ ઈવીએમ મશીનનો ઉપયોગ થશે : ઉમેદવારોનું પ્રચારકાર્ય જોશમાં

ફાઉન્ટેન હેડ સ્કૂલના વિદ્યાર્થીઓના સિનસપાટામાં ત્રણ વાલીઓ ભેરવાયા

ત્રણ વાલી વિરૂદ્ધ બીએનએસની કલમ ૧૨૫ અને એમવી એક્ટ ૧૮૦ મુજબ ગુનો દાખલ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
તાજેતરમાં જ ફાઉન્ટેન હેડ સ્કુલના વિદ્યાર્થીઓએ પોતાના ફેરવેલ પ્રોગ્રામ દરમિયાન લક્ઝુરીયસ કારનો કાફલો કાઢી સિનસપાટા કરવાના પ્રકરણમાં પાલ પોલીસે ત્રણ વાલીઓ વિરૂદ્ધ બીએનએસની કલમ ૧૨૫ મુજબ તેમજ એમ.વી.એક્ટ ૧૮૦ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

ઓલપાડના કુંકણીગામ નજીક આવેલી ફાઉન્ટેન હેડ સ્કુલના ધો.૧૨ના વિદ્યાર્થીઓએ પોતાનો વિદાય સમારંભ સ્ટાઈલ અંદાઝમાં બનાવવા આયોજન કર્યું હતું. પરંતુ વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ પોલીસની કાર્યવાહીમાં ફેરવાયો હતો. વિદ્યાર્થીઓએ ટ્રાફિક નિયમોનુ ભંગ કરી પાલ પાટીયાથી ગૌરવપથ રોડથી ફાઉન્ટેન હેડ સ્કુલ વચ્ચે ૩૦થી વધુ કાર સાથે કાફ્લો કાઢી સિનસપાટા કર્યા હતા. આ વિડીયો સોશિયલ મિડીયામાં ફરતો થયો હતો. ટ્રાફિક એસીપી અમિતા વાનાણીના આદેશથી પાલ પોલીસે તપાસ શરૂ કરી હતી. પોલીસ તપાસમાં ૨૦થી વધુ કાર કબજે કરવામાં આવી હતી. જ્યારે આ કાફ્લામાં કેટલાંક વિદ્યાર્થીઓ એવા પણ હતા કે જેઓ મોટર લાયસન્સ ધરાવતા ન હોવા છતા તેમના વાલીઓએ તેમને કાર ચલાવવા માટે આપી હતી. પાલ પોલીસે આવા વિદ્યાર્થીઓના વાલી સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પાલ પોલીસ તપાસમાં વાલી અમીત અર્જુન અગ્રવાલ(રહે.રત્ન વિરાટ એપાર્ટ.ન્યુ સીટીલાઈટ રોડ)એ પોતાના દિકરા બીએમડબલ્યુ, જીગ્નેશ યોગેશ દલાલ(રહે.અવધ લીક સીટી બાબેન,બારડોલી)એ ફોર્ચ્યુનર કાર અને અજય દામોદર ભટ્ટર(રહે.રઘુવીર બંગલો ભગવતી આશિષ સીટીલાઈટ રોડ)એ ઓડી ફોર વ્હીલ કાર ચલાવવા આપી હતી. પોલીસે આ ત્રણેય વાલી સામે બીજાઓની જીંદગી જોખમમાં મુકે તેવુ કૃત્ય કરવા બદલ બીએનએસની કલમ ૧૨૫ મુજબ તેમજ એમ.વી.એક્ટ ૧૮૦ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

સુરતમાં પણ એબીવીપીના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ આજે યૂનિવર્સિટીની બહાર એકઠા થયા હતા. "વિદ્યાર્થી વિરોધી સરકાર હટાવો", "શિક્ષણ અમારો અધિકાર છે", "જનજાતી શિષ્યવૃત્તિ પાછી લાવો" જેવા ઉગ્ર સૂત્રોચાર સાથે સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો હતો તેમજ રસ્તા વચ્ચે બેસીને ચક્કાજામ કરતા પોલીસે કાર્યકર્તાઓની ટિંગાટોળી કરી અટકાયત કરી હતી. (તસવીર : હનીફ મલેક)

લાંબા સમય બાદ ઈન્કમટેક્સ વિભાગનાં સાગમટે દરોડાથી ખળભળાટ

વલસાડમાં આવેકવેરા વિભાગનું સૌથી મોટું ઓપરેશન બિલ્ડર્સ, આર્કિટેક્ટ, વકીલ સહિતના ધંધાર્થીઓને ત્યાં સર્ચ

૧૬ ટીમોની અલગ-અલગ ધંધાર્થીઓને ત્યાં સર્ચમાં મોટાપાયે કરચોરી મળવાની સંભાવના

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
લાંબા સમય બાદ ઈન્કમટેક્સ વિભાગે વલસાડમાં દરોડા પાડતા ખળભળાટ મચી ગયો છે. વલસાડમાં આવક વેરા વિભાગનું સૌથી મોટું ઓપરેશન હાથ ધરાયું હોવાનું જાણવા મળ્યું છે. આવક વેરા વિભાગ દ્વારા અલગ- અલગ ધંધાર્થીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. એક સાથે આવક વેરા વિભાગની ૧૬ ટીમો અલગ-અલગ ધંધાર્થીઓને ત્યાં સર્ચ ની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લામાં નાના મોટા તમામ વેપારીઓના બિનહિસાબી નાણાકીય વ્યવહારની તપાસ કરવામાં આવશે.

આવક વેરા વિભાગની વલસાડ જિલ્લામાં આ સૌથી મોટી રેડ માનવામાં આવે છે. ઈન્કમટેક્સ વિભાગની ઈન્વેસ્ટિગેશન વિંગની ટીમો દ્વારા બિલ્ડર્સ, આર્કિટેક્ટ અને વકીલ સહિતના તમામને ત્યાં તપાસ હાથ ધરાઈ છે. થોડા સમય પહેલા જ એક ઝવેરીના અલગ-અલગ શો રૂમ પરૈંની ટીમે દરોડા પાડતા અન્ય જ્વેલર્સમાં ફફડાટ જોવા મળ્યો હતો.

માર્ચ મહિનો આવતા જ આવક વેરા વિભાગ વધુ સક્રિય બની દરોડાની કાર્યવાહી હાથ ધરે છે. ઈન્કમટેક્સ વિભાગ દ્વારા હાલમાં રાજ્યમાં જુદા-જુદા સ્થાનો પર દરોડા હાથ ધરાયા છે. મોટા શહેરોમાં મોટા વેપારીઓ, ઝવેરીઓ અને ખાસ કરીને બિલ્ડર્સને ત્યાં દરોડા પાડી મોટા બેનામી વ્યવહારો અને રોકડ જપ્ત કરે છે.હાલમા વિભાગ દ્વારા મીઠા કારોબારના જાણીતા દેવ ગ્રુપ પર દરોડા પાડવામાં આવ્યા. દેવ ગ્રુપના અમદાવાદ, જામનગર, મોરબી અને માળિયા સહિતના કુલ ૨૦ સ્થળો પર દરોડા પાડી શંકાસ્પદ હિસાબી દસ્તાવેજ કબ્જે કરાયા હતા

વલસાડમાં આવકવેરા વિભાગનું આ સૌથી મોટું ઓપરેશન માનવામાં આવી રહ્યું છે ત્યારે ભારતના ઈતિહાસમાં ઓડિશામાં દારુ બનાવતી કંપની પરૈંની સૌથી મોટી રેડ પાડવામાં આવી હતી. જે ૧૦ દિવસ સુધી ચાલી હતી

સુરત સહિત ગુજરાતભરમાં સ્કોલરશીપના મુદ્દે એબીવીબીએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું

વીર નર્મદ યુનિવર્સિટી પાસે ચક્કાજામ કરતા વિદ્યાર્થીઓની અટકાયત

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાના નિર્ણય અને લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પુનઃ ચાલુ કરવાની માગ સાથે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રાજકોટ, સુરત, વડોદરા સહિત અનેક જગ્યાએ છમ્ફ દ્વારા જીઝ-જીના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ન મળતા વિરોધ નોંધવવામાં આવી રહ્યો છે. ભાજપની વિદ્યાર્થી પાંખ દ્વારા રોડ-રસ્તા ચક્કાજામ કરી, પૂંતળું બાળી, સુત્રોચ્ચાર કરી સરકારનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓને વિરોધ નોંધાવતા અટકાવતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. થોડા સમય પહેલા કેન્દ્ર સરકાર દ્વારા પરિપત્ર કરવામાં આવેલો કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં જે ઉમેદવાર મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવશે તેને શિષ્યવૃત્તિ મળવા પાત્ર રહેશે નહી. આ જ

અનુસંધાન પાના ૭ પર

શિવપૂજા જીમ અગ્નિકાંડમાં અનીલ રૂંગટા, મનપાના ફાયર ઓફિસરો સાક્ષી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
સુરત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ પૂજા કોમ્પલેક્ષમાં ૬ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલકની સાપરાધ મનુષ્યવધના એટલે કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ , ૧૧૦ મુજબ નો ગુનો નોંધ્યો હતો. આ ગંભીર ગુના ની તપાસ કરનાર એસીપી વિજય મલ્હોત્રાએ ગત દિવસો માં ત્રણ આરોપીઓ સામે ૭૨૨ પાનાની ચાર્જસીટ એટલે કે તહોમતનામું કોર્ટમાં રજૂ કર્યું હતું. આ કેસમાં સુરત શહેરના વિશ્વ હિન્દુ પરિષદના અધ્યક્ષ અનીલ રૂગટા ને પણ ૬૦ મક્રમે, આર્કિટેક હરેશ મહાદેવ વાળા ને ૬૮ માં ક્રમે, ૬૩ માં ક્રમે ભુપેન્દ્રભાઈ ઉર્ફે ભુપત છગનલાલ પોપટ, ચીફ ફાયર ઓફિસર બસંત પરીક, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર ઈશ્વરભાઈ પટેલ, ડીવીજનલ ફાયર ઓફિસર હરીશ ગઢવી, વિદ્યુત એન્જિનિયર, સહિત ને સાક્ષી બનાવવામાં આવ્યા છે. હવે તેઓએ કોર્ટની સુનાવણી દરમિયાન સરકાર બોલાવશે તો તેઓએ પણ તેઓએ પણ કોર્ટમાં જુબાની આપવા માટે હાજર થવું પડશે હાજર થવું પડશે. એવું બચાવ પક્ષના એડવોકેટ વિનય શુક્લા અને એડવોકેટ ઝફર બેલાવાલા એ જણાવ્યું હતું. આ કેસની વિગતો એવી છે કે, સીટી લાઈટ , પેન્ટાલુમ ની બાજુમાં આવેલ શિવ પૂજા કોમ્પ્લેક્સ માં અમૃતિયા સ્પા એન્ડ સલુન આવેલું છે. ૬ નવેમ્બર ૨૦૨૪ ના રોજ સાંજના સુમારે સ્પા એન્ડ સલૂન માં કોઈક કારણોસર આગ લાગી હતી.

અનુસંધાન પાના ૭ પર

ચીફ ફાયર ઓફિસર બસંત પરીક, ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર, ડિવિઝનલ ફાયર ઓફિસર, વિદ્યુત શાખાના ઈજનેરે પણ જુબાની આપવા કોર્ટમાં હાજર રહેવું પડશે

मेरा परिवार मेरी जिम्मेदारी
वाहन
अपना कीमती
बचाएं

સુરત ટ્રાફિખ પોલીસ દ્વારા ટુ વ્હીલર વાહન ચાલકોની સુરક્ષા માટે હેલ્મેટ વગરના દ્વી ચક્રીય વાહન ચાલકોને દંડ ફટકારવાની કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. પોલીસના સીસી કેમેરા ઉપરાંત ટ્રાફિક પોઈન્ટ પર હેલ્મેટ વગરના લોકો પાસેથી દંડની વસૂલાત શરૂ કરવા પૂર્વે સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ પહેરવા સંદર્ભે લોકોમાં લોક જાગૃતિ કેળવવામાં આવી હતી.

પુણા ગામમાં લૂંટ વિથ બળાત્કારના મેસેજથી પોલીસ કાફલો દોડતો થયો

એક મહિલાના ઘરમાં ઘુસી યુવકે મહિલા સાથે દુષ્કર્મ કરી રૂા.૨૫ હજારની લૂંટ કરી હોવાની ઘટનાની ખરાઈ કરતી પોલીસ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
પુણાગામ ખાતે એક મહિલા સાથે દુષ્કર્મની ઘટના બની હોવાની વિગતો જાણવા મળી છે. દુષ્કર્મ બાદ ઘરમાંથી ૨૫ હજારની લુંટ પણ થઈ હોવાની વિગતો સાંપડી છે. જયારે સ્થાનિક તેમજ ઉચ્ચ પોલીસ આ મામલાની ખરાઈ કરી રહી છે. હાલ બપોર સુધી ફરિયાદ નોંધાઈ નથી.

સુરત શહેરમાં આજે એક દુષ્કર્મની ઘટના બની હોવાની વાત ફેલાતા ચકચાર મચી જવા પામી હતી. સોશિયલ મિડીયાના માધ્યમથી હાલ એવી વિગતો જાણવા મળી છે કે, પુણાગામ વિસ્તારમાં રહેતી એક મહિલાના ઘરમાં એક યુવક ધસી આવ્યો હતો અને આ યુવ?કે મહિલા સાથે દુષ્કર્મ આચર્યું હોવાની પણ ચર્ચા છે. સાથે સાથે રૂ.૨૫ હજારની લૂંટ પણ કરી છે તેવી પણ વાતો ચાલી રહી છે. પુણા પોલીસે હાલ આ ઘટના સાચી છે કે ખોટી તે અંગે ખરાઈ કરી રહી છે. અત્યારે લખાય છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ પણ લેવાઈ નથી. બીજી તરફ પોલીસને ઘટનામાં શંકા પણ સેવાઈ રહી છે.

મીટર પેટીમાં આગ લાગતાં ઈ બાઈક સળગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
કતારગામ ગજેરા સર્કલ પાસે આવેલ એક બિલ્ડીંગની મીટર પેટીમાં આગ લાગી હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ ગજેરા સર્કલ, બીઆરટીએસ બસ સ્ટેન્ડની સામે આવેલ એક બિલ્ડીંગના પાર્કિંગમાં મુકેલી ઈલેક્ટ્રીક મીટર પેટીમાં કોઈક કારણોસર આગ લાગી હતી. આગની જ્વાળાો બાજુમાં પડેલી ઈલેક્ટ્રીક ટુ વ્હીલ બાઈકને લાગતા બાઈક પણ સળગી ઉઠ્યું હતું. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા

અનુસંધાન પાના ૭ પર

રિટર્ન થયેલો માલ બારોબાર વેચી મારી વિશ્વાસઘાત કર્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
પુણાગામના રાજ ટેક્ષ્ટાઈલ ની જય ગોપાલ લોજિસ્ટિક નો રિટર્ન થયેલો માલ ટેમ્પા ચાલક સહિતના સાદ જણાં એ બારોબાર વેચી મારી રૂપિયા ૧૫,૮૪,૫૬૯ ની ઠગાઈ કરી હતી. આરોપીઓ છેલ્લા ત્રણ મહિનામાં આ રિટર્ન માલ બારોબાર વેચી માર્યો હતો. પુણા પોલીસનાં જણાવ્યા મુજબ જય ગોપાલ લોજિસ્ટિકના કૃષ્ણકાંત જર બંધન યાદવે આરોપી આદર્શ સંતોષી સિંધ, દિપાશું ઉર્ફે શિવમ, બંટી મુન્ના યાદવ, સાહિલ ઉર્ફે અનુરાગ, રાજકમળસિંગ, ટેમ્પાચાલક ગણેશ રામદાસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી ઓફિસનો હિસાબ તપાસતા છેલ્લા ત્રણ મહિના દરમિયાન આરોપીઓએ રિટર્ન થયેલો માલ બારોબાર વેચી મારી રુપિયા ૧૫,૮૪,૫૬૯ની છેતરપીડી કરી હતી. પુણા પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી હતી.

ત્રણ કિશોરી ઉપર બળાત્કાર ગુજારનાર આરોપીની જામીન અરજી ફગાવાઈ

સરકારી વકીલ ચોડવડીયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
જહાંગીરપુરા ખાતે ઘર નજીક રહેતી ત્રણ સગીર છોકરીઓને પોતાના ઘરે લઈ જઈ પૈસાની લાલચ આપી દુષ્કર્મ આચરી એક ૧૩ વર્ષીય કિશોરીને ગર્ભવતી બનાવી દેવાના ચકચારીત પ્રકરણમાં કોર્ટે નરાધમના જામીન રદ કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે જહાંગીરપુરા ખાતે રહેતો અને મૂળ બિહાર મોતીહારીના સુદાસાની ગામનો વતની ૩૯ વર્ષીય નરાધમ સામે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી કે ૪ સંતાનોના પિતા એવા આ આરોપીએ પોતાની જાતીય વિકૃતિને સંતોષવા માટે, ત્રણ પીડિત સગીર છોકરીઓને

પોતાના ઘરે બોલાવી અને પૈસાની લાલચ આપીને તેમજ મોબાઈલ ફોનમાં અશ્લીલ વીડિયો દેખાડી તેમની સાથે અકુદરતી કૃત્ય કર્યું હતું. જેમાંથી ૧૩ વર્ષીય કિશોરીને તો બે માસનો ગર્ભ રહી ગયો હતો. આ અંગે પરિવારને જાણ થતાં પરિવારે આ નરાધમ સામે જહાંગીરપુરા પોલીસે સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ કેસમાં આરોપીએ જામીન અરજી કરી હતી. સરકારી વકીલ એન.એમ.ચોડવડીયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા હતા.

સીમાડા વનમાળી જંકશન ટ્રાફિક સિગ્નલ સાથે ગાડી અથડાવી પોલ તોડી નાંખ્યો

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૩
સાતેક દિવસ પહેલા સીમાડા વનમાળી જંકશન પાસે ટ્રાફિક સિગ્નલના તોડી નાખી રૂપિયા ૧૩૫૦૪૫ નુંનુકસાન કરનાર બોલેરો ગાડી ચાલકની વિરુધ્ધ સારોલી પોલીસ સ્ટેશને ગુનો નોંધાયો હતો સારોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ગજ તારીખ ૭-૩-૨૦૩૫ના રોજ બોલેરો ગાડી નં. ય્ત્ન-૧૯-રૂ-૮૮૯૮ના ચાલક તોલસીગ જોતસીગ સિસોદિયા (ગોડાદરા) નાએ ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી સીમાડા વનમાળી જંકશનનાં ટાફિક પોલ સાથે ધડાકાભેર અથડાવી પોલ ચોડી નાંખ્યો હતો. જેને કારણે રુપિયા ૧,૩૫,૦૪ નું નુકસાન થયું હતું પોલીસે સીસીટીવી ફૂટેજ ના આધારે ગાડી ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી.